અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૮ એપ્રિલ ૨૦૨૪, સોમવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ફાગણ વદ અમાસ | અંક : ૨૪૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ચૂંટણી વ્યૂહનીતિકાર પ્રશાંત કિશોરે દાવો કર્યો

# સત્તાધારી ભાજપને દક્ષિણ અને પૂર્વ ભારતમાં જબરદસ્ત ફાયદો થશે

### પશ્ચિમ બંગાળણાં ભાજપ નંબર એક પાર્ટી બનવા જઈ રહી છે : તમિલનાડુમાં ભાજપના વોટ શેર બે અંકમાં પહોંચી શકે છે : પ્રશાંત કિશોરે કરેલો દાવો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

આગામી સમયમાં યોજાનાર લોકસભા ચૂંટણીની તૈયારીઓ વચ્ચે જ્યાં વિપક્ષ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર પર પ્રહાર કરી રહ્યા છે. ભાજપે આ ચૂંટણીમાં ૪૦૦ બેઠક જીતવાનું લક્ષ્ય રાખ્યું છે. જેને લઈને પાર્ટીની નજર દક્ષિણ રાજ્યના વોટબેંક પર છે. આ વચ્ચે ચૂંટણી વ્યૂહનીતિકાર પ્રશાંત કિશોરે દાવો કર્યો છે કે સત્તાધારી ભાજપ ને દક્ષિણ અને પૂર્વ ભારતમાં જબરદસ્ત ફાયદો થવાનો છે. આ વિસ્તારોમાં ભાજપના વોટબેંકમાં વધારો થશે. રિપોર્ટ મુજબ, પ્રશાંત કિશોરે કહ્યું કે, 'વિપક્ષની પાસે ભાજપના રથને રોકવાના ઘણાં અવસર હતા, પરંતુ તેમણે ખોટા નિર્ણયના કારણે અવસરો ગુમાવી દીધા. ભાજપ તેલંગાણામાં



અથવા તો પહેલી કે બીજી મોટી પાર્ટી બનીને ઉભરશે, જે એક મોટી વાત છે. તે (ભાજપ) ઓડિશામાં સૌથી વધુ બેઠક જીતશે. પશ્ચિમ બંગાળણાં ભાજપ નંબર એક પાર્ટી બનવા જઈ રહી છે. તમિલનાડુમાં ભાજપના વોટ શેર બે અંકમાં પહોંચી શકે છે. તેલંગાણા, ઓડિશા, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, આંધ્ર પ્રદેશ, બિહાર અને કેરળની કુલ લોકસભા બેઠક ૨૦૪ છે, પરંતુ ભાજપ આ વિસ્તારોમાં ૫૦ બેઠક પણ નથી જીતી શક્યું. વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપને આ વિસ્તારોમાં ૨૯ બેઠકો મળી હતી તો ૨૦૧૯માં ૪૭ બેઠકો પર જીત મળી હતી. આ ચૂંટણીમાં ભાજપ ૩૭૦ બેઠકો જીતે તેવી સંભાવના નથી, ચૂંટણી માટે માત્ર એક લક્ષ્ય નક્કી કરાયું છે.

આંધ્ર પ્રદેશમાં લોકસભા ચૂંટણીની સાથે વિધાનસભા ચૂંટણી પણ થવાની છે. આ અંગે પ્રશાંત કિશોરે કહ્યું કે, 'જગન મોહન રેડ્ડી માટે વાપસી કરવી મુશ્કેલ હશે. તેમણે યુવાનોને નોકરી આપવા અથવા રાજ્યના રૂંધાયેલા વિકાસને વધારવા માટે કંઈ ન કર્યું. પ્રશાંત કિશોરે વર્ષ ૨૦૧૯માં જગન મોહન રેડ્ડી માટે કામ કર્યું હતું, તે સમયે તેમની વાયએસઆરસીને તેલુગુ દેશમ પાર્ટી (TDP)ને હરાવી દીધા હતા, જે હવે ભાજપની સહયોગી છે.' ભાજપ ગત કેટલાક વર્ષોથી દક્ષિણ અને પૂર્વ ભારતમાં આગળ વધી રહી છે. વડાપ્રધાન મોદી અને ગૃહમંત્રી અમિત શાહ સાથે પાર્ટીના દિગ્ગજ નેતા સતત આ રાજ્યોનો પ્રવાસ કરી રહ્યા છે. બીજી તરફ રાજ્યોમાં વિપક્ષનો કોઈ મોટો ચહેરો નજરે નથી આવ્યો. ગત પાંચ વર્ષમાં વડાપ્રધાન મોદીએ તમિલનાડુમાં રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અથવા વિપક્ષી નેતાઓની સરખામણીએ વધુ મુલાકાત લીધી છે. પ્રશાંત કિશોરે કહ્યું કે, રાહુલ ગાંધી ગત ૧૦ વર્ષથી પાર્ટી માટે પરિણામ લાવવામાં અસમર્થ સાબિત થયા છે. તેમ છતા ન તો બીજાને મોકો આપી રહ્યા છે અને ન તો ખુદ હટી રહ્યા છે.

## ન્યૂઝ બ્રિફ

### ગીરમાં આવેલું કનકાઈ મંદિરમાં બનાવાશે ખાસ મતદાન મથક

। (એજન્સી) જૂનાગઢ ।

લોકશાહીના પર્વ એટલે કે ચૂંટણીને લઈ દેશભરમાં તડામાર તૈયારીઓ કરાઈ રહી છે. ત્યારે જૂનાગઢમાં પણ વર્ષોથી એક ખાસ મતદાન મથક ઉભું કરવામાં આવે છે. જ્યાં ન તો મોબાઈલ સિગ્નલ મળે છે, કે ન કોઈ વાહનની સુવિધા છે. ગીર જંગલની મધ્યમાં કનકાઈ માતાજીના મંદિરે આ મતદાન મથક ઉભું કરવામાં આવે છે. જ્યાં આસપાસના ૭ નેસના ૨૦૦થી પણ વધુ મતદારો પોતાના કિંમતી મતાધિકારનો ઉપયોગ કરે છે. ચૂંટણી પંચના નિયમ મુજબ આ મતદાન મથક ઉપર તમામ સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાય છે. નેસમાં વસતા માલધારીઓ લોકશાહીના પર્વમાં સહભાગી બને તે માટે પોલિંગ સ્ટાફ મતદાન પૂર્ણ ન થાય ત્યાં સુધી ખડેપગે રહે છે. મધ્ય ગીરમાં આવેલ કનકાઈ માતાજીનું મંદિર આસ્થાનું કેન્દ્ર છે.

### ખાનગી ટ્રાવેલ્સ બસમાંથી ઝડપાઇ રોકડ અને ચાંદી

। (એજન્સી) ઈન્દોર, તા.૭ ।

દેશમાં અવારનવાર બિનવારસી હાલતમાં કેટલીક વસ્તુઓનો જથ્થો ઝડપાતો હોય છે. ત્યારે આવી જ ઘટની ફરી એક વાર સામે આવી છે. ખાનગી ટ્રાવેલ્સ બસમાં બિનવારસી હાલતમાં રોકડ અને ચાંદી ઝડપાઈ છે. ઈન્દોરથી ગુજરાત આવતી બસમાં તપાસ સમયે ચાંદી અને રોકડ મળી આવી હતી. મધ્યપ્રદેશની પીટોલ બોર્ડર પર પોલીસ અને SITએ સઘન ચેકિંગની કાર્યવાહી હાથ ધરી હતી . ગુજરાત અને મધ્યપ્રદેશને બોર્ડર પર મધ્ય પ્રદેશની પોલીસે ચેકિંગ હાથ ધર્યુ હતુ તે સમયે રોકડ અને ચાંદી ઝડપાઈ હતી, જેનું મુલ્ય લગભગ ૧ કરોડથી વધુ છે. બીજી તરફ લોકસભાની ચૂંટણીના પગલે આંતરરાજ્ય બોર્ડર પર પોલીસ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યુ છે.

## હિમાચલ ચૂંટણીમાં મંડી બેઠક પર કોંગ્રેસ ચાલ રમી શકે

# કંગના સામે કોંગ્રેસ વિક્રમાદિત્ય સિંહને ચૂંટણી મેદાને ઉતારી શકે

### સર્વેમાં એવી હકીકત સામે આવી છે કે યુવા મતદારોની વચ્ચે વિક્રમાદિત્ય સિંહ જ કંગનાને ટક્કર આપી શકે છે

। શિમલા, તા.૭ ।

હિમાચલ લોકસભા ચૂંટણીમાં મંડી બેઠક પર કોંગ્રેસ મોટી ચાલ રમી શકે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે અભિનેત્રી કંગના રણૌત સામે કોંગ્રેસ વિક્રમાદિત્ય સિંહને ચૂંટણી મેદાને ઉતારી શકે છે. કોંગ્રેસ ઈચ્છે કે, મંડીના વર્તમાન સાંસદ પ્રતિભાસિંહને ફરી ચૂંટણી લડે, પરંતુ મંડી બેઠક પરના સર્વેમાં વિક્રમાદિત્ય સિંહના આંકડા મજબૂત જોવા મળ્યા છે. સર્વેમાં એવી હકીકત સામે આવી છે કે યુવા મતદારોની વચ્ચે વિક્રમાદિત્ય સિંહ જ કંગનાને ટક્કર આપી શકે એમ છે. સુખુ સરકારની સ્થિરતા પર સંકટને કારણે કોંગ્રેસ મૂંઝવણમાં હતી, પરંતુ એ પછી નક્કી કરવામાં આવ્યું કે, કંગનાની સામે પ્રતિભા સિંહના પુત્ર અને સુખુ સરકારમાં મંત્રી વિક્રમાદિત્ય સિંહ ચૂંટણી લડશે. તેમજ જો વિક્રમાદિત્ય સિંહ ચૂંટણી જીતી ગયા તો પ્રતિભા સિંહ તેમની બેઠક પરથી વિધાનસભા




ચૂંટણી લડશે. વર્ષ ૨૦૧૪ અને વર્ષ ૨૦૧૯માં ભાજપના ઉમેદવાર પંડિત રામસ્વરૂપ શર્મા અહીંથી જીત્યા હતા. વર્ષ ૨૦૧૪માં પ્રતિભા સિંહ રામસ્વરૂપ શર્મા સામે ચૂંટણી હારી ગયા હતા. એ પછી ૨૦૧૯ની ચૂંટણી પ્રતિભા સિંહે અહીંથી લડ્યા નહોતા. તેમની જગ્યાએ કોંગ્રેસે પંડિત સુખરામના પૌત્ર આશ્રય શર્માને ટિકિટ આપી હતી, પરંતુ તેઓ પણ આ બેઠક પર જીતી શક્યા ન હતા. ત્યાર બાદ પંડિત રામસ્વરૂપ શર્માના અવસાન બાદ અહીં પેટાચૂંટણી યોજાવામાં આવી હતી. અને પેટાચૂંટણીમાં પ્રતિભા સિંહનો વિજય થયો હતો. પ્રતિભા સિંહની જીત થતાં તત્કાલીન ભાજપ સરકારની એન્ટી ઈક્મ્બન્સી સિવાય વીરભદ્ર સિંહના નિધનની ભાવનાત્મક લહેર પણ ઊભી થઈ હતી.

## ફિલ્મ સ્ટાર કમલ હાસને તમિલનાડુમાં એક રેલીમાં કહ્યું

# તમિલનાડુના દ્રવિડ મોડલને અનુસરો, ગુજરાત મોડેલને નહીં

। (એજન્સી) ચેન્નઈ, તા.૭ ।

ફિલ્મ સ્ટાર કમલ હાસને તમિલનાડુમાં એક રેલીમાં ગુજરાત મોડેલ સામે સવાલ ઉઠાવ્યા હતા. કમલ હાસને કહ્યું કે ગુજરાત મોડેલ મહાન નથી, તેની જગ્યાએ દ્રવિડિયન મોડેલને અનુસરવાની જરૂર છે. તમિલનાડુમાં આ વખતે ચૂંટણીમાં રસપ્રદ હરીફાઈ જોવા મળે તેવી શક્યતા છે. અહી ડીએમકે સાથે ગઠબંધન કરનાર પાર્ટીઓ ચૂંટણી લડી રહી છે. ભાજપ સાથે અનેક પ ક્ષો પણ આવ્યા છે. ત્રીજો મોરચો AIADMKનો છે. મક્કલ નીધી મયમ (MNM)ના વડા કમલ હાસન ડીએમકેના સમર્થનમાં છે. તેઓ રેલીઓ પણ કરી



રહ્યા છે. ફિલ્મ અભિનેતા અને મક્કલ નિધિ મયમ (MNM)ના સ્થાપક કમલ હાસને ચેન્નાઈમાં એક વિશાળ રેલીને સંબોધી હતી. તેમણે કહ્યું કે દેશે ગુજરાત મોડેલને નહીં પણ તમિલનાડુના દ્રવિડ મોડલને અનુસરવું જોઈએ. તેમણે કહ્યું, 'કલ્પના કરો કે દેશભરની મહિલાઓ બસમાં મફતમાં મુસાફરી કરી શકે અને દર મહિને ૧,૦૦૦ રૂપિયા મેળવી શકે તો કેટલું સારું થાય.' કમલ હાસને ડીએમકેના ચેન્નાઈ દક્ષિણના ઉમેદવાર થમિઝાચી થંગાપાંડિયનના સમર્થનમાં માયલાપોરના આંબેડકર પાલમ ખાતે એક સભાને સંબોધી હતી.

# ઓડિશા ભાજપના કદાવર મહિલા નેતાએ પક્ષમાંથી રાજીનામું આપ્યું

। (એજન્સી) ભુવનેશ્વર, તા.૭ ।

લોકસભા ચૂંટણી માટે મતદાનની તારીખ જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ નેતાઓ અને કાર્યકરોની પક્ષપલટો કરવાની ઘટનાઓ પણ વધતી જઈ રહી છે. હવે ભાજપને એક જોરદાર ઝટકો લાગ્યો છે. લોકસભા અને વિધાનસભા ચૂંટણી પહેલાં જ ઓડિશા ભાજપના ઉપાધ્યક્ષ અને કદાવર મહિલા નેતા લેખાશ્રી સામંતસિંઘરે પક્ષમાંથી રાજીનામું આપી દીધું છે. લેખાશ્રીએ કહ્યું કે તેઓ બીજુ જનતા દળ (બીજેડી) માં જોડાઈ રહ્યા છે. લેખાશ્રી ભૃગુ બક્સીપાત્રા બાદ ભાજપના એવા બીજા મોટા છે જેમણે ચૂંટણીથી થોડાક જ અઠવાડિયા પહેલા પક્ષ છોડી દીધો છે અને બીજેડીમાં જોડાવાનો નિર્ણય કર્યો છે. ઓડિશા ભાજપ અધ્યક્ષ મનમોહન સામલને પત્ર લખી રાજીનામું આપવાનું કારણ જણાવતાં લેખાશ્રીએ કહ્યું કે હું નેતૃત્વનો વિશ્વાસ જીતવામાં નિષ્ફળ રહી. એટલા માટે હું ભાજપ છોડવાનો નિર્ણય કરી રહી છું. મેં છેલ્લાં દસ વર્ષોમાં ભાજપ માટે લોહી પરસેવો વહાવ્યો છે. જોકે ઈમાનદારી અને તનતોડ મહેનત કરવા છતાં હું નેતૃત્વનો વિશ્વાસ ન જીતી શકી એટલા માટે મને લાગે છે કે મારી પાસે હવે કંઇ રહી ગયું નથી. હવે તેમને બીજેડી દ્વારા બાલાસોરની ટિકિટ મળી શકે છે.




## વરાછા ખાતે ઉમિયા પરિવાર ટ્રસ્ટ દ્વારા સ્વાગત સંમેલન

# એવું લાગે છે કે મીની ભારતમાં હું ભાષણ કરું છું : રૂપાલા

। (એજન્સી) સુરત, તા.૭ ।

સુરત આવેલા પુરુષોત્તમ રૂપાલામાં સ્વાગતમાં વરાછા ખાતે ઉમિયા પરિવાર ટ્રસ્ટ દ્વારા સ્વાગત સંમેલન યોજવામાં આવ્યો હતો. જેમાં અલગ અલગ સમાજના લોકો દ્વારા રૂપાલાનું પુષ્પગુચ્છ અને શોલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રૂપાલાએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, સુરતના કારણે દેશભરમાં રાજ્યની આબરૂ વધી છે. લોકશાહીના પર્વમાં સહભાગી બનવા દેશભરના લોકો થનગણી રહ્યા છે. પહેલાં ચૂંટણી આ સમય હું અહીં ભાષણ કરવા આવતો હતો, ત્યારે લાગતું હતું કે મીની સૌરાષ્ટ્રમાં ભાષણ કરવા આવ્યો છું. પરંતુ આજે લાગી રહ્યું છે કે હું મીની ભારતમાં આવી ભાષણ કરી રહ્યો છું. ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર ભાજપને મત આપી વિજયી બનાવવા માટેની અપીલ પણ કરી હતી. સુરત આવેલા રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પુરસોત્તમ રૂપાલાના સ્વાગતમાં સુરત ઉમિયા પરિવાર ટ્રસ્ટ દ્વારા વરાછા સ્થિત સભા હોલ ખાતે સ્વાગત સંમેલન કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં અલગ અલગ સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. રાજકોટના અલગ અલગ ગામડાના અગ્રણીઓ દ્વારા રૂપાલાનું પુષ્પગુછ અને શોલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું હતું.



# ઉંઝામાંથી નકલી જીરું બનાવતી ચાર ફેક્ટરી ઝડપાઇ

## મક્તુપુર ગામોમાં જીરૂ અને વરિયાળીનું ક્લીનીંગ-શોર્ટીંગ કરતી ફેક્ટરીઓ અને તેના ગોડાઉનમાં ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી

। (એજન્સી) મહેસાણા, તા.૭ ।

રાજ્યના નાગરિકોની જીવનજરૂરી ખાદ્ય ચીજવસ્તુઓ શુદ્ધ અને ગુણવત્તાયુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત કટીબદ્ધ છે. રાજ્યમાં ખાદ્યચીજોના નમુનાનું પરીક્ષણ કરી ભેળસેળ કરતાં તત્વો સામે વખતો વખત કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે છે. તાજેતરમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, મુખ્ય મથક, ગાંધીનગર અને ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, મહેસાણા વર્તુળ કચેરીની સંયુક્ત ટીમો દ્વારા ઊંઝા તાલુકામાં તા. ૦૪/૦૪/૨૦૨૪ ના રોજ ઉનાવા, ઐઠોર અને મક્તુપુર ગામોમાં જીરૂ અને વરિયાળીનું ક્લીનીંગ-શોર્ટીંગ કરતી વિવિધ ફેક્ટરીઓ અને તેના ગોડાઉન માં ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમ્યાન સૌપ્રથમ, ઊંઝા તાલુકાના ઐઠોર ગામે જીરૂ અને વરિયાળી નું ક્લીનીંગ – શોર્ટીંગ કરનાર "મે.પટેલ પ્રકાશભાઈ શિવરામભાઈનું ગોડાઉન, ૨૮-૨૯, સિધ્ધી વિનાયક એસ્ટેટ, મુ. ઐઠોર, તા. ઉંઝા, જિ. મહેસાણા" ખાતે તપાસ દરમિયાન પેઢીમાં હાજર વ્યક્તિ પટેલ પ્રકાશભાઈ શિવરામભાઈ દ્વારા તેઓ પોતે પેઢીના જાતે માલિક હોવાનું જણાવતાં, તેઓની હાજરીમાં ઝીણવટ ભરી તપાસ કરતાં, પેઢીમાં જોવા મળેલ મિક્સ પાવડર, ગોળની રસી અને વરિયાળી ના ભુસાને આધારે જીરૂનો જથ્થો પ્રાથમિક દ્રષ્ટિએ શંકાસ્પદ લાગતાં ફુડ સેફ્ટી ઓફિસર દ્વારા કુલ ચાર, ૧) જીરૂ, ૨) વરીયાળીનું ભુસૂ (લૂઝ) (એડલ્ટ્રન્ટ), ૩) મિક્સ પાઉડર (લૂઝ) (એડલ્ટ્રન્ટ) અને ૪) ગોળની રસી(લૂઝ)(એડલ્ટ્રન્ટ) પૃથક્કરણ સારૂં વેચાણે લેવામાં આવેલ. વધુમાં, બાકી રહેલ ૧) ૧,૬૧૦ કિલોગ્રામ વરિયાળી (લૂઝ), અંદાજીત બજાર કિંમત આશરે રૂ. ૪૫,૦૮૦/-, ૨) ૯૬૦ કિલોગ્રામ મિક્સ પાઉડર (લૂઝ), અંદાજીત બજાર કિંમત આશરે રૂ. ૧૯૨૦/- અને ૩) ૨૦૦૦ લિટર ગોળ ની રસી(લૂઝ) )(એડલ્ટ્રન્ટ), અંદાજીત બજાર કિંમત આશરે રૂ. ૨૦,૦૦૦/- થવા જાય છે તે તમામ જથ્થો જપ્ત કરવામાં આવેલ છે. ત્યારબાદ,



ઉનાવા ગામ ખાતે આવેલ "મે. પટેલ રાકેશકુમાર તળશીભાઈની ફેક્ટરી", ગોડાઉન નં. ૬૮ થી ૭૨, શિવગંગા એસ્ટેટ, શનિદેવ મંદિરની બાજુમાં, ઉનાવામાં તપાસ દરમિયાન પેઢીના માલિક પટેલ રાકેશકુમાર તળશીભાઈની હાજરીમાં વરિયાળી (લૂઝ) નો નમૂનો લઈ પૃથક્કરણ સારૂ વેચાણે લેવામાં આવેલ. તે જ વિસ્તાર ખાતે થી અન્ય એક પેઢી નામે મે. પટેલ હર્ષદભાઈ ખોડીદાસનું ગોડાઉન, નં. ૭૧ થી ૭૬, શિવગંગા એસ્ટેટ, ઉનાવા ખાતે ની ફેક્ટરીમાં હાજર વરિયાળી નો જથ્થો પ્રાથમિક દ્રષ્ટિ એ શંકાસ્પદ જણાઈ આવતા, સદર પેઢી માંથી વરિયાળી (લૂઝ) અને લીલો કલર (લૂઝ) (એડલ્ટ્રન્ટ) એમ કુલ ૨ નમૂના પૃથક્કરણ સારૂં લેવાયેલ. બાકી રહેલ ૧) ૮૯૮ કિલોગ્રામ વરિયાળી (લૂઝ), અંદાજીત બજાર કિંમત આશરે રૂ. ૮૦,૮૨૦/, ૨) ૧૯ કિલોગ્રામ લીલો કલર (લૂઝ), અંદાજીત બજાર કિંમત આશરે રૂ. ૧૯૦૦/- થવા જાય છે તે તમામ જથ્થો જપ્ત કરવામાં આવેલ છે. આ જ દિવસે, મક્તુપુર ખાતે થી અન્ય એક સ્થળ એચ.પી.પેટ્રોલ પંપની સામે, નાગદેરી રોડ, મુ. મક્તુપુર, તા. ઊંઝા ખાતે આવેલ પેઢી "એમ. એમ. એસ્ટેટ" માં તપાસ હાથ ધરવામાં આવેલ, પેઢી માં શ્રીમાળી દિવ્યેશકુમાર ચતુરભાઈ જવાબદાર વ્યક્તિ તરીકે હાજર જોવા મળેલ. તેઓની હાજરીમાં પેઢી માંથી શંકાસ્પદ જણાયેલ કુલ ૪ નમૂના ૧) પ્રોસેસ્ડ વરીયાળી ૨) વરીયાળી (લૂઝ), ૩) વ્હાઈટ પાઉડર (એડલ્ટ્રન્ટ) અને ૪) ગોળ ની રસી(લૂઝ) (એડલ્ટ્રન્ટ) પૃથક્કરણ સારૂં વેચાણે લેવામાં આવેલ. વધુમાં, બાકી રહેલ ૧) ૬૦૫૦ કિલોગ્રામ પ્રોસેસ્ડ વરિયાળી -અંદાજીત બજાર કિંમત આશરે રૂ. ૭,૮૬,૫૦૦/-, ૨) ૩૦ કિલોગ્રામ વરિયાળી (લૂઝ), અંદાજીત બજાર કિંમત આશરે રૂ. ૩૯૦/- અને ૩) ૬૬૦ કિલોગ્રામ વ્હાઈટ પાઉડર (એડલ્ટ્રન્ટ) - અંદાજીત બજાર કિંમત આશરે રૂ. ૧૩૨૦/- ૪) ૩૦ લિટર ગોળ ની રસી(લૂઝ) (એડલ્ટ્રન્ટ), અંદાજીત બજાર કિંમત આશરે રૂ. ૬૦૦/- થવા જાય છે તે તમામ જથ્થો જપ્ત કરવામાં આવેલ છે. આમ, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, મુખ્ય મથક, ગાંધીનગર અને મહેસાણા વર્તુળ કચેરી ટીમોની સંયુક્ત કામગીરી દરમિયાન વિવિધ ૪ (ચાર) સ્થળ પરથી શંકાસ્પદ ખોરાક અને એડલ્ટ્રન્ટના કુલ ૧૧ નમૂના લઈ લેબોરેટરી ખાતે તપાસ માટે મોકલી આપ્યું હતું. આ તમામ ઉપરોક્તનમુનાપૃથક્કરણઅર્થેલેબોરેટરીખાતેમોકલી આપવામાં આવેલ છે. આ નમુનાના પૃથક્કરણ અહેવાલ આવ્યા બાદ આગળની કાયદેસર ની કોર્ટ કાર્યવાહી કરવામાં આવશે.

## અમદાવાદ થી ગાંધીનગરને જોડતા બ્રિજ પર ડામર પીગળતા વાહન ચાલકોમાં ભયનો માહોલ

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

અમદાવાદ થી ગાંધીનગર જતા તરફનો બ્રિજ તો બરાબર છે. પરંતુ ગાંધીનગર થી અમદાવાદ તરફ આવતા તરફ ના બ્રિજ ન લેન્ડિંગ પોઈન્ટ પાસે ડામર ઓગળી રહ્યો છે. જે જગ્યાએ ડામર ઓગળી રહ્યો છે ત્યાં થી સૌથી વધુ બાઈક ચાલકો અને ટુ વહિલર જેવા કે એક્ટિવા, બાઈક ચાલકો પસાર થઈ રહ્યા છે. લોકો એવા ભયના ઓથા હેઠળ પસાર થઈ રહ્યા છે કે વાહન ગમે ત્યારે સ્લીપ થઈ શકે છે લગભગ ૫૦૦ મીટર જેટલો બ્રિજના વિસ્તારમાં પીગળેલા ડામર જોવા મળ્યો હતો. પીગળેલા ડામર ને તંત્ર ક્યારે હટાવશે ? ગાંધીનગર થી અમદાવાદ તરફ ખોરજ બ્રીજ પર બનેલી ઘટનાને લઈ માર્ગ પરથી પસાર થતા સૌ કોઈ લોકો દંગ રહી ગયા હતા. ત્યારે આ સમગ્ર બાબતે બ્રિજ પરથી પસાર થતા લોકોએ જણાવ્યું હતું કે, અમે આ જગ્યા ઉપરથી ખૂબ શાંતિથી પસાર થઈએ છીએ કારણ કે છેલ્લા કેટલાય દિવસથી આ રોડ ઉપર ડામર પીગળી ગયો છે. જેથી અંતરે અંતરે પણ તાત્કાલિક ધોરણે અહીંનું સમાર કામ કરાવવું જોઈએ. જ્યારે જો વાહન સ્પીડમાં હોય તો વાહનનું બેલેન્સ પણ રાખવું ખૂબ અઘરું પડે છે. આમ સરકારે અને તંત્રએ કોન્ટ્રાક્ટરને સાથે રાખીને નિષ્પક્ષ તપાસ કરાવીને આ સમસ્યાનું સમાધાન કરવું જોઈએ. આમ હાલ તો લોકો સલામતીના ભાગરૂપે લેન્ડિંગ પોઈન્ટ ઉપર વાહન ધીમે કરી દેશે. પરંતુ આ બ્રિજ પરથી પ્રથમ વખત પસાર થતા હોય તો તેઓ જીવનાં જોખમ છે. ત્યારે તંત્ર ક્યારેય પીગળેલા ગામમાં ને દૂર કરશે તે જોવું રહ્યું.

## ચુંટણી પંચે આ વખતે ઉમેદવાર માટે ખર્ચની મર્યાદા ૯૫ લાખ રૂપિયા નિયત કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

લોકસભાની ચૂંટણીનું બ્યૂગલ ફૂંકાઈ ચૂક્યું છે.ત્યારે આગામી દિવસોમાં જિલ્લાના વિવિધ સ્થળે સભા, સરઘસો અને રેલીઓનું આયોજન કરીને ઉમેદવારો મતદાતાઓને રીઝવવાના પ્રયાસો કરશે. આ દરમ્યાન રાજકીય પક્ષોના ઉમેદવારો દ્વારા પાણીને જેમ પૈસો વહાવીને ચૂંટણી પ્રચાર કરવામાં આવતો હોય છે. ચૂંટણી પંચ દ્વારા આ વખતે ઉમેદવાર માટે ખર્ચની મર્યાદા ૯૫ લાખ રૂપિયા નિયત કરી છે. ઉમેદવાર દ્વારા થતાં ખર્ચની સમીક્ષા માટે ચૂંટણી પ્રચારમાં ઉપયોગમાં લેવાતી વિવિધ ચીજવસ્તુઓના ભાવ જિલ્લા તંત્ર દ્વારા નક્કી કરવામાં આવ્યા છે. ચૂંટણી તંત્ર દ્વારા તમામ રાજકીય પક્ષોની બેઠક યોજીને ચૂંટણી દરમિયાન થતાં ખર્ચના ભાવ નક્કી કર્યા છે. નક્કી કરેલાં ભાવ મુજબ આ વખતની ચૂંટણીમાં ઉમેદવાર ૯૫ લાખ સુધીનો ચૂંટણી ખર્ચ કરી શકશે. ઉમેદવારી પત્રક ભરવાથી લઈને તમામ પ્રકારના પ્રચાર માટેના જાહેર કાર્યક્રમો, ચૂંટણી સભાઓ અને રેલીઓ માટે ખર્ચના ભાવ તંત્રે નક્કી કર્યા છે, તે મુજબ જ કરવાના રહેશે.

જાહેર સભાઓ અને કાર્યાલય પર રાખવામાં આવતી ખુરશીનો પ્રતિનંગે ૧૦ રૂપિયાનો ભાવ નક્કી કરાયો છે. જાહેર સભા દરમિયાન આવતાં સ્ટાર પ્રચારકો માટે રેડ કાર્પેટ પાથરવાનો ભાવ ૧ ચોમીના ૯૦ રૂપિયા રાખ્યો છે. આ ઉપરાંત પાઈપવાળા મંડપનો ભાવ ૧ ચોમી ૧૨૦ રૂપિયા, ડોમ મંડપનો પ્રતિ ચોમી ૮૦૦ રૂપિયા જ્યારે ડોમમાં પાણીના ફુવારા માટે પ્રતિનંગે ૧ હજારનો ભાવ નક્કી કરાયો છે. ઉપરાંત ટેબલ ૫૦૦ રૂપિયે અને જેની પરથી ચૂંટણી પ્રચાર કરવામાં આવશે તે પોડિયમનો ૮૫૦ રૂપિયા ભાવ નક્કી કરેલ છે. જાહેર સભા અને કાર્યાલયમાં ફાયર સેફ્ટીને લઈને ફાયર એક્સ્ટીંગ્યુસર માટે ૧૨૦૦ રૂપિયા નક્કી કરાયાં છે. ચૂંટણી પ્રચારમાં ચા અને ભજીયાના નાસ્તાની જાયફત થતી હોય છે. ભજીયા અને ચાનો ખર્ચ લાખોમાં થાય છે, ત્યારે ચૂંટણી તંત્રે ૧૦૦ ગ્રામ ભજીયા કે બટાકાવડાના ૩૦ રૂપિયા અને અડધો કપ ચા કે કોફીના ૬ રૂપિયા નક્કી કર્યાં છે. જ્યારે મિષ્ઠાન વગરની ગુજરાતી થાળી ૯૦ રૂપિયામાં અને મિષ્ઠાન સહિત ૧૪૦નો ભાવ નિયત કર્યો છે. સ્ટાર પ્રચારકોના સન્માન અર્થે ૫૦ રૂપિયાના સાદા હારથી લઈને ૫૦૦ રૂપિયા સુધીના બુકેના ભાવ નક્કી કરાયો છે. ઉપરાંત વીવીઆઈપી લાકડીની ખુરશીનો ભાવ પ્રતિ નંગ ૬૦ રૂપિયા રખાયો છે. જ્યારે પ્રચાર દરમિયાન વપરાંતા વાહનોમાં પ્રતિકિમી ફોર વ્હિલર માટે ૧૦ રૂપિયા, ટુ વ્હિલર માટે ૫ રૂપિયા અને ખુલ્લી જીપ પ્રતિ દિવસ માટે ૭૫૦૦ કે પછી રેલી દરમિયાન ૨૫ રૂપિયા પ્રતિકિમીનો ભાવ નક્કી કરાયો છે. ગરમીને ધ્યાને રાખીને પાણીના ટેક્કરનો ભાવ ૬૦૦ રૂપિયા નિયત કર્યો છે. પ્રચાર દરમિયાન રિક્ષાનું પ્રતિદિનનું ભાડું ૯૦૦ જ્યારે ફોર વ્હિલરનું ૪૦૦૦ નક્કી કરેલ છે. પક્ષના સ્ટાર પ્રચારકોના પરિવહન માટે હેલિકોપ્ટર કે એરક્રાફ્ટનો ઉપયોગ કરાતો હોય છે. જેમાં સૌથી વધુ ૪.૩૫ લાખનો ભાવ ઓગસ્ટા-૧૩૯ એસી ટ્વીન એન્જિન હેલીકોપ્ટરનો પ્રતિ કલાક માટે નક્કી કરાયો છે.

### પાણી નહીં મળે તો ચૂંટણીનો બહિષ્કારની ચીમકી

## વીરપુરના આસપુરમાં પાણીની સમસ્યાથી ખેડૂતોમાં ભારે રોષ

। (એજન્સી) વિરપુર, તા.૭ ।

વિરપુર તાલુકાના આસપુર ગ્રામ પંચાયતમાં આવેલ તળાવ મા પાણી ભરવાની માંગ ઉગ્ર બની છે. ગામના લોકોએ લોકસભાની ચૂંટણીમાં બહિષ્કારની ચીમકી ઉચ્ચારી છે છેલ્લા ૨૦ વર્ષથી ગ્રામજનો પોતાના મતોનું દાન આપી રહ્યા છે પરંતુ નેતાઓ તેમજ ઉમેદવાર માત્ર લોલીપોપ આપી જતા રહે છે ત્યારે આ વખતની લોકસભા ૨૦૨૪ ની ચૂંટણીમાં ગ્રામજનોએ પાણી નહીં તો મત નહીં ના ઉચ્ચાર સાથે ચૂંટણીનો બહિષ્કાર કરવાનું નક્કી કર્યું છે. ત્યારે આસપુર ગ્રામ પંચાયતના ૧૦ જેટલા ગામોના ખેડૂતોની બેઠક મળી જેમાં નક્કી કરવામાં આવ્યુ છે કે,જો આગામી દિવસોમાં સરકાર આસપુર ગામનુ તળાવ ભરવા વહીવટી મંજૂરી નહીં આપે તો ચૂંટણી બહિષ્કાર કરવામાં આવશે વિરપુર તાલુકો મુખ્યત્વે ખેતી અને પશુપાલન પર નિર્ભર તાલુકો છે આ તાલુકામાં મોટાભાગના લોકો ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. જોકે તાલુકામાં કોઈપણ કેનાલ કે ડેમની વ્યવસ્થા ન હોવાને કારણે આ વિસ્તારના ખેડૂતો છેલ્લા કેટલાય વર્ષોથી પાણી માટે રઝળપાટ કરવા મજબુર છે આ ગામના તળાવો માત્ર વરસાદી પાણી ઉપર નિર્ભર છે. બીજી તરફ જો આ તળાવ ભરવામાં આવે તો લગભગ ૧૦ જેટલા ગામોને પાણીની શાંતિ મળે એમ છે કારણ આસપુર ગામ વિરપુર તાલુકાના આજુબાજુ ના ગામોથી ૧૦૦ ફૂટ ઊંચાઈ પર આવેલું ગામ છે. જેથી આ તળાવ ભરાય તો આજુબાજુના તળાવો માં જળ સ્રોત વધી શકે એમ છે. ત્યારે નજીકમાં ત્રણ કિલોમીટર દૂર કેનાલ છે. તેના મારફતે પાણી તળાવમાં પાડી શકાય એમ છે તેમ છતાં પણ માત્ર નેતાઓ આવી લોભામણી જાહેરાતો કરી જતા રહે છે પરંતુ ગામના તળાવ ન ભરાતા ગ્રામજનો દ્વારા ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી છે. ત્યારે ૧૦૦ થી વધારે ખેડુતો દ્વારા અગાઉ ગામનુ તળાવ ભરવાની પ્રબળ માંગ કરી હતી. તળાવ ન ભરાતા ગ્રામજનો દ્વારા ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારીતે બાદ સાસંદ, ધારાસભ્ય સહિત નેતાઓએ તળાવ ભરવા ખેડૂતોને ખાતરી આપી હતી. પરંતુ આજદિન સુધી તળાવ ન ભરાતાં આ ખેડૂતો રોષે ભરાયા છે. રોષે ભરાયેલા ખેડૂતો હવે લોકસભાની ચૂંટણી ટાણે જ આંદોલન છેડે તેવા એંધાણ સર્જાયા છે.

### મુસાફરો માટે રાહતના સમાચાર

## રેલવે મુસાફરોને ટિકિટનું ભાડુ ચૂકવવા માટે QR કોડ ડિજિટલ માધ્યમની સુવિધા શરૂ કરાઇ

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।


પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા રેલવે મુસાફરોને ટિકિટનું ભાડું ચૂકવવા માટે QR કોડ ડિજિટલ માધ્યમની સુવિધા શરૂ કરવામાં આવી છે. આ નવી પહેલ હેઠળ QR કોડ - ડિજિટલ માધ્યમથી અમદાવાદ મંડળના વિવિધ મુખ્ય સ્ટેશનો પર પ્રાયોગિક ધોરણે સુવિધા ઉપલબ્ધ કરાવામાં આવી છે. જ્યાં રેલવે મુસાફરોને હવે ટિકિટ ભાડાનું પેમેન્ટ કરવા માટે UTS મોબાઈલ એપ, ATVM (QR કોડ ની સુવિધા સાથે), POS અને UPI જેવા વિવિધ ડિજિટલ પેમેન્ટ વિકલ્પો પહેલેથી જ આપવામાં આવ્યા છે.

અમદાવાદ મંડળ દ્વારા પ્રાયોગિક ધોરણે QR કોડ-ડિજિટલ પેમેન્ટની સુવિધા અમદાવાદ અને ગાંધીધામ રેલવે સ્ટેશનો પર ઉપલબ્ધ કરવામાં આવી છે. અમદાવાદ સ્ટેશનના રિઝર્વેશન સેન્ટર પર ૪ કાઉન્ટર અને ગાંધીધામ સ્ટેશનના રિઝર્વેશન સેન્ટર પર ૩ કાઉન્ટર પર આ સુવિધાનો લાભ મુસાફરો લઈ શકશે. આ ઉપરાંત ગાંધીધામની અનારક્ષિત કાર્યાલયમાં પણ ૨ કાઉન્ટરો પર આ સુવિધા ઉપલબ્ધ છે. આ નવી ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ ઊઈ કોડ દ્વારા ટિકિટ ભાડાનું પેમેન્ટ કરવા માટે હવે મુસાફરોને વધુ સગવડ પૂરી પાડશે. જે વિન્ડોની બહાર ભાડા રીપીટરમાં ઉપલબ્ધ છે. આ દ્વારા કોઈપણ મુસાફર તેમનું ટિકિટ ભાડું કોઈપણ મુશ્કેલી વગર અને સરળતા થી ભાડુ ચૂકવી શકશે. મુસાફરોને વધુ લાભ આપવા માટે આ સુવિધા ભવિષ્યમાં વધુ સ્ટેશનો સુધી લંબાવી શકાય છે. આપશે

રેલવે દ્વારા મુસાફરોને હવે ટિકીટ ભાડાનું પેમેન્ટ કરવા માટે UTS મોબાઈલ એપ તેમજ ક્યુઆર કોડ જેવી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

ત્યારે આ પ્રકારનાં ડિઝીટલ પેમેન્ટ સિસ્ટમને વધુ ઉપયોગી તેમજ સુગમ બનાવવા માટે અમદાવાદ ડિવીઝનમાં નવી ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ ક્યુઆર કોડથી ટિકિટનાં ભાડાનું પેમેન્ટ હવે મુસાફરો સરળતાથી કરી શકશે. તેમજ યુપીએસ મોબાઈલ એપ અને પીઓએસમાં ક્યુઆર કોડથી બુકિંગ અને ઓનલાઈન પેમેન્ટની સુવિધા આપવામાં આવેલી છે. રેલવે સ્ટેશન ઉપર ટિકિટ બારીમાં ટિકિટ લેવા જાઓ ત્યારે ક્યુઆર કોડ સ્કેન કરી અને ટિકિટનું પેમેન્ટ કરી શકશે.

## ભાવનગરના પીરમબેટ, આણંદના વાવલોદ સહિત ૧૩ ટાપુ વિકસાવાશે



। (એજન્સી) ગાંધીનગર, તા.૭ ।

છેલ્લા કેટલાક વર્ષોથી ગુજરાતના ટુરિઝમમમાં હરણફાળ છલાંગ આવી છે, જેને કારણે વિદેશના નાગરિકો પણ ગુજરાત ખેંચાઈને આવે છે. ત્યારે હવે ગુજરાતની ધરતી પર છુપાયેલા નવા ટુરિઝમ સ્પોટને વિકસાવવાનો પ્રયાસ શરૂ કરાયો છે. ગુજરાતમાં પ્રવાસન સ્થળો વિકસાવવા સરકારનું આયોજન છે. રાજ્યના ૩૨માંથી ૧૩ ટાપુઓને વિકસાવવાનું નક્કી કરાયું છે. જેમા સૌરાષ્ટ્રમા આવેલા જામનગરનો પીરોટન, અમરેલીનો શિયાળ સવાઈ ટાપુ વિકસાવાશે. પીરોટન ટાપુ પર પક્ષીઓની વિવિધ પ્રજાઓનું આકર્ષણ છે. અહીં પ્રવાસીઓને આકર્ષવા પ્રવાસન સુવિધાઓ ઉભી કરાશે. ભાવનગરના પીરમબેટ, આણંદના વાવલોદ સહિત ૧૩ ટાપુ વિકસાવાશે. ગુજરાત પાસે દેશમાં સૌથી લાંબો ૧૬૦૦ કિલોમીટરનો દરિયો છે. છતા ગુજરાતમાં આઈલેન્ડ ટુરિઝમ વિકસ્યુ જ ન હતું. તેથી સરકારે ગુજરાતના ટાપુઓ પર ફોકસ કર્યું છે. ગુજરાતમાં નાના મોટા મળીને કુલ ૧૪૪ ટાપુ આવેલા છે. જેમાંના મોટાભાગના ટાપુઓ પર કોઈ વસ્તી નથી. ગુજરાતના ૩૨ માંથી ૧૩ આયલેન્ડને પર્યટક સ્થળ તરીકે વિકસાવાશે. આ ટાપુ પર પ્રવાસીઓને ગમે તેવી તમામ સુવિધાઓ વિકસાવવામાં આવશે. પ્રથમ ફેઝમાં ૫૦ હેક્ટરથી વધુ જમીનવાળા પીરોટન અને શિયાળ સવાઈ ટાપુ વિકસાવવામાં આવશે. ૫૦ હેક્ટર જમીનવાળા એટલા માટે કે, દરિયાની ભરતીની અંદર ટાપુઓ પર ઉભી કરાયેલી સુવિધાઓ ધોવાઈ ન જાય. ઓછી જમીનમાં સુવિધા વિકસાવવાનું પણ અઘરું બને છે. દ્વારકા જિલ્લાના કાળુભર, પાનેરો, અજાડ એટલે આઝાદ, ભાયદળ, ગાંધીયોકાડો, રોઝી, નોરા ટાપુઓને વિકસાવાશે. તેમજ ભાવનગરક જિલ્લાના પીરમબેટ, આણંદના વાવલોદ સહિત ૧૩ ટાપુઓને વિકસાવાશે. આ ટાપુઓ પર મરીન પાર્ક, આર્કિયોલોજીકલ મ્યૂઝિયમ, પેડેસ્ટ્રલ બ્રિજ, ઝીપ લાઈન બનશે. પહેલા તો ટાપુ સુધી પહોંચવાની વ્યવસ્થા કરાશે. તેના બાદ ત્યાં પ્રાથમિક સુવિધાઓ પ્રવાસીઓને મળી રહે તેવી વ્યવસ્થા કરાશે. ટાપુઓ પર વિવિધ પક્ષીઓની જાતિ અને દરિયાઈ વનસ્પતિઓનું આકર્ષણ હોવાથી તેને વિકસાવાશે. પિરોટન ટાપુનું નામ પુરાતન શબ્દ પરથી અપભ્રંશ થઈને પડ્યું છે. એક અન્ય મત પ્રમાણે અહીં એક પીરની દરગાહ આવેલી છે, જેના પરથી આ ટાપુનું નામ પિરોટન ટાપુ પડ્યું હોવાનું કહેવાય છે. જામનગર નજીક મરીન નેશનલ પાર્કમાં આવેલ પિરોટન ટાપુમાં અદ્ભુત દરિયાઈ જીવોના સામ્રાજ્ય અને મેન્ગ્રોવના જંગલો તથા દીવાડાંડી જોવાલાયક છે.

**વિશેષ**

### પુરાતાત્વિક ખોદકામથી ૫૨૦૦ વર્ષ જૂની હડપ્પાકાલીન વસ્તી હોવાનું સામે આવ્યું

# કચ્છ જિલ્લાના જૂના ખટિયા ગામ નજીક ૫૦૦ કબરવાળું કબ્રસ્તાન મળી આવ્યું

। કચ્છ ।

ગુજરાતના કચ્છ જિલ્લાના જૂના ખટિયા ગામની બહારના વિસ્તારમાં ખોદકામ દરમિયાન ૫૦૦ કબરવાળા એક સામૂહિક કબ્રસ્તાન વિશે ખબર પડી હતી. આ ખોદકામ ૨૦૧૮-૧૯ માં કેરલ યૂનિવર્સિટી અને કચ્છ યૂનિવર્સિટીના પુરતત્વવિદોએ સાથે મળીને કર્યું હતું. ત્યાર સવાલ એ હતો કે આ કબરો આખરે કોની છે? શું આસપાસના કોઈ મોટી માનવ વસ્તીનું કબ્રસ્તાન હતું કે પછી બીજું કંઇ? પુરાતાત્વિકની ટીમ સતત ત્યારથી આસપાસના વિસ્તારોમાં વસ્તીઓના અવશેષ શોધી રહી છે. હવે આ પુરાતત્વવિદોને એક મોટી સફળતા મળી છે. તેમણે એક નવો પુરાવો મળ્યો છે. આ સ્પેશિયલ સ્ટોરીમાં અમે તમને આ નવી શોધ વિશે વિસ્તારપૂર્વક જણાવીશું. ગુજરાતના કચ્છ શહેરમાં પુરાતાત્વિક ખોદકામથી ૫૨૦૦ વર્ષ જૂની હડપ્પાકાલીન વસ્તીની ખબર પડી છે. પડતા બેટ નામના સ્થાનિક ટેકરા પરથી ખોદકામમાં તેમને એક કંકાલ, માટીના વાસણો અને કેટલાક જાનવરોના હાડકાં મળ્યા હતા. આ બધા સૂચવે છે કે જુના ખાટિયાના કબ્રસ્તાનથી લગભગ ૧.૫ કિમી દૂર ૫૨૦૦ વર્ષ જૂની હડપ્પન વસાહત હતી. કેરળ યુનિવર્સિટીના પુરાતત્વ વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર અને પ્રોજેક્ટના સહ-નિર્દેશક રાજેશ એસવીએ ધ ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું હતું કે, 'પડતા-બેટની ટેકરી જુના ખટિયા ખાતે મળેલા હાડપિંજર (કબ્રસ્તાન) સાથે સંકળાયેલી જગ્યા હોઈ શકે છે. હાલમાં જાણવા મળે છે કે આ અનેક વસાહતો પૈકીની એક હતી જેનું કબ્રસ્તાન જુના ખટિયા હતું. પડતા-બેટના ચાર હેક્ટર વિસ્તારમાં ખોદકામ દરમિયાન પુરાતત્વ વિભાગને બે મુખ્ય જગ્યાઓ મળી. સંશોધકોનું માનવું છે કે કદાચ જ્યારે કોઈ વિસ્તારની વસ્તી વધી હશે ત્યારે લોકો એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેલાઈ ગયા હશે. એવું પણ શક્ય છે કે લોકોએ અલગ-અલગ સમયે રહેવા માટે અલગ-અલગ વિસ્તાર પસંદ કર્યા હશે. રાજેશ એસવીએ ધ હિંદુને જણાવ્યું હતું કે, "આ સ્થળો પર મળી આવેલ માટીના વાસણો, પ્રાણીઓના હાડકાં અને અન્ય વસ્તુઓની વિપુલતા દર્શાવે છે



કે હડપ્પન લોકો આ વિસ્તારમાં લગભગ ૩૨૦૦ બીસીથી ૧૭૦૦ બીસી સુધી રહેતા હતા, એટલે કે પ્રારંભિક હડપ્પા કાળથી લઈને પછીના હડપ્પા કાળ સુધી રહે છે. મળી આવેલ માટીકામ એ પણ દર્શાવે છે કે પ્રારંભિક હડપ્પન, અદ્યતન હડપ્પન અને અંતમાં હડપ્પન સમયગાળાના વાસણો ત્યાં મળી આવ્યા છે." જો કે ઘણા તૂટેલા વાસણો અન્યત્ર જોવા મળતા હડપ્પન પોટ્સ જેવા હોય છે, પરંતુ ઘણા સંપૂર્ણપણે અલગ દેખાય છે. આ કદાચ આ વિસ્તારની એક વિશેષ પદ્ધતિ હોઈ શકે છે, જે હડપ્પન સંસ્કૃતિના વાસણો બનાવવાની અન્ય ઓળખાયેલી પદ્ધતિથી અલગ છે. આ વાસણોમાં મોટા ભંડાર કરવાના જારથી માંડીને નાની કટોરીઓ અને થાળીઓ સામેલ છે. ખોદકામમાં મળેલી વસ્તુઓમાં કિંમતી પથ્થરોમાંથી બનાવેલ માળા, ટેરાકોટા સ્પિન્ડલ વોર્લ (દોરા કાંતવાનું સાધન), તાંબુ, પથ્થરનાં સાધનો, પીસવાના પથ્થરો અને હથોડીઓ મળી આવી હતી. પશુઓના હાડકાં પણ મળી આવ્યા છે, જે કદાચ ગાય, ઘેટાં કે બકરીનાં છે. આ ઉપરાંત ખાદ્ય છીપના ટુકડા પણ મળી આવ્યા છે. આ બધા સૂચવે છે કે હડપ્પાની વસાહતોમાં રહેતા લોકો પ્રાણીઓને પાળતા હતા અને છીપ જેવા જળચર જીવોને ખાતા હતા. જો કે, વૃક્ષો અને છોડના ઉપયોગને વધુ સારી રીતે સમજવા માટે, ત્યાંથી કેટલાક નમૂનાઓ એકત્રિત કરવામાં આવ્યા છે. કેરળ યુનિવર્સિટીના પુરાતત્વ વિભાગના વડા અને પડતા-બેટના ખોદકામનું નેતૃત્વ કરનાર પ્રોફેસર અભયન જી.એસ. કહે છે કે આ સ્થળ એક ટેકરીની ટોચ પર છે. તેથી અહીંની જમીનનું માળખું અસ્થિર છે અને તેના કારણે સમયાંતરે ઘણા બાંધકામો નાશ પામ્યા હશે. 'અગાઉની હડપ્પન વસાહતો મળી આવી હતી અથવા ખોદવામાં આવી હતી તે મોટે ભાગે સપાટ મેદાનોમાં મળી આવી હતી, જ્યારે આ હડપ્પન વસાહતો એક ટેકરીની ટોચ પર મળી આવી છે. પડદા-બેટનું સ્થાન ખૂબ જ મહત્વપૂર્ણ છે. અહીંથી આસપાસની ટેકરીઓથી બનેલી ખીણનો આખો નજારો દેખાય છે. વળી, ટેકરી પાસે વહેતી નાની નદી એ સમયે આ વસાહતના લોકો માટે પાણીનો મુખ્ય સ્રોત બની શકે. કેરળ યુનિવર્સિટી અને કચ્છ યુનિવર્સિટી ઉપરાંત અન્ય ઘણી સંસ્થાઓ પણ આ સંશોધનમાં સાથે મળીને કામ કરી રહી છે. આમાં કતલાન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ક્લાસિકલ આર્કિયોલોજી (સ્પેન), સ્પેનિશ નેશનલ રિસર્ચ કાઉન્સિલ (સ્પેન), યુનિવર્સિટી ઓફ લા લગુના (સ્પેન), એલ્બિયન કોલેજ અને ટેક્સાસ એ એન્ડ એમ યુનિવર્સિટી (યુનાઈટેડ સ્ટેટ્સ), ડેક્કન કોલેજ પોસ્ટ ગ્રેજ્યુએટ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (પુણે)નો સમાવેશ થાય છે, KSKV કચ્છ યુનિવર્સિટી (ગુજરાત), કર્ણાટકની સેન્ટ્રલ યુનિવર્સિટીનો પણ સમાવેશ થાય છે.

## ન્યુઝ બોક્ષ

### દિલ્હીથી ચોરી થયેલી જે.પી. નડ્ડાના પત્નીની કાર મળી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ગત મહિને ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાની પત્નીની ફોર્ચ્યુનર ચોરી થઈ ગઈ હતી. હવે તે ફોર્ચ્યુનર કાર બનારસમાંથી મળી આવી છે. આ ફોર્ચ્યુનર ૧૯ માર્ચે દિલ્હીના ગોવિંદપુરી વિસ્તારમાંથી ચોરાઈ ગઈ હતી. ડ્રાઈવરની ફરિયાદ પર પોલીસે FIR નોંધી હતી અને ત્યારબાદ પોલીસે કારની તલાશ માટે મોટું ઓપરેશન ચલાવ્યુ હતું. આ મામલે પોલીસે જણાવ્યું કે, બડકલના રહેવાસી શાહિદ અને શિવાંગ ત્રિપાઠીની આ SUV કારની ચોરી મામલે ધરપકડ કરવામાં આવી છે. આરોપીઓ કેટા કારમાં સવાર થઈને આ કાર ચોરી કરવા માટે આવ્યા હતા. બડકલ લઈ ગયા બાદ તેમણે ફોર્ચ્યુનરની નંબર પ્લેટ બદલી નાખી અને પછી અલીગઢ, લખીમપુર ખેરી, બરેલી, સીતાપુર, લખનઉ થઈને બનારસ પહોંચ્યા હતા. આરોપીઓ આ કારને નાગાલેન્ડ મોકલવાની ફિરાકમાં હતા. વળી, આ કાર તેમણે ચોરીની કાર ખરીદનારા લોકોની માગ પછી ચોરી હતી. આ મામલે ડ્રાઈવર જોગિન્દરે ફરિયાદમાં જણાવ્યું હતું કે, ૧૯મી માર્ચના રોજ બપોરે ૩:૦૦ વાગ્યે તે કાર સર્વિસ સેન્ટરમાં પાર્ક કરીને જમવા માટે ઘરે જતો રહ્યો હતો પરંતુ જ્યારે તે પાછો આવ્યો ત્યારે કાર ગાયબ હતી. પોલીસને મળેલા સીસીટીવી ફૂટેજ પ્રમાણે ફોર્ચ્યુનર છેલ્લે ગુરુગ્રામ તરફ જતી જોવા મળી હતી.

### દિલ્હીની હોસ્પિટલમાંથી બાળકોની ચોરી થતા ફફડાટ

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૭ ।

દિલ્હીમાં બાળકોની ચોરીને પગલે તપાસ થતા ચોંકાવનારી માહિતી બહાર આવી છે. સીબીઆઈએ એનસીઆરના વિવિધ ઠેકાણેતી ૭ થી ૮ બાળકોને છોડાવવામાં આવ્યા હતા. જેમાં નવજાત બાળકોના ખરીદ-વેચાણનો મામલો હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું છે. સીબીઆઈએ આ સંદર્ભે કેટલાક લોકોની ધરપકડ કરી છે. આરોપીઓમાં હોસ્પિટલનાં વોર્ડ બોય સહિત કેટલાય પુરૂષો અને મહિલાઓનો સમાવેશ થાય છે. સીબીઆ હવે બાળકને વેચનાર મહિલા તથા ખરીદનારી વ્યક્તિની પુછપરછ કરી રહી છે. સાથે સાથે કેટલાક લોકોને અટકમાં લઈને પુછપરછ પણ કરવામાં આવી છે. સીબીઆઈએ દિલ્હીના કેશવપુરમમાં એકઘરમાંથી બે નવજાત બાળકોને બચાવ્યા હતા. તાજેતરમાં દિલ્હીની હોસ્પિટલોમાંથી બાળકોના ગૂમ થવાની ઘટનાઓ ચકચાર જગાવી હતી. જેને પગલે સીબીઆઈએ આ મામલો બાળકોની ખરીદી અને વેચાણનો એટલે કે ચાઈલ્ડ ટ્રાફિકિંગનુ કૌભાંડ હોવાનું જણાયું હતું. જેને લઈને સીબીઆઈએ ઠેકઠેકાણે દરોડા પાડ્યા હતા.

### પ્રાઇવેટ સ્કૂલમાં ગરીબ બાળકોને પણ ભણાવવા માટેની તક મળશે

। (એજન્સી) ચંદીગઢ, તા.૭ ।

દેશમાં તમામ રાજ્ય સરકારો તરફથી લોકો માટે યોજનાઓ શરૂ ચલાવવામાં આવે છે. ઘણી યોજનાઓ બાળકો માટે પણ હોય છે, જેમાં તેમને સારા શિક્ષણની ગેરન્ટી આપવમાં આવે છે. ગરીબ બાળકોનું સપનું હોય છે કે તે સારા પ્રાઈવેટ સ્કૂલમાં જાય અને શિક્ષણ લે. તેને જોતાં હરિયાણા સરકાર તરફથી એક યોજના લાગૂ કરવામાં આવી છે. આ યોજનાનું ચિરાગ યોજના છે. જેના અંતગર્ત ગરીબ બાળકોને પ્રાઈવેટ સ્કૂલોમાં એડમિશન આપવામાં આવે છે. હરિયાણા સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલી આ યોજનામાં પ્રવેશ શરૂ થઈ ગયો છે, આ યોજના હેઠળ ૧ લાખ ૮૦ હજાર રૂપિયા અને તેનાથી ઓછી વાર્ષિક આવક ધરાવતા વાલીઓ તેમના બાળકોને ખાનગી શાળાઓમાં પ્રવેશ અપાવી શકે છે. પ્રવેશ બાદ ફી અને અન્ય બાબતોનો ખર્ચ સરકાર ઉઠાવશે. આ યોજના માટે ૧૦મી એપ્રિલ સુધી અરજી કરી શકાશે. આ યોજનામાં અરજી કર્યા પછી લકી ડ્રો દ્વારા પ્રવેશ લેવામાં આવે છે, એટલે કે, પ્રક્રિયા સંપૂર્ણપણે ન્યાયી કરવામાં આવી છે. વર્ગ ૪ થી ૧૨ સુધીના પ્રવેશ માટે લોકો અરજી કરી શકે છે. ૧૨ એપ્રિલે ખબર પડશે કે કયા બાળકને પ્રવેશ આપવામાં આવ્યો છે અને કોને નહી... આ યોજના માટે અરજી કરવા માટે કુટુંબ ઓળખ કાર્ડ જરૂરી છે, તેના વિના અરજી કરી શકાતી નથી. આમાં નોંધાયેલી આવકને જ પ્રાથમિકતા આપ વામાં આવશે. હરિયાણાના શિક્ષણ વિભાગ દ્વારા ૪૫ ખાનગી શાળાઓની યાદી બહાર પાડવામાં આવી હતી.

### ચારધામ યાત્રામાં જનારા માટે મહત્વના સમાચાર

# ચારધામ યાત્રા માટે આજથી ઓનલાઈન રજીસ્ટ્રેશન શરૂ

## સંબંધિત એજન્સીએ ચારધામ ટ્રાન્ઝિટ એન્ડ રજિસ્ટ્રેશન સેન્ટર ખાતે મેન્યુઅલ રજિસ્ટ્રેશન સેટ કરવાનું શરૂ કર્યું

। (એજન્સી) દેહરાદૂન, તા.૭ ।

ઉત્તરાખંડ ચારધામ યાત્રા પર જઈ રહેલા શ્રદ્ધાળુઓ માટે એક મોટું અપડેટ સામે આવ્યું છે. યુપી, રાજસ્થાન, દિલ્હી-એનસીઆર, ગુજરાત, મહારાષ્ટ્ર વગેરે રાજ્યોમાંથી કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી સહિતના ચાર ધામોની મુલાકાત લેતા યાત્રાળુઓ હવે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી શકશે. ચારધામ યાત્રા માટે યાત્રિકો માટે ઓનલાઈન રજીસ્ટ્રેશનની સુવિધા ૮ એપ્રિલ ૨૦૨૪થી શરૂ થવા જઈ રહી છે. તમને જણાવી દઈએ કે સરકાર દ્વારા નોંધણી વગર કોઈપણ પ્રવાસીને ચાર ધામની મુલાકાત લેવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આવી સ્થિતિમાં ચાર ધામ યાત્રાએ જતા યાત્રિકોએ યાત્રા પર જતા પહેલા પોતાનું રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. પ્રવાસન વિભાગે ચારધામ માટે રજીસ્ટ્રેશનની તૈયારીઓ પૂર્ણ કરી લીધી છે. આ વખતે, નોંધણી પછી, મુસાફરોને સ્લિપ પર જરૂરી મોબાઈલ નંબર પણ મળશે.

સંબંધિત એજન્સીએ ચારધામ ટ્રાન્ઝિટ એન્ડ રજિસ્ટ્રેશન સેન્ટર ખાતે મેન્યુઅલ રજિસ્ટ્રેશન સેટ કરવાનું શરૂ કર્યુ છે. તે રજીસ્ટ્રેશન શરૂ કરવા માટે પ્રવાસન વિભાગના આદેશની રાહ જોઈ રહ્યો છે. આ પહેલા પણ એજન્સીના કર્મચારીઓ જરૂરી કામગીરી પૂર્ણ કરવામાં વ્યસ્ત છે.



એજન્સી સાથે સંકળાયેલા પ્રેમા અનંતે જણાવ્યું હતું કે સરકાર આ મહિને આવતા સપ્તાહે મુસાફરો માટે નોંધણીની પ્રક્રિયા શરૂ કરવા જઈ રહી છે. આમાં મુસાફરોને ઓનલાઈન સાથે મેન્યુઅલ રજીસ્ટ્રેશનની પણ સુવિધા છે. પરંતુ ૮ એપ્રિલ પહેલા ઓનલાઈન રજીસ્ટ્રેશનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. જ્યારે મેન્યુઅલ રજીસ્ટ્રેશન માટે આઠ કાઉન્ટર ખોલવાની યોજના છે. આ માટે વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ચારધામ ખાતે યાત્રાળુઓ પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકે તે માટે વિવિધ યોજનાઓ પર વિચાર કરવામાં આવી રહ્યો છે. યાત્રાધામ ઋષિકેશમાં ચારધામ યાત્રાની તૈયારીઓ તેજ થઈ ગઈ છે. જોઈન્ટ ટ્રાવેલ બસ ટ્રાન્ઝિટ કમ્પાઉન્ડની બિલ્ડીંગોને મુસાફરો માટે કલર કરવામાં આવી રહ્યો છે. નોંધણી કેન્દ્ર પર મુસાફરો માટે જરૂરી વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે.ચારધામ યાત્રામેનેજમેન્ટ અને કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન યાત્રિકો માટેની સુવિધાઓ માટે જવાબદાર છે. યાત્રા ટ્રાન્ઝિટ અને રજિસ્ટ્રેશન સેન્ટર ખાતેના શયનગૃહોને એર-કન્ડિશન્ડ કરવાની પણ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. મુસાફરોની સુવિધા માટે જર્મન હેંગર ટેન્ટની પણ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ગઢવાલના કમિશનર વિનય શંકર પાંડેએ તાજેતરમાં જ તમામ વ્યવસ્થાઓને સુવ્યવસ્થિત કરવા સૂચનાઓ જારી કરી છે. તેમણે મુસાફરોના આવવા-જવાના સ્થળોને સ્વચ્છ અને ચમકદાર રાખવા પણ જણાવ્યું છે. જેના કારણે સંગઠનના અધિકારીઓ યુદ્ધના ધોરણે તૈયારીઓમાં વ્યસ્ત જોવા મળે છે.

### સ્ટડી વિઝા લઈને ભારત આવી છેતરપિંડીનો ધંધો શરૂ કર્યો

# આગ્રા પોલીસ દ્વારા સ્ટડી વિઝા પર આવેલા બે વિદેશી ઠગની ધરપકડ

## પોલીસ દ્વારા ઝડપાયેલ આ બે ઠગ પાસેથી ઓડી કાર, લેપટોપ, મોબાઈલ ફોન સહિતની વસ્તુઓ મળી આવી

। (એજન્સી) આગ્રા, તા.૭ ।

સોશિયલ મીડિયા પર વિવિધ વસ્તુઓ સસ્તા ભાવે વેચવાનો દાવો કરીને મોટી છેતરપિંડી કરનારા બે વિદેશી યુવકોની પોલીસે ધરપકડ કરી છે. પોલીસે જણાવ્યું કે બંને મિત્રો છે અને બંને સ્ટડી વિઝા પર ભારત આવ્યા હતા. દક્ષિણ આફ્રિકાના કેમરૂનના રહેવાસી આરોપી અકુમ્બે બોમા અને માઈકલ બુનેવા, નોઈડામાં રહેતા હતા. આ બંનેએ મળીને ઘણા લોકો સાથે લગભગ ૧૫ કરોડ રૂપિયાની છેતરપિંડી કરી છે.

પોલીસનું કહેવું છે કે આગ્રાના રહેવાસી એક વેપારીની ફરિયાદમાં આ બંને વિદેશી યુવકોની છેડતીનો પર્દાફાશ થયો છે. આ કેસમાં સાયબર પોલીસે ભારે જહેમત બાદ તેમની ધરપકડ કરી છે. તેમની પાસેથી ઓડી કાર, લેપટોપ, મોબાઈલ ફોન સહિતની વસ્તુઓ મળી આવી હતી. તેઓ સોશિયલ મીડિયા પર સસ્તા ભાવે વસ્તુઓ વેચવાનો ડોળ કરતા હતા. આ પછી તેઓ નિર્દોષ લોકોને પોતાનો શિકાર બનાવતા હતા.

ACP હરિપર્વત, આગ્રા આદિત્યએ જણાવ્યું કે આગ્રાની સર્વેલન્સ અને સાયબર ક્રાઈમ પોલીસને મોટી સફળતા મળી છે. પોલીસે બે વિદેશી ઠગની ધરપકડ કરી છે. અત્યાર સુધીમાં તેણે ભારતના ૧૫ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી કરી છે. તાજેતરમાં જ આગ્રાની સાયબર ક્રાઈમ પોલીસને એક ખાદ્ય વેપારી તરફથી ફરિયાદ મળી હતી કે જ્યુટ સ્ટ્રીપ્સના નામે તેની સાથે લગભગ ૮ લાખ રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી છે. આ પછી પોલીસે કેસ નોંધીને મામલાની તપાસ શરૂ કરી છે. એસીપી હરિપર્વત, આગ્રા આદિત્યએ જણાવ્યું હતું કે વેપારી પાસેથી મળેલી માહિતી, ફોન નંબર વગેરેની તપાસ કર્યા બાદ આઈપી નંબર સહિત અન્ય માહિતી મળી હતી અને ત્યારબાદ તેની નોઈડામાં હાજરીની માહિતી મળી હતી. આગ્રા પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને બંનેની ધરપકડ કરી હતી.

આ બંને સાઉથ આફ્રિકાના કેમરૂનના રહેવાસી છે. અકુમ્બે બોમા અને માઈકલ બુનેવાએ જણાવ્યું કે બંને સાથે કામ કરતા હતા. તેણે નકલી વેરહાઉસ બનાવ્યું હતું. તેણે ખાણીપીણીના વેપારીને શણની થેલીઓના નામે લાલચ આપી છેતરપિંડી પણ કરી હતી. પોલીસ પૂછપરછ દરમિયાન તેણે અત્યાર સુધીમાં ૧૫ કરોડથી વધુની છેતરપિંડી કરી હોવાનું કબૂલ્યું છે. આ બંને આરોપી સ્ટડી વિઝા પર નોઈડામાં રહેતા હતા.

### દેશની વિદેશી મુદ્રા ભંડાર સતત રેકોર્ડ બનાવ્યો

# એક સપ્તાહમાં ૨૪,૦૦૦ કરોડ રૂપિયાનો વધારો

। (એજન્સી) નવીદિલ્હી, તા.૭ ।

દેશની વિદેશી મુદ્રા ભંડાર સતત રેકોર્ડ તોડી રહ્યો છે. સતત બીજા અઠવાડિયે, ફોરેક્સ રિઝર્વે લાઈફ ટાઈમ હાઈનો રેકોર્ડ બનાવ્યો છે. એક સપ્તાહમાં ફોરેક્સ રિઝર્વમાં ૨૪ હજાર કરોડ રૂપિયાનો વધારો જોવા મળ્યો છે. ખાસ વાત એ છે કે દેશના વિદેશી મુદ્રા ભંડારમાં સતત છઠ્ઠા સપ્તાહે વધારો જોવા મળ્યો છે અને ફોરેક્સ રિઝર્વમાં ૨૯ અબજ ડોલરથી વધુનો વધારો જોવા મળ્યો છે. જો ગત નાણાકીય વર્ષની વાત કરીએ તો તેમાં ૬૭ અબજ ડોલરથી વધુનો વધારો જોવા મળ્યો હતો. આવો અમે તમને એ પણ જણાવીએ કે હાલમાં ભારતનું ફોરેક્સ રિઝર્વ શું છે. ૨૯ માર્ચે પૂરા થયેલા સપ્તાહમાં દેશની વિદેશી મુદ્રા ભંડાર ૨.૯૫ અબજ ડોલર એટલે કે રૂ. ૨૪ હજાર કરોડથી વધુના વધારા સાથે ૬૪૫.૫૮ અબજ ડોલર પર પહોંચી ગયું છે. જે એક રેકોર્ડ છે. ફોરેક્સ રિઝર્વે સતત બીજા અઠવાડિયે લાઈફ ટાઈમ હાઈનો રેકોર્ડ બનાવ્યો છે. આ સતત છઠ્ઠું સપ્તાહ છે જ્યારે વિદેશી મુદ્રા ભંડારમાં વધારો થયો છે. આના એક સપ્તાહ પહેલા દેશનો કુલ વિદેશી મુદ્રા ભંડાર ૧૪૦ મિલિયન ડોલર વધીને ૬૪૨.૬૩ અબજ ડોલર થયો હતો. સપ્ટેમ્બર ૨૦૨૧માં દેશનો વિદેશી મુદ્રા ભંડાર ઈ૬૪૨.૪૫ બિલિયનની ટોચે પહોંચી ગયો હતો. પરંતુ વૈશ્વિક ગતિવિધિઓના કારણે દબાણ વચ્ચે સેન્ટ્રલ બેંકે રૂપિયાના ઘટાડાને રોકવા માટે મૂડી અનામતનો ઉપયોગ કર્યો હતો, જેના કારણે કરન્સી રિઝર્વમાં થોડો ઘટાડો થયો હતો. જો છેલ્લા ૬ સપ્તાહની વાત કરીએ તો ફોરેક્સ રિઝર્વમાં ઈ૨૯.૪૮ બિલિયનનો વધારો જોવા મળ્યો છે. જો રૂપિયામાં જોવામાં આવે તો છેલ્લા દોઢ મહિનામાં દેશના વિદેશી મુદ્રા ભંડારમાં ૨.૪૫ લાખ કરોડ રૂપિયાથી વધુનો વધારો થયો છે. ગયા નાણાકીય વર્ષમાં વિદેશી હૂંડિયામણમાં ૬૭ અબજ ડોલરથી વધુનો વધારો થયો છે. જો આપણે તેને રૂપિયામાં જોઈએ તો ગત નાણાકીય વર્ષમાં ભારતના વિદેશી મુદ્રા ભંડારમાં રૂ. ૫.૬૦ લાખ કરોડનો કોઈ વધારો થયો નથી.



બિહારના બોધ ગયામાં મહા બોધિ મંદિર ખાતે ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખર અને ડો. સુદેશ ધનખર.

# ગુજરાતમાંથી રાજ્યસભાના સાંસદ બન્યા જેપી નડ્ડા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।



ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ શનિવારે રાજ્યસભાના નિર્વાચિત સદસ્ય તરીકે શપથ ગ્રહણ કર્યા છે. નડ્ડા ગુજરાતમાંથી રાજ્યસભા સાંસદ તરીકે ચૂંટાયા છે. તેમને ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના સભાપતિ જગદીપ ધનખડે સંસદ ભવનમાં આયોજીત શપથ ગ્રહણ કાર્યક્રમમાં નિર્વાચિત સભ્ય તરીકે શપથ લેવડાવ્યા છે. આ દરમ્યાન રાજ્યસભાના ઉપસભાપતિ હરિવંશ પણ હાજર રહ્યા હતા. જેપી નડ્ડાના શપથ ગ્રહણની તસ્વીર ઉપરાષ્ટ્રપતિના સત્તાવાર એક્સ અકાઉન્ટ પરથી પોસ્ટ કરવામાં આવી છે. તેમાં લખ્યું છે કે, ભારતના માનનીય ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના સભાપતિ શ્રી જગદીપ ધનખડે આજે સંસદ ભવનમાં શ્રી જગતપ્રકાશ નારાયણલાલ નડ્ડાજીને રાજ્યસભાના નિર્વાચિત સભ્ય તરીકે શપથ લેવડાવ્યા. જેપી નડ્ડા ગત વખતે હિમાચલ પ્રદેશમાંથી રાજ્યસભા પહોંચ્યા હતા. તેમણે ગત મહિને હિમાચલ પ્રદેશની સીટથી રાજ્યસભા સભ્ય તરીકે પોતાનું રાજીનામું સોંપી દીધું હતું.

### સૌથી વધુ શાકભાજી અને ફળફળાદીના પ્રતીક

# લોકસભાની આ સામાન્ય ચૂંટણીમાં ૧૯૦ ચૂંટણી પ્રતીકો જાહેર કરવામાં આવ્યા

**ભીંડો, વટાણા, રોબોટ, ગરણી, ઘોડિયું, પગમોજા આવા વિચિત્ર પ્રતીકો પર ચૂંટણી લડશે લોકસભાના ઉમેદવારો**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ચૂંટણી લડતા ઉમેદવારો માટે તેમના નામ ઉપરાંત ચૂંટણી પ્રતીક પણ બહુ મહત્વનું છે. માન્યતા પ્રાપ્ત રાષ્ટ્રીય અને રાજ્ય કક્ષાના રાજકીય પક્ષો માટે તો આવા ચૂંટણી પ્રતીકો અનામત રાખવામાં આવે છે, સ્વતંત્ર ઉમેદવારો માટે ચૂંટણી પ્રતીકોની વ્યવસ્થા કેવી રીતે થાય છે ? એ જાણવું રસપ્રદ છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા આ માટે નિયમો બનાવવામાં આવ્યા છે અને મુક્ત પ્રતીકોની યાદી જાહેર કરવામાં આવે છે. લોકસભાની આ સામાન્ય ચૂંટણીમાં ૧૯૦ ચૂંટણી પ્રતીકો જાહેર કરવામાં આવ્યા છે. રસપ્રદ વાત તો એ છે કે, તેમાં સૌથી વધુ ૧૬ પ્રતીકો શાકભાજી, ફળફળાદીના છે. એ પછીનો ક્રમ રમતગમતના પ્રતીકોનો આવે છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા આ લોકસભાની ચૂંટણીમાં જાહેર કરવામાં આવેલા મુક્ત પ્રતીકોની યાદી પણ ઘણી રસપ્રદ છે. તેમાં સૌથી વધુ શાકભાજી અને ફળફળાદીના પ્રતીકો છે. તેમાં તરબૂચ, અખરોટ, વટાણા, નાસપતિ, મગફળી, ભિંડો, ફણસ, લીલું મરચું, દ્રાક્ષ, આદુ, સફરજન, ફળની ટોકરી, ફૂલાવર, શીમલા મરચું, નારિયેલી ફાર્મ, શેરડી અને ખેડૂતનો સમાવેશ થાય છે. રાજ્ય કક્ષાએ માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષોને જે તે રાજ્ય માટે કેટલાક પ્રતીકો અનામત આપવામાં આવ્યા છે.

ચૂંટણી પ્રતીકોમાં રમતગમતનું પણ પ્રભુત્વ જોવા મળે છે. વિવિધ રમતના સાધનો સહિત કુલ ૧૨ જેટલા ચિહ્નોને ચૂંટણી પ્રતીક તરીકે પસંદ કરવામાં આવ્યા છે. જેમાં બેટ, બેટ્સમેન, હોકી રમતો ખેલાડી, કેરમ, ચેસબોર્ડ, ડમ્બેલ, ફૂટબોલ ખેલાડી, હોકી અને બોલ, કુદવાનું દોરડું, સ્ટમ્પ, ટેનિસ બોલ અને રેકેટ, ભાલાફેંકને આવરી લેવામાં આવ્યા છે. ભારતના ચૂંટણી પંચના નિયમો એવા છે કે, કોઈ રાજકીય પક્ષ લોકસભાની કુલ બેઠકમાંથી બે ટકા અર્થાત ૧૧ બેઠકો જીતે અને તે પણ લઘુત્તમ ત્રણ રાજ્યમાંથી લોકસભા કે વિધાનસભાની સામાન્યની ચૂંટણીમાં લઘુત્તમ ચાર રાજ્યોમાં માન્ય મતોમાંથી ૬ ટકા મતદાન હિસ્સો મળવા ઉપરાંત ઓછામાં ઓછા ચાર રાજ્યમાં રાજ્યપક્ષનો દરજ્જો મળ્યો હોય તો તે પક્ષ રાષ્ટ્રીય પક્ષની માન્યતા માટે લાયકી ધરાવે છે. જ્યારે, રાજ્યકક્ષાના રાજકીય પક્ષની માન્યતા માટેના ધોરણો જોઈએ તો જે તે પક્ષ ઓછામાં ઓછા પાંચ વર્ષથી રાજકીય પ્રવૃત્તિ સાથે સંકળાયેલો હોવો જોઈએ. આ ઉપરાંત લોકસભામાં પ્રતિ ૨૫ સભ્યોમાંથી એક અને વિધાનસભામાં પ્રતિ ૩૦ સભ્યોએ એક સભ્ય જે તે પક્ષનો હોવો જોઈએ. તો રાજ્યકક્ષા માટે ચૂંટણી પંચ માન્યતા આપે છે. માન્યતા પ્રાપ્ત રાજકીય પક્ષો સ્ટાર પ્રચારકો નોમિનેટ કરી શકે છે. મહત્વનું એ છે કે, તેમને માટે ચૂંટણી પ્રતીક અનામત રાખવામાં આવે છે.

### હાઈકોર્ટનો કન્યાદાનને લઈને એક મહત્વનો ચુકાદો

# હિંદુ લગ્નમાં કન્યાદાન વિધિ જરૂરી નહીં, સાત ફેરા લગ્ન માટે પૂરતાં

## અલ્હાબાદ હાઈકોર્ટે ચુકાદામાં એવું કહ્યું કે હિંદુ વિવાહ કાયદા હેઠળ લગ્ન માટે કન્યાદાનની વિધિ જરુરી નથી

। (એજન્સી) અલ્હાબાદ, તા.૭ ।

હિંદુઓમાં લગ્નમાં કન્યાદાનનું ખૂબ મહત્વ છે. કન્યાદાન વગર લગ્ન અધૂરા માનવામાં આવે છે પરંતુ હવે હાઈકોર્ટે કન્યાદાનને લઈને એક મહત્વનો ચુકાદો આપ્યો છે. અલ્હાબાદ હાઈકોર્ટની લખનઉ બેન્ચે ઠરાવ્યું છે કે હિન્દુ મેરેજ એક્ટ મુજબ હિંદુ લગ્ન માટે કન્યાદાનની વિધિ જરૂરી નથી. જસ્ટિસ સુભાષ વિદ્યાર્થીની સિંગલ બેન્ચે ઠરાવ્યું હતું કે હિન્દુ મેરેજ એક્ટમાં સપ્તપદીને હિન્દુ લગ્નના જરૂરી વિધિ તરીકે જ જોગવાઈ કરવામાં આવી છે અને તેમાં એવી કોઈ જોગવાઈ નથી કે હિંદુ વિવાહની સમાપ્તિ માટે કન્યાદાનની વિધિ જરૂરી છે. જસ્ટિસ સુભાષ વિદ્યાર્થીએ કહ્યું કે હિંદુ મેરેજ એક્ટ, ૧૯૫૫ મુજબ, 'સાત ફેરા' લગ્નની એકમાત્ર ફરજિયાત વિધિ માનવામાં આવે છે. 'કન્યાદાન' એક સાંસ્કૃતિક વિધિ છે જેમાં પિતા પોતાની પુત્રીને વરને સોંપે છે. આ ધાર્મિક વિધિ પિતૃત્વથી સ્ત્રીત્વ સુધીની યાત્રાનું પ્રતીક છે. હાઈકોર્ટે કહ્યું કે 'કન્યાદાન' એક મહત્વપૂર્ણ વિધિ હોઈ શકે છે, પરંતુ લગ્નની માન્યતા માટે તે જરૂરી નથી. કોર્ટે એમ પણ કહ્યું કે આ ધાર્મિક વિધિથી મહિલાઓ સાથે ભેદભાવ થઈ શકે છે. હાઈકોર્ટે કહ્યું કે હિંદુ મેરેજ એક્ટની કલમ ૭ જણાવે છે કે હિંદુ લગ્ન લગ્નના કોઈપણ પક્ષના પરંપરાગત સંસ્કારો અને વિધિઓ અનુસાર કરી શકાય છે. જોગવાઈ જણાવે છે કે જ્યાં આવા સંસ્કારો અને સમારંભોમાં સપ્તપદીનો સમાવેશ થાય છે (કન્યા અને વરરાજા દ્વારા પવિત્ર અગ્નિની સામે સંયુક્ત રીતે સાત પગલાં લેવા), લગ્ન સાતમું પગલું ભરવા પર સંપૂર્ણ અને બંધનકર્તા બને છે. આ કેસમાં વિગત એવી છે કે અરજદારે એવો આક્ષેપ કર્યો હતો કે ૨૦૧૫માં લગ્નના સંસ્કારને સમર્થન આપવા માટે તૈયાર કરાયેલા લગ્ન પ્રમાણપત્ર અંગે સાક્ષીઓના અગાઉના નિવેદનોમાં કેટલીક વિસંગતતાઓ હતી. અરજદારે દલીલ કરી હતી કે લગ્ન દરમિયાન કન્યાદાન કરવામાં આવ્યું હતું કે નહીં તે ચકાસવા માટે બે સાક્ષીઓ (એક મહિલા અને તેના પિતા)ની ફરીથી તપાસ કરવી પડશે, કારણ કે કન્યાદાન એ હિન્દુ લગ્નનો આવશ્યક ભાગ છે.

## તંત્રી લેખ...

# ચીનની નાપાક હરકતો અંગે માઈક્રોસોફ્ટએ ભારત સરકારને એલર્ટ કર્યું

ભારતમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ના દુરુપયોગ વિશે લાંબા સમયથી ચર્ચા ચાલી રહી છે, જે ટેક્નોલોજીનો હાથ પકડીને ઝડપથી વિકાસશીલ વિશ્વ સાથે તાલમેલ જાળવી રહ્યું છે. દરમિયાન, મોટી ટેક કંપની માઈક્રોસોફ્ટે એક બ્લોગ પોસ્ટમાં ભારત સરકારને લોકસભા ચૂંટણી ૨૦૨૪માં ચીનની દુષ્ટ ચાલ વિશે ચેતવણી આપી છે. અમેરિકા સ્થિત કંપની માઈક્રોસોફ્ટે કહ્યું કે ભારતમાં સામાન્ય ચૂંટણી દરમિયાન ચીન AI ટેક્નોલોજીનો દુરુપયોગ કરીને ચૂંટણીને પ્રભાવિત કરી શકે છે. કંપનીએ આ સમયગાળા દરમિયાન હેકિંગના પ્રયાસો અંગે પણ ચેતવણી આપી છે. માઈક્રોસોફ્ટના જણાવ્યા અનુસાર, ચીન સરકારના સાયબર જૂથો આ વર્ષે યોજાનારી મહત્વપૂર્ણ ચૂંટણીઓને નિશાન બનાવશે અને ઉત્તર કોરિયા પણ આમાં ભૂમિકા ભજવી શકે છે. આ વર્ષે સમગ્ર વિશ્વમાં મોટી ચૂંટણીઓ થઈ રહી છે, ખાસ કરીને ભારત, દક્ષિણ કોરિયા અને યુએસમાં, અમારું મૂલ્યાંકન એ છે કે ચીન AI પર સામગ્રી જનરેટ કરી રહ્યું છે. કંપનીનું કહેવું છે કે AI હેકર્સ માટે એક મોટું હથિયાર બની ગયું છે, જે વીડિયોને સરળતાથી મોર્ફ કરી શકે છે. AI ની મદદથી, પ્રખ્યાત વ્યક્તિઓના અવાજને બદલી શકાય છે અને મોટા પાયે જાહેરમાં શેર કરી શકાય છે, જે તેને વાયરલ થવામાં અને લાખો લોકો સુધી પહોંચવામાં મદદ કરે છે. માઈક્રોસોફ્ટે જણાવ્યું હતું કે જાન્યુઆરી ૨૦૨૪ માં તાઈવાનની રાષ્ટ્રપતિની ચૂંટણીને અસ્થિર કરવા માટે AI સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સરકાર સમર્થિત AI-જનરેટેડ સામગ્રી સાથે વિદેશી ચૂંટણીને પ્રભાવિત કરવાનો આ પ્રથમ પ્રયાસ હતો. મેમ્સ, વીડિયો અને ઓડિયોને પ્રમોટ કરવા માટે ચીન સતત આ પદ્ધતિનો ઉપયોગ કરી રહ્યું છે. લોકશાહીના મહાન તહેવાર એટલે કે સામાન્ય ચૂંટણીઓ માટે ભારતમાં ૧૯મી એપ્રિલથી મતદાન શરૂ થશે. છેલ્લા તબક્કાનું મતદાન ૧ જૂન, ૨૦૨૪ના રોજ થશે અને પરિણામ ૪ જૂન, ૨૦૨૪ના રોજ જાહેર કરવામાં આવશે. આ કારણે માઈક્રોસોફ્ટે ચેતવણી આપી છે કે તાઈવાનમાં રાષ્ટ્રપતિની ચૂંટણી બાદ ચીન આ વર્ષે અમેરિકા, દક્ષિણ કોરિયા અને ભારતમાં ચૂંટણીને પલટાવવા માટે AIનો ઉપયોગ કરી શકે છે. શુક્રવારે કંપનીની થ્રેટ ઈન્ટેલિજન્સ ટીમ દ્વારા પ્રકાશિત અહેવાલ અનુસાર, અમેરિકન ટેક ફર્મે કહ્યું કે તે અપેક્ષા રાખે છે કે ચાઈનીઝ સાયબર જૂથો ૨૦૨૪ માં હાઈ-પ્રોફાઈલ ચૂંટણીઓને લક્ષ્ય બનાવશે, જેમાં ઉત્તર કોરિયા પણ સામેલ હશે. માઈક્રોસોફ્ટે કહ્યું કે ચીન સોશિયલ મીડિયા દ્વારા AI-જનરેટેડ કન્ટેન્ટ બનાવશે અને તેને સોશિયલ મીડિયા પર અપલોડ કરશે જેનો તેમને ચૂંટણીમાં ફાયદો થશે. કંપનીએ કહ્યું કે AI જનરેટેડ કન્ટેન્ટની અસર ઓછી હશે. માઈક્રોસોફ્ટે જણાવ્યું હતું કે પ્રેક્ષકોને આકર્ષવામાં આવી સામગ્રીની અસર ઓછી રહેતી હોવા છતાં, ચીન ઝડપથી મીમ્સ, વીડિયો અને ઑડિયોનો ઉપયોગ વધારી રહ્યું છે.

## સ્વતંત્રતા બાદ આપણી ગરીબી અને વિશેષ પરિસ્થિતિઓમાં સુધારની જરૂર હતી

ભારતની નોકરશાહીને દેશના પહેલા ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલે 'સ્ટીલનું માળખું' એવી ઉપમા આપી હતી, એ જ માળખાને લઈને હવે સરકારની અંદરથી જ સવાલો ઉઠ્યા છે. વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના સદસ્ય સંજીવ સાન્યાલે ગત દિવસોમાં કહ્યું, '૨૦થી ૩૦ વર્ષના લાખો યુવાઓ પોતાના જીવનનાં બહુમૂલ્ય આઠ વર્ષ સિવિલ સેવા પરીક્ષાની તૈયારીમાં બરબાદ કરી દે છે. આઈએએસ, આઈપીએસ અને બીજી સેવાઓમાં જવાની લાલચ દર વર્ષે લાખો યુવાઓની ઊર્જાને બરબાદ કરી રહી છે. કોચિંગ સંસ્થા પણ આ જ વલણની ઉપજ છે.' સાન્યાલની વાતો જોતાં સિવિલ સેવા પરીક્ષા સંબંધિત કેટલીક બુનિયાદી વાતો પર ધ્યાન આપવું જરૂરી છે.

હાલમાં આ પરીક્ષામાં બેસવાની ઉંમર ૨૧ વર્ષથી ૩૭ વર્ષ વચ્ચે છે. સામાન્ય વર્ગના પરીક્ષાર્થીઓ માટે ઉંમર મર્યાદા ૩૨, ઓબીસી માટે ૩૫ અને એસસી-એસટી માટે ૩૭ વર્ષ છે. સામાન્ય વર્ગનો પરીક્ષાર્થી છ વખત પરીક્ષા આપી શકે છે. ઓબીસી નવ વખત અને એસસી-એસટી ૧૬ વખત. પહેલો પ્રશ્ન ઉંમર સીમા અને પ્રયાસની સંખ્યાને લઈને જ ઊઠે છે. ૧૯૭૯માં દોલતસિંહ કોઠારી સમિતિની ભલામણ પર તમામ પરીક્ષાઓ મળીને એક સિવિલ સેવા પરીક્ષા શરૂ કરવામાં આવી અને ઉંમર ૨૬ થી વધારીને ૨૮ વર્ષ કરવામાં આવી. તેમાં ત્રણ પ્રયાસ સામાન્ય વર્ગ માટે અને બાકીના માટે રાહત આપવામાં આવી. તેના પહેલાં ઉંમર ૨૪ અને ૨૬ સુધી જ સીમિત હતી. ૨૮ વર્ષ કરવાની પાછળ તર્ક હતો કે ત્યાં સુધી દેશમાં સાક્ષરતા દર ઓછો હતો અને ગ્રામીણ ક્ષેત્રના પરીક્ષાર્થીઓને મોકો આપવા માટે તેની જરૂર હતી. વસ્તુતઃ હાલની આઈએએસ પરીક્ષા બ્રિટિશકાળની આઈસીએસ પરીક્ષાનું બદલાયેલું નામ છે. બ્રિટિશ શાસનમાં આ સેવામાં ભરતીની ઉંમર ૧૯ વર્ષ અને પછી વધારીને ૨૧ વર્ષ કરવામાં આવી હતી. તેની પાછળ એ જ વિચાર રહ્યો કે પ્રશાસન ચલાવવા માટે આપણે યુવા જોઈએ અને યુવાઓના જોરે જ બ્રિટને દુનિયા પર રાજ કર્યું.

સ્વતંત્રતા બાદ આપણી ગરીબી અને વિશેષ પરિસ્થિતિઓમાં સુધારની જરૂર હતી, પરંતુ સુધારના નામે બગાડવાની નહીં. આપણી સાક્ષરતા વધી છે, સમાજના તમામ વર્ગ ઉચ્ચ શિક્ષણ હાંસલ કરી રહ્યા છે. તેમ છતાં પ્રશાસનિક ક્ષમતાને હડસેલીને રાજકીય રેવડીના નામે ઉંમર સતત વધારવામાં આવતી રહી. મંડલ પંચ બાદ ઉંમર ૨૮ થી વધારીને ૩૦ કરવામાં આવી. પછી યુપીએ સરકારે ૨૦૦૪માં ઉંમર મર્યાદા વધારીને ૩૦થી ૩૨ કરી દીધી. પ્રશ્ન એ છે કે શું ૩૦ વર્ષની ઉંમર પાર કરી ચૂકેલ પરીક્ષાર્થી આઈઆઈટી વગેરેમાંથી નીકળેલા એ નવયુવાનોનો મુકાબલો કરી શકે, જેમની ઉંમર ૨૧ થી ૨૫ વર્ષની હોય છે? વધુ ઉંમર સીમા અને પ્રયાસો પર કેટલીય વાર આંગળી ઊઠી છે. આ સ્વાભાવિક પ્રતિભાશાળીની પસંદગી નથી, સુવિધાઓ માટે દેશના નીતિ-નિયંતા બનવાની ચાહમાં ગોખણપટ્ટી કરીને કોચિંગ સંસ્થાઓમાં તંબુ તાણીને બેઠેલા થોડા યુવાઓનું મેદાન વધારે છે. પ્રશાસનિક સુધાર પંચે પોતાના રિપોર્ટમાં પણ ઉંમર મર્યાદાની સીમા અને પ્રયાસો ઓછા કરવાની વાત કહી છે. આ સંબંધે કેટલીય સમિતિઓની ભલામણો તો પડતર છે. ઉંમર સીમા ઘટાડવાના સવાલ પર કેટલાક લોકો ગરીબોની દુહાઈ આપવા લાગે છે, પરંતુ એ સમજવાની જરૂર છે કે ગરીબોનું ભલું એક સક્ષમ, પારદર્શી અને યોગ્ય નોકરશાહી જ કરી શકે છે. ઢીલાપોચા અને અપેક્ષાકૃત આધેડ લોકો નહીં. કેટલાક બીજા સુધારાની પણ જરૂર જણાય છે. યુપીએસસીને તેનો અહેસાસ હશે કે ૨૦૧૧માં શરૂ થયેલ સીસેટ પરીક્ષા લગભગ લોટરીનો ખેલ બની ચૂકી છે.

**શક્તિનો સામાન્ય અર્થ કરીએ તો શક્તિ એટલે આપણા દ્વારા કરવામાં આવતી ક્રિયા માટે જે જરૂરી બળ પુરું પાડે તેને શક્તિ કહેવામાં આવે છે**

# ચૈત્રીનાં શક્તિ પર્વ પહેલાં જોઈએ શક્તિનાં ત્રણ સ્વરૂપો, સ્ત્રી શક્તિ ! બુદ્ધિ શક્તિ! અને સૌંદર્ય શક્તિ !!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**સૌંદર્ય શક્તિ, હવે આ સૌંદર્ય એટલે કે સુંદરતા આગળ શક્તિ લગાડવાનું શું પ્રયોજન? એવો પ્રશ્ન ઘણાને થાય. પરંતુ સુંદરતા બાહ્ય હોય કે આંતરિક તેને કારણે ઘણા કાર્ય સંપન્ન થતા હોય છે, તો કુદરતી સૌંદર્ય પણ શક્તિનો મુખ્ય સ્ત્રોત રહ્યો છે**

આવતી કાલથી ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થઈ રહ્યો છે, મા આંગણે આવી ચૂકી છે, અને અંતરમાં એનો પ્રવેશ કરાવવો હશે, તો એનાં શુદ્ધ સ્વરૂપોને આત્મસાત કરવાં પડશે. તો આજે ચરિત્રની ઓળખમાં આપણે શક્તિનાં મુખ્ય ત્રણ સ્વરૂપો છે, એને વિશે જોઈશું. શક્તિની બોલબાલા જીવનમાં ખૂબ જ છે, ચૈતન્ય શક્તિ વગર પૃથ્વી ઉપર પાન પણ હલી શકતું નથી. પરમાત્માની આ સુંદર વ્યવસ્થા જળવાઈ રહે, તેની માટે શક્તિ એ એક આવશ્યક પરિબળ છે. જીવન આધાર સમા શક્તિના આ ત્રણ સ્વરૂપો, ખૂબ જ મહત્વનાં છે. એક સ્ત્રી શક્તિ, બીજું બુદ્ધિશક્તિ અને ત્રીજું સૌંદર્ય શક્તિ.

શક્તિનો સામાન્ય અર્થ કરીએ તો શક્તિ એટલે આપણા દ્વારા કરવામાં આવતી ક્રિયા માટે જે જરૂરી બળ પુરું પાડે તેને શક્તિ કહેવામાં આવે છે. હવે આપણે સૌ જાણીએ છીએ કે આપણા રોજિંદા જીવનની ક્રિયાનો મુખ્ય આધાર આપણા ઘરની મુખ્ય સ્ત્રી છે. સ્ત્રી છે તો જ માનવ જન્મ છે, સ્ત્રી છે તો શક્તિ છે, સ્ત્રી છે તો જ ઘર છે , સ્ત્રી છે તો જ ઘરની વ્યવસ્થા સુંદર છે, સ્ત્રી છે તો જ પૌષ્ટિક આહાર છે, સ્ત્રી છે તો જ દરેકનું ટાઈમ ટેબલ સચવાય છે, અને સ્ત્રી છે તો જ ઓછામાં ઓછા બજેટમાં ઘરનું સંચાલન થાય છે, એ સૌને પ્રસન્ન રાખવા માટે પોતાની જાત ઘસી નાખે છે, અને એટલે સ્ત્રી એટલે શક્તિ. સ્ત્રીને આપણે ત્યાં શક્તિ કહેવામાં આવે છે, એનું કારણ છે તે એક નવજાત શિશુને નવ મહિના સુધી પોતાના ગર્ભમાં ધારણ કરી, અને જન્મ આપે છે. આ ઉપરાંત પુરુષની સરખામણીમાં સ્ત્રી વધુ સમર્પણ કરનારી હોય, જીવન વ્યવહારો ટકી રહેતા હોય છે, તેથી તેને સ્ત્રી શક્તિ કહેવામાં આવે છે. મા જગત જનની જગદંબાના આદ્ય સ્વરૂપની આરાધનાનો પણ આપણે ત્યાં ખૂબ જ મહિમા છે. તો જનનીની જોડ સખી નહી જડે રે લોલ... એવા ઉત્તમ કાવ્ય પણ મા કે સ્ત્રી શક્તિ પર બન્યા છે. આમ તો સ્ત્રી અને પુરુષ બંને એકબીજાના પૂરક છે, છતાં પણ સ્ત્રીને શક્તિ અવતાર તરીકે માનવામાં આવે છે, તેનું કારણ તે એક ચેતનાને જન્મ આપે છે, સ્ત્રી વગર તો અસ્તિત્વ જ અધૂરું છે. સ્ત્રી શક્તિના ત્રણે અર્થોને પૂર્ણ રીતે સાર્થક કરી



જીવતી જોવા મળે છે. દાન ધર્મ વગેરેમાં પણ સ્ત્રીઓ હંમેશાં સંવેદના વધુ અનુભવતી હોયને આગળ હોય છે. કટકા માંથી કટકો કાઢવો એ સ્ત્રીની હંમેશા નીતિ રહી છે. આજકાલ તો સ્ત્રીઓએ પોતાનું દરેક ક્ષેત્રમાં વર્ચસ્વ સ્થાપિત કર્યું છે, તેમજ દુનિયાના દરેક ખૂણે જાણે સ્ત્રીઓ પોતાની અબળાની છાપ ભૂલવા મથી રહી હોય, તે રીતે પોતાના પરિવારને ઉપર લાવવા જીવન જીવી રહી છે. પ્રેમ એ તેનો મુખ્ય આધાર અને આહાર છે, સ્ત્રી પ્રેમ વગર રહી શકતી નથી, અને પ્રેમ વહેંચવો એ પણ સ્ત્રીની ખાસિયત છે, અને પ્રેમ એ અનન્ય શક્તિ પ્રદાન કરનાર તત્વ છે.

બુદ્ધિ શક્તિ, માનવીય અંતઃકરણ ચતુષ્કોણમાં મહત્વનું સ્થાન ધરાવતી બુદ્ધિથી સર્વ કાર્ય સુલભ અને સંપન્ન બને છે. અંતરીક કાર્ય હોય કે બાહ્ય કાર્ય દરેક કાર્ય બુદ્ધિ શક્તિ વડે જ થતા હોય છે. કયો આહાર ગ્રહણ કરવો, અને કયો ન કરવો, તે બુદ્ધિ નક્કી કરતી હોય છે, અને તે રીતે પછી તેમાંથી શક્તિ ઉત્પન્ન થાય છે. આ ઉપરાંત કયું કાર્ય કરવા જેવું છે, અને તેને કેવી રીતે સરળ બનાવી શકાય, તે પણ બુદ્ધિ શક્તિનું જ કાર્ય છે. બુદ્ધિ જો સત્ય અનુગામી હોય, તો જીવનમાં ઘણા સારા કાર્ય થઈ શકે, પરંતુ જો બુદ્ધિ અહમ કે ભોગ પ્રેરિત હોય તો અહીં પતનનાં દરવાજા પણ ખુલી શકે. ઘણીવાર ચિંતનમાં વિવેક બુદ્ધિની વાત કરી ગયા છીએ, એટલે બુદ્ધિમાં વિવેક હોવો બહુ જ જરૂરી છે, જેના કારણે સારા-નરસાનો ભેદ જાણી તે આગળનું કાર્ય કરે છે. મન બુદ્ધિ ચિત્ત અહંકાર આ અંતઃકરણ ચતુષ્કોણમાં બુદ્ધિ એ વિચારથી બને છે, એટલે સદવિચાર કરવાથી બુદ્ધિ નિર્મળ રહે છે. બળ અને બુધ્ધિ બંને જો ઈશ્વર ચરણે સમર્પિત હોય અથવા તો સત્યનિષ્ઠા ધરાવતા હોઈએ, તો જીવનમાં કર્મની ગતિ ઉર્ધ્વ તરફ થાય છે, અને જીવ લોક મંગળના કાર્ય પણ કરી શકે છે. આ ઉપરાંત વિજ્ઞાન દ્વારા જેટલી સિદ્ધિઓ આપણે હાંસલ કરી છે, તે બધી જ બુદ્ધિ શક્તિને કારણે છે. દરેકે દરેક ક્ષેત્રમાં મનુષ્યની પ્રગતિનો મુખ્ય સ્ત્રોત બુદ્ધિશક્તિ રહ્યો છે, એ વાતનો ઈક્રાર કરી શકાય તેમ નથી. આધુનિક ટેકનોલોજીની દરેક શોધ માનવીય બુદ્ધિને કારણે શક્ય બની છે. શિક્ષણ ક્ષેત્રે પણ આટલી બધી ક્રાન્તિ લાવનાર બુદ્ધિ જ છે. ડોક્ટરી શાખા તેમજ એન્જિનિયરિંગ શાખાઓમાં આટલા વિષયોને લઈને વિવિધતામાં પારંગતતા પ્રાપ્ત કરવી, એ પણ બુદ્ધિ શક્તિનું પરિણામ છે. ટૂંકમાં કહીએ તો બુદ્ધિ વગર જીવન અધૂરું છે, બુદ્ધિ એ માનવ શરીરના મહત્વના અંગ મગજને સંચાલન કરતું સૌથી મહત્વનું પરિબળ છે. બુદ્ધિ આગળ સદબુદ્ધિ એવું લગાડવાનું કારણ એ જ છે, કે જો બુદ્ધિ સત્ય અનુગામી હશે, તો જ જીવનમાં સાચો વિકાસ પ્રાપ્ત થશે, અથવા તો જીવન સફળ ને સરળ બનાવે છે.

સૌંદર્ય શક્તિ, હવે આ સૌંદર્ય એટલે કે સુંદરતા આગળ શક્તિ લગાડવાનું શું પ્રયોજન? એવો પ્રશ્ન ઘણાને થાય. પરંતુ સુંદરતા બાહ્ય હોય કે આંતરિક તેને કારણે ઘણા કાર્ય સંપન્ન થતા હોય છે, તો કુદરતી સૌંદર્ય પણ શક્તિનો મુખ્ય સ્ત્રોત રહ્યો છે, પ્રકૃતિમાં અસંખ્ય એવા તત્વો છે, જેને કારણે આપણને રોજ શક્તિ પ્રાપ્ત થાય છે. કુદરતના સૌંદર્યની આગળ બીજું એક પણ સૌંદર્ય ટકી ન શકે. અને આમ જુઓ તો માનવ દેહની સુંદરતા પણ ઈશ્વર આધિન છે. એ તો માનવ પોતાના અહંકારને કારણે રૂપ સ્વરૂપ માટે, પોતે જવાબદાર છે તેવું ગણાવે છે. બાહ્ય સુંદરતા કરતા આંતરિક સુંદરતાનું મૂલ્ય ઘણું વધારે હોય છે.બાહ્ય સુંદરતા એ ઈશ્વરીય વરદાન છે, પરંતુ આંતરિક સુંદરતા ન હોય તો તેનું મૂલ્ય એટલું રહેતુ નથી. આંતરિક સૌંદર્ય પોતાનાં બળ બુદ્ધિ પર નિશ્ચિત થતું હોય છે. સ્ત્રી હોય કે પુરુષ સૌને સુંદર દેખાવું ગમે છે. આજકાલ તો સૌંદર્ય પ્રસાધનોની પણ એક બજાર ઊભી થઈ છે, તો મીડિયા વગેરેમાં એડવર્ટાઈઝમેન્ટ કરીને આ પ્રસાધનોનો પ્રચાર પણ વધ્યો છે, કોઈપણ પ્રોડક્ટથી સુંદરતા વધતી હોય, તો તે સારી વાત છે. પરંતુ બાહ્ય સુંદરતાને આટલું મહત્વ આપ્યા વગર, જીવનમાં સત્ય, ઈમાનદારી, પ્રેમ, પ્રમાણિકતા, નીતિ, વગેરેને સ્થાન આપી, આંતરિક સૌંદર્ય વધારીએ તો જીવન વધુ સફળ બનશે, એ વાત સો ટકા સાચી છે. બાહ્ય સુંદરતા અને આંતરીક સુંદરતા બંને હોય, એવા કિસ્સા બહુ ઓછા હોય છે, કારણ રૂપનો પોતાનો એક અલગ નશો હોય છે, અને જીવ લાખ પ્રયત્ન કરે તે છતાં તે પોતાના રૂપથી પોતે પણ પ્રભાવિત થાય છે, અને બીજાને કરી ધાર્યા કાર્ય પણ કરાવે છે. પુરાણો અને શાસ્ત્રોમાં અપ્સરા ઓ દ્વારા ઋષિમુનિઓની સમાધી ભંગના દાખલાઓ આપણે સૌ જાણીએ છીએ, તો સમુદ્રમંથન સમયે ભગવાન વિષ્ણુ મોહિનીનું રુપ ધારણ કરીને અમૃત દેવોને વહેંચી દીધું હતું,એ વાત પણ આપણે સૌ જાણીએ છીએ. પરંતુ અહીં આપણે સૌ માર ખાઈ ગયા, એટલે સૌંદર્ય એ મનોરંજનનુંને ક્યાંક શોષણનું સાધન માત્ર બની ગયું. બાહ્ય સૌંદર્ય શક્તિ હોય, કે આંતરિક સૌંદર્ય પરંતુ તે ઈશ્વર ચરણે સમર્પિત હોય તો જ જીવનની મહત્તા વધે છે.

પ્રકૃતિનું પોતાનું એક સ્વરૂપ છે, અને અપ્રીતમ સૌંદર્ય છે. પર્વતો માંથી ઝરણા સ્વરૂપે ખળખળ વહેતા વહેતા તે નદી બને છે, અને એ નદી સમુદ્રમાં સમર્પણ કરી સમાઈ જાય છે. આકાશમાં સવાર થતાં જ રોજ સૂર્ય ઉગે છે, અને સાંજ પડતાં આથમે છે. ચંદ્ર રાત્રે ચાંદની ફેલાવે છે. ઋતુઓ સમયે આવી પોતાનું કાર્ય કરે છે. ફૂલ છોડ પર નવા નવા રંગીન ફૂલ અને રસાળ ફળ ઉત્પન્ન થાય છે. પશુ-પંખીઓ પોતાની મધુર બોલીમાં ગીતો ગાતા નજરે ચડે છે. પવન હરક્ષણ વહીને આ બધું જીવંત છે, તેની પ્રતીતિ કરાવે છે. પાંદડાઓ લહેરાઈને પવનનું સ્વાગત કરે છે. નદીનું પાણી પોતાનીનિર્મળતાથીબધુંજજાણેપવિત્રકરવાં મથી રહી હોય તેમ વહે છે. ચોમાસામાં તો પૃથ્વી લીલી છમ ઓઢણી ઓઢી ને બેઠી હોય તેવું લાગે છે. શિયાળાની સવારે ઝાકળ બિંદુના પ્રેમથી દરેક વસ્તુ ભીંજાય છે. તો આ પ્રકૃતિનું સૌંદર્ય છે, અને એ જોઈ દરેકને પ્રસન્નતા થાય છે, અથવા સાચો આનંદ પ્રાપ્ત થાય છે. આનંદ સકારાત્મક શક્તિ પ્રદાન કરનાર હોવાથી, જીવનમાં સંતોષને શાંતિ આવે છે. દરેકે દરેક જીવ શક્તિ શબ્દનાં સૂક્ષ્મતમ અર્થને ગ્રહણ કરી જીવનને યથાર્થ સફળ બનાવી શકે છે.

**આજના દિવસે ગંગા સ્નાનનું વિશેષ મહત્વ છે જો ગંગા સ્નાન, શક્ય ન હોય તો નદીમાં સ્નાન કરીને શિવ પાર્વતીની પૂજા કરવી**

# આજે સવંત ૨૦૮૦માં ફાગણ વદ અમાસને સોમવાર એટલે સોમવતી અમાસ સૂર્ય ગ્રહણ ભારતમાં નહીં પણ ઉત્તર- મધ્ય અમેરિકા,પૂર્વ કેનેડામાં વિશેષ જોવા મળશે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**સોમવતી અમાસ સૌભાગ્યવતી સ્ત્રીઓ પોતાના સૌભાગ્ય અને પરિવારની સુખા કારી હેતુ તેનું વ્રત વિધાન કરે છે જે પ્રાતીય રિવાજ કે માર્ગદર્શન મુજબ કરવામાં આવે છે**

આજે સવંત ૨૦૮૦માં ફાગણ વદ અમાસને આઠમી એપ્રિલ-૨૦૨૪ સોમવારના ખગ્રાસ સૂર્યગ્રહણ છે અને ત્યારે જ સોમવતી અમાસ પણ છે અલબત્ત, ભારતમાં આ ગ્રહણ દેખાવાનું નહીં હોવાથી પાળવાનું નથી. આવતી કાલે નવમી એપ્રિલથી ચૈત્રી નવરાત્રિનો પ્રારંભ થશે.

આ સંવંત ૨૦૮૦માં ફાગણ કૃષ્ણપક્ષને અમાસના સોમ વારે મીન રાશિમાં રેવતી નક્ષત્રમાં થનારું ખગ્રાસ અને ખંડગ્રાસ સૂર્ય ગ્રહણ ભારતમાં નહીં પણ ઉત્તર- મધ્યઅમેરિકા,પૂર્વ કેનેડામાં વિશેષ જોવા મળશે.જ્યોતિષીઓના મતે અમાસના દિવસે આવતું સૂર્ય ગ્રહણએ ઘણા ભાવિકો માટે કોઈ મંત્ર,કામના માટે સિદ્ધયોગ ગણાય છે.

ભારતીય સમય મુજબ ગ્રહણ સમય ગ્રહણ સ્પર્શ ૨૧ કલાક ૧૨ મિનિટ દશ સેકન્ડ, ગ્રહણ સંમીલન ૨૨ કલાક ૮ મિનિટ ૪૭ સેકન્ડ, ગ્રહણ મધ્ય ૨ ૩ કલાક ૪૭ મિનિટ ૧૬ સેકન્ડ, ગ્રહણ ઉન્મિલન:૨૫ કલાક ૨૫ મિનિટ ૩૨ સેકન્ડ, ગ્રહણ મોક્ષ ૨૬ કલાક ૨૨ મિનિટ ૧૪ સેકન્ડ ગ્રહણગ્રાસ માન:૧.૦૫૭,ગ્રહણ અવધિ : ૫ કલાક ૧૦ મિનિટ.

સોમવતી અમાસ એટલે સોમવારે અમાસ આવે તેને સોમવતી અમાસ કહેવાય. સોમવતી અમાસ સૌભાગ્યવતી સ્ત્રીઓ પોતાના સૌભાગ્ય અને પરિવારની સુખા કારી હેતુ તેનું વ્રત વિધાન કરે છે. જે પ્રાતીય રિવાજ કે માર્ગદર્શન મુજબ કરવામાં આવે છે.

જેમાં સવારે શિવ મંદિરમાં શિવ લિંગ પર જળ અભિષેક કરવામાં આવે છે તેમજ માતા પાર્વતીનું પૂજન થાય છે. પીપળા ના વૃક્ષને જળ વડે સિંચન કરતા પ્રદક્ષિણા, પ્રાર્થના અને આ દિવસે માર્ગદર્શન મુજબ ઉપવાસ પણ કરવામાં આવે છે. આ વ્રત અંગે વધુ માર્ગદર્શન લઈને જો કરવામાં આવે તો પતિ અને પરિવારની સુખાકારીમાં વૃદ્ધિ થાય છે તેવી ધાર્મિક માન્યતા રહેલી છે.આપના ધર્મશાસ્ત્રો અનુસાર સોમવતી અમાસે કરવામાં આવેલું દાન પુણ્ય અને પૂજાનું વિશેષનું મહત અમાસે કરવામાં આવેલી પૂજા,ઉપવાસ,સ્નાન,દાનથી ઘર માં સુખ,શાંતિ સમૃદ્ધિના આશિષ મળે છે.

સોમવતી અમાસનું મહત્વઃ પુરાણ મુજબ સોમવતી અમાસના દિવસે નાન દાનની પરંપરા છે. આજના દિવસે ગંગા સ્નાનનું વિશેષ મહત્વ છે. જો ગંગા સ્નાન, શક્ય ન હોય તો નદીમાં સ્નાન કરીને શિવ પાર્વતીની પૂજા કરવી.તુલસીજીની પૂજાનું પણ વિશેષ મહત્વ છે. સોમવતી અમાસે તુલસીજીની પૂજા કરવી લાભદાયક માનવામાં આવે છે. જો કુંડલીમાં પિતૃ દોષ હોય તો અમાસના દિવસે તર્પણ કરવાથી પિતૃના આશિર્વાદ મળે છે. પતિના દિર્ધાયુ માટે સુહાગણ આજના દિવસે ઉપવાસ પણ કરે છે. સુખ સમૃદ્ધિ અને શાંતિના આશિષ મેળવવા માટે સોમવતી અમાસનો દિવસ ઉત્તમ માનવામાં આવે છે. સોમવતી અમાસમાં જે રીતે તુલસીજી અને પિતૃની પૂજા અર્ચનાનું મહત્વ છે. તેવી જ રીતે સોમવતીઅમાસમાં શિવ ઉપાસના સાધનાનું પણ મહત્વ છે. સોમવતી અમાસના દિવસે મહાદેવને જલાભિષેક કરીને વિશેષ પૂજન અર્ચન કરવાથી વિશેષ ફળ મળે છે. સોમવતી અમાસના દિવસે શિવ મંદિર જઈને દર્શન અવશ્ય કરવા, પીપળાને જળ અર્પણ કરવાથી પણ પિતૃ પ્રસન્ન થાય છે.સોમવતી અમાસનું મહાત્મ્ય દર્શાવતી એક દંતકથા આપણે જોઈએ. પ્રાચીન કાળમાં દેવો અને દાનવો વચ્ચે યુધ્ધ થયું. યુધ્ધમાં દેવોની હાર થવા લાગી અને દાનવોની વિજય મતાકા લહેરાવવા લાગી.. ઈન્દ્રનું ઈંદ્રાસન ડોલવાલાગ્યું.દેવો ચિંતા તુર હતા. તેમણે વિષ્ણુ ભગવાનને પ્રાર્થના કરીને દધિચી ઋષિના પીઠ ના હાડકાનું શસ્ત્ર બનાવી તેનો યુધ્ધમાં ઉપયોગ કરવાનું કહયું. ઈન્દ્ર બ્રાહમણનો વેશ ધારણ કરી દધિચી ઋષિ પાસે ગયા.દાનમાં પીઠના હાડકાની માગણી કરી ઋષિએ "તથાસ્તુ કહયું પણ એક શરત મૂકી કે તેઓ અસ્થિદાન આપશે પણ તે ૫ હેલાં દેશના સર્વતીર્થોમાં સ્નાનકર્યાબાદ જ.એટલે દેવાધિદેવ ઈન્દ્ર ઋષિને સન્નીહિત સરોવરમાં સોમ વતી અમાસના દિવસે" સ્નાન કરવાથી તેમની દરેક ઈચ્છા પરિપૂર્ણ થશે અને જે જે તીર્થ સ્થાનો દેવદેવીઓનું સ્મરણ કરશે તે સ્વયં પ્રગટ થશે તેમ કહયું કહેવાય છેકે દધિચીઋષિએ સોમ વતી અમાસે સન્નિહિત સરોવરમાં તે રીતે સ્નાન કર્યું અને જેજે તીર્થો દેવ-દેવીઓનું સ્મરણ કર્યું તે ત્યાં પ્રગટ થયાં. આમ,ઋષિની મનોકામના પરિપૂર્ણ થતાં ઋષિવર્યે પોતાનું જીવન સમર્પિત કર્યું. તેમના પીઠના હાડકાં માંથી શસ્ત્ર તૈયાર થયું અને તેનો ઉપયોગ યુદ્ધમાં દેવોએ કરતાં દેવો ઓએ દાનવો પર વિજય પ્રાપ્ત કર્યો કહેવાય છે કે,જે દિવસે સોમ વાર" અને અમાસનો યોગ થયો હોય ત્યારે જળમાં ગંગા પુષ્કર તીર્થ અને કપિલધારાનો ત્રિવેણી સંગમ થાય છે. આ પરમ પવિત્ર દિવસે પૃથ્વી, આકાશ અને સ્વર્ગના સર્વ તીર્થ સ્થાનો જળા શયમાં આવીને વસે છે, તેથી જ આ દિવસે વ્રતધારી અથવા કોઈ પણ વ્યક્તિએ કરેલ તીર્થસ્નાન, દાન-દક્ષિણા, યજ્ઞ- હોમ હવન, ધ્યાન-પુજા વગેરે અક્ષય બને, છે. મધ્યાહન સમયે સૂર્યાસ્ત પછી જયારે વાર અને તિથીનો સુભગ યોગ થતો હોય તે સમયને પુણ્યકાળ કહે છે આવા પુણ્યકાળ દરમ્યાન પ્રારંભ કરેલ દરેક કાર્યો માંગલિક બની પરિપૂર્ણ બને છે. આવા સોમવારના શુભ દિવસે પીપળાના વૃક્ષનું પૂજન- અર્ચન કરવાથી પાપો નાશ પામેછે ચજન્મ-જન્માંતર સુધી સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. પુત્ર- પૌત્રા દીની અભિવૃદ્ધિ થઈ વંશવેલો જળવાઈ રહે છે. આજે ફાગણ માસનો છેલ્લો દિવસ. વિક્રમ સંવત૨૦૮૦ આઠમી એપ્રિલ- ૨૦૨૪ને ફાગણ વદ- આમવસ્યાને સોમવાર, એટલે સોમવતી અમાવસ્યા.

વાચક ચાહક મિત્રો આજે વર્ષની પ્રથમ સોમવતી અમાવસ્યા આઠમી એપ્રિલે છે. એટલે કે સોમવાર અને અમાવસ્યાનો સંયોગ છે, તેથી તેને સોમવતી અમાવસ્યા કહેવામાં આવે છે. આવો સંયોગ વર્ષમાં બે કે ક્યારેક ત્રણ વાર બને છે.

પુરાણોમાં આવી અમાવસ્યાને મહાન તહેવાર કહેવામાં આવે છે, કારણ કે આ અમાવસ્યા પર સ્નાન અને દાન કરવાથી ઘણું પુણ્ય મળે છે.સોમવતી અમાવસ્યા પર પૂજા, ઉપવાસ, સ્નાન અને દાન કરવાથી અનેક યજ્ઞોનું ફળ મળે છે. તીર્થસ્નાન કરવાથી અનેકગણું પુણ્ય મળે છે. મહાભારતમાં ભીષ્મે યુધિષ્ઠિરને આ દિવસનું મહત્ત્વ સમજાવ્યું હતું અને કહ્યું હતું કે જે વ્યક્તિ આ દિવસે પવિત્ર નદીઓમાં સ્નાન કરે છેતે સમૃદ્ધ,સ્વસ્થ અને તમામ દુઃખોથી મુક્ત રહેશે.

નારદ પુરાણઃ સોમવાર અને અમાવસ્યાના સંયોગ દરમિયાન કરવામાં આવેલું દાન ખૂબ જ પુણ્યપૂર્ણ છે. સનાતન ઋષિએ નારદજીને દર મહિને આવતી અમાવસ્યાનું મહત્ત્વ જણાવ્યું છે. ઋષિ અનુસાર, જ્યારે અમાવસ્યા સોમવારે આવે છે, ત્યારે તે સોમ વતી અમાવસ્યા સાથે એકરુપ થાય છે. આ યોગમાં કરેલું દાન શુભ માનવામાં આવે છે. એટલે કે આ તિથિએ કરવામાં આવેલ દાનથી તમામ પ્રકારના શુભ ફળ મળે છે. સોમવતી અમાવસ્યા પર શ્રાદ્ધ કરવાથી પિતૃઓ સંતુષ્ટ થાય છે.આ વર્ષે સોમવતી અમાવસ્યા વધુ બે વખત આવશે

આઠમી એપ્રિલ પછી આગામી બીજી સપ્ટેમ્બરે સોમવતી અમાવસ્યાનો સંયોગ આવશે. આ શ્રાવણ મહિનાની અમાવાસ્યાનો દિવસ હશે. મનવદી તિથિ હોવાથી આ દિવસે સ્નાન અને દાનનું મહત્ત્વ અનેકગણું વધી જશે. તે પછી વર્ષનો છેલ્લો સંયોગ ત્રીસમી ડિસેમ્બરે થશે.

# ફિલ્મ 'બડે મિયાં છોટે મિયાં' રૂપિયા ૩૫૦ કરોડના બજેટમાં બની



અક્ષય કુમાર અને ટાઈગર શ્રોફ સ્ટાર ફિલ્મ બડે મિયાં છોટે મિયાં ૩૫૦ કરોડ રુપિયાના બજેટમાં બની છે. ફિલ્મ એક્શનથી ભરપુર છે. જેનો અંદાજો ટ્રેલર જોઈને લાગી જાય છે, હવે ફિલ્મના ડાયરેક્ટર અલી અબ્બાસ ઝફરે ફિલ્મમાં આવેલા ખર્ચાને લઈ વાત કરી છે. તેમણે કહ્યું છે કે, આ ફિલ્મના શૂટિંગ પાછળ રોજનો ૩ થી ૪ કરોડ રુપિયાનો ખર્ચો આવતો હતો. આ સાથે તેમણે એ પણ કહ્યું છે કે, એક્શન ફિલ્મમાં એક આખી શાળાને તૈયાર કરવામાં આવી હતી અને વીએફએક્સના ટૂલનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે. અલી અબ્બાસ ઝફરને પુછવામાં આવ્યું કે, તેમણે પુજા એન્ટરનેટનમેન્ટને આટલો મોટો પ્રોજેક્ટ કરવા માટે કઈ રીતે રાજી કર્યા, તેમણે કહ્યું કે,તેને કોઈ એવા વ્યક્તિને જરુર હતી કે, તેના પર આંખો બંધ કરીને વિશ્વાસ કરી શકે, ત્યારબાદ ભગનાની સાથે આવ્યો. તો તેમણે એક જવાબદારીના રુપમાં લીધો અને ફિલ્મને પુરી કરી. તેમણે કહ્યું જ્યારે અમે ફિલ્મની સ્ક્રિપ્ટ લખી તો અમે સૌ લોકો ખુશ હતા. અલી અબ્બાસ ઝફરે કહ્યું કે, બજેટ સૌથી મોટું પ્રેશર જે અભિનેતા અને ફિલ્મમેકર હંમેશા અનુભવે છે. જો તમે બાઈક સ્ટંટ કરવા માંગો છો તો દરેક બાઈકની કિંમત ૪ લાખ રુપિયા છે અને જો સ્ટંટ ખોટો થયો તો તમારે ૪ લાખ ગુમવવા પડે છે. જો તમે ૩૦-૪૦ લાખ રુપિયાની કિંમત વાળી બાઈકને સ્ટંટમાં સામેલ કરી રહ્યા છો તો આટલા રુપિયા ગુમવવા પડશે. બડે મિંયા છોટે મિયાંમાં આવા સ્ટંટ કરવા એક દિવસમાં ૩-૪ કરોડ રુપિયાનો ખર્ચો થતો હતો. તમામ ખર્ચ ખુબ મોંઘો હતો. સોશિયલ મીડિયા પર શેર કરેલા પોસ્ટરમાં અક્ષય કુમારની સાથે ટાઈગર શ્રોફ પણ જોવા મળશે. નોંધનીય છે કે અભિનેત્રી માનુષી છિલ્લર અને અલાયા એફ પણ આ મુવીમાં ખાસ ભૂમિકામાં જોવા મળશે.

### ટ્રોલ થતા કહ્યું 'પોઝિટિવિટી ફેલાવો'

# ઉર્વશી રૌતેલા ફરીવાર રિષભ પંતને લઇ ચર્ચામાં, ઉડાવી હાઇટની મજાક



ક્રિકેટર ઋષભ પંતને લઈને ઉર્વશી રૌતેલા દરરોજ ચર્ચાઓમાં રહે છે. ફરી એકવાર અભિનેત્રી આ જ કારણે ચર્ચામાં આવી ગઈ છે, પરંતુ લોકોને લાગે છે કે તે ક્રિકેટરની હાઈટની મજાક ઉડાવી રહી છે. જો કે હવે અભિનેત્રીએ પણ આ અંગે ખુલાસો કર્યો છે. સોશિયલ મીડિયા પર ભારતીય ક્રિકેટર ઋષભ પંત સાથે ઉર્વશી રૌતેલાને જોડીને લોકો ઘણી મજા કરતા રહે છે. આ બંનેની ચર્ચા મીડિયામાં ત્યારથી શરૂ થઈ ગઈ હતી જ્યારે એક વાર ઉર્વશીએ આરપી કહીને ઈન્ટરવ્યુ આપ્યો હતો અને કહ્યું હતું કે જ્યારે તે એક શૂટ માટે દિલ્હી ગઈ હતી ત્યારે આરપી નામના વ્યક્તિએ એક હોટલમાં આખી રાત તેની રાહ જોઈ હતી. અહીંથી લોકોને લાગ્યું કે તે ઋષભ પંત વિશે વાત કરી રહી છે. જોકે, બાદમાં ઋષભ પંતે પણ સ્પષ્ટતા કરી હતી અને કહ્યું હતું કે આ માત્ર તેનો પબ્લિસિટી સ્ટંટ છે અને ઉર્વશીથી પોતાનો પીછો છોડાવવાની વાત પણ કહી હતી.

આ પછી ઘણીવાર બંને વચ્ચે સોશિયલ મીડિયા પર વિવાદ જોવા મળ્યો, પરંતુ આ વખતે મામલો અલગ જ નીકળ્યો છે. તાજેતરમાં જ ઉર્વશી રૌતેલા એક નવી મેટ્રિમોનિયલ જાહેરાત માટે ચર્ચાઓમાં આવી ગઈ છે અને લોકોને લાગી રહ્યું છે કે ફરી એકવાર અભિનેત્રી ઋષભ પંત વિશે વાત કરી રહી છે. જોવાવાળા એવું જ કહી રહ્યા છે કે ઉર્વશી ક્રિકેટરની હાઈટની મજાક ઉડાવી રહી છે, પરંતુ આ વખતે અભિનેત્રીએ સોશિયલ મીડિયા પર લખીને સ્પષ્ટતા કરી છે. ઉર્વશીએ એક લાંબી પોસ્ટ કરી છે અને લખ્યું છે કે તેણે એડમાં જે પણ બતાવ્યું છે તે માત્ર સ્ક્રિપ્ટનો એક ભાગ હતો. તાજેતરમાં, ઉર્વશી રૌતેલા એક મેટ્રિમોનિયલ બ્રાન્ડની જાહેરાતમાં જોવા મળી હતી, જેમાં તે અભિનેતાઓ, ઉદ્યોગપતિઓ, ગાયકો અને ક્રિકેટરો વિશે વાતો કરી રહી છે. તે કહેતી દેખાઈ રહી છે કે, હું તમામ લોકોને મળી, જેમાં બિઝનેસમેન, એક્ટર્સ અને કેટલાક ક્રિકેટર પણ છે અને તેમાંથી ઘણા તો એવા છે કે જે મારી હાઈટના નથી. આ એડ સામે આવતા જ લોકોને લાગ્યું કે અભિનેત્રી ઋષભ પંત તરફ ઈશારો કરી રહી છે અને તેઓ અભિનેત્રીને ટ્રોલ કરવા લાગ્યા. લોકોનું કહેવું છે કે ઉર્વશીએ ભલે ક્રિકેટરનું નામ ન લીધું હોય પરંતુ તે તેમની જ મજાક ઉડાવી રહી છે.

**ઉર્વશીએ એક લાંબી પોસ્ટ કરી છે અને લખ્યું છે કે તેણે એડમાં જે પણ બતાવ્યું છે તે માત્ર સ્ક્રિપ્ટનો એક ભાગ હતો**



# શું કપિલ શર્માના શોમાં પુનઃ સિદ્ધુ પાજીની થશે રિએન્ટ્રી



કોમેડી કિંગ કપિલ શર્મા પોતાનો નવો શૉ લઈને આવી ગયા છે. કપિલનો નવો શૉ 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો પ્રોમો' ટીવીની જગ્યા પર ઓટીટી પર સ્ટ્રીમ થઈ રહ્યું છે. શૉનો પહેલો એપિ સોડ ૩૦ માર્ચે સ્ટ્રીમ થયો છે. 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'નું પ્રીમિયર રણબીર કપૂર, નીતુ કપૂર અને રિદ્ધિમા કપૂર સાથે થયું હતું. કપૂર પરિવાર સાથેના એપિસોડને ઓટીટી પલેટફોર્મ પર ખૂબ પસંદ કરવામાં આવી રહ્યો છે. પહેલા એપિસોડની સફળતા બાદ ક્રિકેટર રોહિત શર્મા અને શ્રેયસ અય્યર કપિલ શર્માના કોમેડી શોના બીજા એપિસોડમાં જોવા જઈ રહ્યા છે. હાલ સોશિયલ મીડિયા પર બીજા એપિસોડનો નવો પ્રોમો સામે આવ્યો છે, જેમાં કપિલ શર્મા સિદ્ધુના લૂકમાં જોવા મળી રહ્યો છે, જ્યારે કૃષ્ણા અભિષેક પોતાની મસ્તી અને જોક્સથી દર્શકોનું મનોરંજન કરતા જોવા મળી રહ્યા છે.'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'નો નવો પ્રોમો ઈન્ટરનેટ પર ઘણો પસંદ કરવામાં આવી રહ્યો છે. હવે એ વાત તો જાણીતી જ છે કે કપિલ શર્માના શૉ 'કોમેડી નાઈટ વિધ કપિલ'માં પહેલા ક્રિકેટર નવજોત સિંહ સિદ્ધૂ જજ તરીકે આવતા હતા. પરંતુ તેમના કોઈ વિવાદના કારણે તેમને શૉ છોડવો પડ્યો હતો. મોટાભાગે કપિલ સિદ્ધૂને લઈને મઝાક કરતા જોવા મળે છે. આ વખતે કોમેડિયને સિદ્ધૂ બની એક વીડિયો શેર કર્યો છે. એટલે કે નવજોત સિંહ સિદ્ધુ પોતે 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો પ્રોમો'ના નવા એપિસોડમાં જોવા મળવાના નથી. તેના બદલે, કપિલ શર્મા સ્ટેજ પર કુર્તા-પાયજામા અને તેના જેવા તેના માથા પર પાઘડી પહેરીને જોવા મળશે. ત્યારબાદ કપિલ શર્મા જઈને અર્ચના પુરણ સિંહની સીટ પર બેસશે.

# વક્રાંત મેસીને બર્થડે પર ભેટમાં ગુલઝારની જૂતિયા મળી હતી

### વર્ષ ૨૦૦૭માં વિક્રાંત મેસીએ એક ડાન્સિંગ રિયાલિટી શોમાં પણ ભાગ લીધો હતો, જોકે, આ શો પછી વિક્રાંતને કોઈ ખાસ ઓળખ મળી ન હતી



બોલિવૂડના મશહૂર અભિનેતા વિક્રાંત મેસ્સી ૩ એપ્રિલે પોતાનો જન્મદિવસ ઉજવી રહ્યો છે. વિક્રાંત મેસીએ ૧૧ વર્ષની કારકિદીમાં એક ખાસ ઓળખ સ્થાપી છે. વિક્રાંત મેસીએ તેની કારકિદીની શરૂઆત વર્ષ ૨૦૧૩માં ફિલ્મ 'લૂંટેરા'થી કરી હતી. રણવીર સિંહ અને સોનાક્ષી સિંહાની આ ફિલ્મમાં વિક્રાંત મેસી પણ ખાસ ભૂમિકામાં જોવા મળ્યો હતો. આ ફિલ્મ પછી લોકો વક્રાંતની એક્ટિંગના ખુબ વખાણ કરવા લાગ્યા અને અઢળક ફિલ્મો ઓફર થવા લાગી. વિક્રાંતે ફિલ્મોમાં કામ કરતા પહેલા ડાન્સની ટ્રેનિંગ લીધી હતી. વર્ષ ૨૦૦૭માં વિક્રાંત મેસીએ એક ડાન્સિંગ રિયાલિટી શોમાં પણ ભાગ લીધો હતો. જોકે, આ શો પછી વિક્રાંતને કોઈ ખાસ ઓળખ મળી ન હતી. વિક્રાંત મેસીએ દીપિકા પાદુકોણ સાથે ફિલ્મ 'છપાક'માં પણ કામ કર્યુ હતું. આ સાથે વિક્રાંત મેસીને સૌથી લોકપ્રિય વેબસીરીઝ મિર્ઝાપુરથી પણ ખાસ ઓળખ મળી હતી. આ સીરિઝ હિટ થયા પછી વિક્રાંતના જીવનને નવો વળાંક મળ્યો. પોતાના એક ઈન્ટરવ્યુમાં વિક્રાંત મેસીએ જણાવ્યું હતું કે, તે વોશરૂમની લાઈનમાં ઉભો હતો. પછી એક ટેલિવિઝન એક્ઝિક્યુટિવે પૂછ્યું કે, શું તે એક્ટિંગ કરશે? આ પછી વિક્રાંત એક્ઝિક્યુટિની ઓફિસમાં મળવા ગયો અને કહેવામાં આવ્યું કે તેણે એક મહિનામાં ચાર એપિસોડ શૂટ કરવાના છે અને તેને દરેક એપિસોડ માટે ૬,૦૦૦ રૂપિયા આપવામાં મળશે. વિક્રાંતે કહ્યું હતુ કે, તેણે આ ઓફર પૈસા માટે નહીં, પરંતુ શીખવાની ઈચ્છાથી સ્વીકારી છે.

# સલવાર-સૂટમાં નજરે પડી ફિટ ફિગરની માલકિન મલાઇકા




બોલિવૂડ ઈન્ડસ્ટ્રીની પોપ્યુલર એક્ટ્રસ મલાઈકા અરોરાનો અંદાજ ફેન્સને ખૂબ પસંદ પડી રહ્યો છે. જો કે દર વખતે હોટ અવતારમાં જોવા મળતી મલાઈકા આ વખતે એકદમ સાદગીભર્યા લુકમાં જોવા મળી રહી છે. આ અંદાજ ફેન્સને ખૂબ પસંદ પડી રહ્યો છે. આ વખતે મલાઈકા ટ્રેડિશનલ લુકમાં જોવા મળી રહી છે. મલાઈકા અરોરાને પૈપરાઝીએ કેમેરામાં કેદ કરી લીધી છે. આ તસવીરો હાલમાં સોશિયલ મિડીયામાં વાયરલ થઇ રહી છે. આ તસવીરો પર ફેન્સ જાતજાતની કોમેન્ટસ કરી રહ્યા છે મલાઈકા અરોરા શુક્રવારના રોજ એરપોર્ટ પર સ્પોટ થઇ હતી. એક્ટ્રેસને જોતાની સાથે પૈપરાઝીએ કેમેરામાં કેદ કરી લીધી. જો કે આ સમયે મલાઈકા એકથી એક તસવીરો હટકે અંદાજમાં ક્લિક કરાઇ હતી. મલાઈકાની સ્માઇલ ફેન્સનું દિલ જીતી રહી છે. આ તસવીરો જોઇને ફેન્સ પણ અંદાજો લગાવી શકતા નથી કે આ મલાઈકા છે.આ તસવીરોમાં મલાઈકા અરોરા સલવાર-સૂટમાં જોવા મળી રહી છે. એક્ટ્રેસના ટ્રેડિશનલ લુકે લોકોનું દિલ જીતી લીધુ છે. આ તસવીરો જોઇને ફેન્સ જાતજાતની કોમેન્ટ્સ કરી રહ્યા છે. એક ફેને તો લખ્યુ છે કે મલાઈકા કેટલી મસ્ત લાગી રહી છે. આમ, વાત કરવામાં આવે તો મલાઈકા પોતાની આગવી સ્ટાઇલ માટે જાણીતી છે. આમ, વાત કરવામાં આવે તો મલાઈકા હંમેશા કોઇને કોઇ રીતે ચર્ચામાં રહેતી હોય છે. ક્યારેક મલાઈકા હોટ તસવીરોથી તો ક્યારેક બોલ્ડ વિડીયોથી ચર્ચામાં રહેતી હોય છે. મલાઈકાની ઉંમરની અસર એના ફેસ અને બોડી પર દેખાતી નથી. એક્ટ્રેસ આ એજમાં પણ એકદમ ફિટ છે.મલાઈકા પોતાની હોટ અદાઓને કારણે અનેક વાર ટ્રોલ થતી હોય છે. જો કે મલાઈકા અરોરાને ટ્રોલિંગને લઈને કોઈ ખાસ ફરક પડતો નથી.

# એક એવા ડાયરેક્ટર કે જેનું નામ સાંભળીને જ ચાહકો ટિકીટ ખરીદી લે છે

### રોહિત શેટ્ટીની ફિલ્મો સિંઘમ, સિંબા અને ગોલમાલ આજે પણ લોકોની ફેવરિટ ફિલ્મ છે

રોહિત શેટ્ટીનો જન્મ ૧૪ માર્ચ ૧૯૭૪ રોજ થયો છે. એક ભારતીય ફિલ્મ નિર્દેશક, સ્ટંટમેન, લેખક, નિર્માતા અને ટેલિવિઝન હોસ્ટ છે.શેટ્ટીનો જન્મ એમ.બી. શેટ્ટી અને રત્ના કલાકારને થયો હતો, જેમણે હિન્દી અને કન્નડ ફિલ્મોમાં અભિનય કર્યો હતો.તેના ચાર ભાઈ-બહેન છે. તો આજે આપણે રોહિત શેટ્ટીના પરિવાર વિશે વાત કરીએ. રોહિત શેટ્ટીના પિતા એમબી શેટ્ટી માત્ર સ્ટંટ મેન ન હતા પરંતુ તેમની પત્ની અને રોહિત શેટ્ટીની માતા રત્ના શેટ્ટી પણ બોલિવુડની જાણીતી સ્ટંટ વુમન હતી.રોહિતે મુંબઈની સેન્ટ મેરી સ્કૂલમાંથી અભ્યાસ કર્યો છે. બાળપણથી જ રોહિત શેટ્ટીને અભ્યાસ કરતાં ફિલ્મોમાં વધુ રસ હતો.૨૦૦૫માં રોહિતે માયા નામની યુવતી સાથે લગ્ન કર્યા હતા. માયા બેંકર છે અને લાઈમલાઈટથી દૂર રહે છે. માયા અને રોહિતને એક પુત્ર ઈશાન રોહિત શેટ્ટી પણ છે. હવે રોહિત શર્મા સૌથી વધુ કમાણી કરનાર ડાયરેક્ટરની લિસ્ટમાં સામેલ થઈ ચુક્યા છે.ફિલ્મ નિર્માતા રોહિત શેટ્ટી સામાન્ય રીતે તેના પરિવારને લાઈમલાઈટથી દૂર રાખે છે.આજે તેના પિતાની જેમ, રોહિત પણ તેના સ્ટંટ અને કામ પ્રત્યેના તેના લગાવ માટે પ્રખ્યાત છે, જે તેને વારસામાં મળ્યું છે. બોલિવુડમાં એક્શન કિંગના નામથી મશહુર રોહિત શેટ્ટી આજે મોટું નામ બની ગયો છે. રોહિત શેટ્ટીનો જન્મ ૧૪ માર્ચ ૧૯૭૩ના રોજ મુંબઈમાં થયો હતો.



તેમણે ૧૯૯૧માં ફિલ્મ ફુલ ઔર કાંટેમાં આસિસ્ટન્ટ ડાયરેક્ટર તરીકે કરિયરની શરુઆત કરી હતી. તમને જણાવી દઈએ કે, રોહિતનો પહેલો પગાર માત્ર ૩૫ રુપિયા હતો. પરંતુ આજે તે કરોડોનો માલિક છે.રોહિત શેટ્ટીના પિતા એમ્બી શેટ્ટી બોલિવુડના ફેમસ સ્ટંટમેન અને વિલન હતા આ કારણે રોહિત પણ એક્શન તરફ આગળ વધ્યો. રોહિત શેટ્ટીએ વર્ષ ૨૦૦૩માં ફિલ્મ જમીનનું નિર્દેશન કર્યુ હતુ. આ ફિલ્મમાં અજય દેવગન, બિપાશા બાસુ અને અભિષેક બચ્ચન લીડ રોલમાં હતો.

# દિશા પટની સ્ટાર પ્રભાસ સાથે જોવા મળી

### દિશા પટનીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર કેટલાક ફોટો શેર કર્યા છે, આ ફોટો કલ્કિ ૨૮૯૮ એડી સાથે જોડાયેલો છે

ફિલ્મ કલ્કિ ૨૮૯૮ એડીને લઈ ચાહકો ખુબ ઉત્સાહિત છે. ફિલ્મમાં અભિનેતા પ્રભાસ શાનદાર રોલમાં જોવા મળશે. હાલમાં અભિનેત્રી દિશા પટનીએ પ્રભાસ સાથે કેટલાક ફોટો શેર કર્યા છે. જે આ ફિલ્મ સાથે જોડાયેલા છે.અભિનેત્રી દિશા પટનીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર શૂટિંગ સાથે જોડાયેલા ફોટો અને વીડિયો શેર કર્યા છે. વર્ષ ૨૦૨૪ની શરુઆતમાં એવા સમાચાર સામે આવ્યા હતા કે, પ્રભાસ અને દિશા પટની એક ગીતના શૂટિંગ માટે ઈટલી ગયા છે.

દિશાએ જે ફોટો શએર કર્યા છે. તે ગીતના શૂટિંગના છે. ફોટોમાં દિશા પોતાના સ્ટાર પ્રભાસ સાથે ઉભેલી જોવા મળી રહી છે. એક ફોટોમાં તે મેકઅપ આર્ટિસ્ટ સાથે મેકઅપ કરાવતી જોવા મળી રહી છે.પહેલા વીડિયોમાં જોઈ શકાય છે કે, દિશા પટની પિંક ધાબળો પહેરીને ઠંડા પવનો વચ્ચે શૂટિંગ કરતી જોવા



મળી રહી છે. ફોટોમાં દિશાની ટીમે ઠંડીથી બચવા માટે આજુબાજુ પણ ઉભા છે.એક ફોટોમાં દિશા કારની અંદર બેઠી છે. તો અન્ય એક સેલ્ફીમાં દિશાએ પ્રભાસ સાથે લીધી છે. પ્રભાસે ચશ્મા અને હુડી-કેપ પહેરી છે. એક સાથે જોવા મળશે અમિતાભ અને કમલ હાસન ફિલ્મ કલ્કિ ૨૮૯૮ એડીના નિર્દેશન નાગ અશ્વિને કર્યું છે.

આ ફિલ્મના કલાકારોમાં અનેક કેટલાક મોટા નામ પણ સામેલ છે. પ્રભાસ સિવાય ફિલ્મમાં અમિતાભ બચ્ચન, કમલ હાસન, દીપિકા પાદુકોણ અને દિશા પટની મહત્વની ભૂમિકામાં જોવા મળશે. કહેવામાં આવી રહ્યું છે કે, આ ફિલ્મ શાનદાર હશે. ચાહકો આ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. પ્રભાસ છેલ્લી ફિલ્મ સાલારમાં જોવા મળ્યો હતો. જે થિયેટરમાં સુપરહિટ સાબિત થઈ હતી. આ ફિલ્મ ઓટીટી પ્લેટફોર્મ પર પણ લોકો પસંદ કરી રહ્યા છે. ચાહકોને પણ આ ફોટો ખુબ પસંદ આવી રહ્યા છે. ત્યારે હવે જોવાનું રહેશે આ ફિલ્મ કેટલી સુપરહિટ જાય છે.

# JDUના પૂર્વ ધારાસભ્ય અજય પ્રતાપ સિંહ રાષ્ટ્રીય જનતા દળ (RJD)માં જોડાયા

। (એજન્સી) જમુઈ, તા.૭ ।



જમુઈમાં NDAને મોટો ઝટકો લાગ્યો છે. અજય પ્રતાપ સિંહ, બિહાર સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રી સુમિત કુમાર સિંહના મોટા ભાઈ અને દિવંગત પૂર્વ કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહના પુત્ર અને જમુઈ વિધાનસભા મત વિસ્તારના ભૂતપૂર્વ JDU ધારાસભ્ય, રાષ્ટ્રીય જનતા દળ (RJD)માં જોડાયા. અજય પ્રતાપ પાર્ટીમાં સામેલ થવા માટે પટના પહોંચી ગયા છે અને તેની ઔપ ચારિક જાહેરાત પણ બપોરે ૨ વાગ્યે તેજસ્વી યાદવના ઘરે કરવામાં આવશે. ૨૦૧૦માં અજય પ્રતાપ સિંહે પૂર્વ આરજેડી મંત્રી વિજય પ્રકાશને હરાવ્યા હતા. અજય પ્રતાપ પૂર્વ દિવંગત કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહના પુત્ર છે. નરેન્દ્ર સિંહ આ વિસ્તારના જૂના અને મોટા નેતા હતા અને જમુઈ બેઠક પર રાજપૂત મતદારોનો મોટો પ્રભાવ છે. છેલ્લી પાંચ વિધાનસભા ચૂંટણીમાં નરેન્દ્ર સિંહના પરિવારે આ બેઠક ત્રણ વખત જીતી છે. ૨૦૧૫ની વિધાનસભા ચૂંટણીમાં પણ અજય પ્રતાપે અહીંથી ભાજપની ટિકિટ પર ચૂંટણી લડી હતી. પરંતુ ત્યારપછી તેમને આરજેડીના વિજય પ્રકાશે હાર આપી હતી. અજય પ્રતાપ લોકસભા ચૂંટણીમાં આરજેડીમાં જોડાય તો આરજેડી ઉમેદવાર અર્ચના રવિદાસને ફાયદો થશે. જમુઈ વિધાનસભા ક્ષેત્રમાં લગભગ ૩ લાખ મતદારો છે. આ બેઠક પર રાજપૂત મતદારોનો મોટો પ્રભાવ રહ્યો છે. ૧૯૬૭થી ૨૦૧૫ દરમિયાન યોજાયેલી ૧૩ વિધાનસભા ચૂંટણીમાં રાજપૂત ઉમેદવારો નવ વખત જીત્યા છે. ૨૦00ની વિધાનસભા ચૂંટણી બાદ આ સીટ નરેન્દ્ર સિંહ પરિવારના કબજામાં રહી છે. આનાથી સ્પષ્ટ છે કે જો અજય પ્રતાપ આરજેડીમાં જોડ-ાય છે તો આરજેડી ઉમેદવાર અર્ચના રવિદાસને તેનો સીધો ફાયદો થશે. મોટી વાત એ છે કે અજય પ્રતાપના નાના ભાઈ સુમિત કુમાર સિંહ બિહાર સરકારમાં વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી છે અને તેઓ રાજ્યના પહેલા ધારાસભ્ય બન્યા છે જે એકમાત્ર અપક્ષ તરીકે ચૂંટાયા છે. જેના કારણે તેઓ નીતીશ કુમારના ખૂબ જ નજીકના માનવામાં આવે છે અને નીતીશ સરકારની કેબિનેટમાં ત્રણ વખત મંત્રી બની ચૂક્યા છે. સમગ્ર રાજકીય ઘટનાક્રમ બાદ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે જો અજય પ્રતાપ આરજેડીમાં જોડાય તો એનડીએ ગઠબંધનને મોટું નુકસાન થઈ શકે છે. જાણકારોનું કહેવું છે કે શનિવારે પૂર્વ ડેપ્યુટી સીએમ તેજસ્વી યાદવ શહેરના શ્રી કૃષ્ણ સિંહ સ્ટેડિયમના મેદાનમાં આરજેડી ઉમેદવારની તરફેણમાં જાહેર સભાને સંબોધિત કરશે. જેમાં અજય પ્રતાપ સ્ટેજ શેર કરશે અને ઔપચારિક જાહેરાત કરવામાં આવશે. તેમજ તેજસ્વી રાજપૂત મતદારોને આરજેડી ઉમેદવારની તરફેણમાં ફેરવવાનો પ્રયાસ કરશે. સમગ્ર રાજકીય ઘટનાક્રમ બાદ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે જો અજય પ્રતાપ આરજેડીમાં જોડાય તો એનડીએ ગઠબંધનને મોટું નુકસાન થઈ શકે છે. નીતીશ કુમારે બિહાર સરકારના મંત્રી અને જેડીયુ નેતા અશોક ચૌધરીને પણ શુક્રવારે જમુઈ મોકલ્યા છે. જેઓ તેમના કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરી રહ્યા છે અને તેમને તેમના મતભેદો દૂર કરવા અને NDA ઉમેદવારની તરફેણમાં મત આપવા માટે પ્રેરિત કરી રહ્યા છે. તમને જણાવી દઈએ કે મંત્રી અશોક ચૌધરીની પુત્રી LJP-Rની ટિકિટ પર સમસ્તીપુરથી ચૂંટણી લડી રહી છે. જો LJP ઉમેદવાર અરુણ ભારતીને જમુઈમાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

# દેશમાં 4G ક્રાંતિ બાદ 5G સેવાઓની તૈયારીઓ શરૂ, ડિજિટલ મોડલ ગામ બનાવવાની તૈયારીઓ




। (એજન્સી) નવીદિલ્હી, તા.૭ ।

દેશમાં 4G ક્રાંતિ બાદ હવે 5G સેવાઓની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. દરમિયાન, સરકાર 5G સેવાઓથી સજ્જ ડિજિટલ મોડલ ગામ બનાવવાની તૈયારી કરી રહી છે. જેના કારણે લોકો ટૂંક સમયમાં અનુભવી શકશે કે 5G સેવાઓ કેવી રીતે કૃષિ, શિક્ષણ અને આરોગ્યને બદલી શકે છે. 5G ના આ મિશન વિશે માહિતી આપતા જણાવવામાં આવ્યું હતું કે પ૨ સેવા હવે માત્ર શહેરોમાં જ નહિ પરંતુ ગામડાઓમાં પણ ક્રાંતિ લાવશે. હવે સરકાર 5G સેવાઓથી સજ્જ ગામડાઓ બનાવવા જઈ રહી છે. તમને જણાવી દઈએ કે, પહેલું મોડલ ડિજિટલ ગામ દિલ્હી NCR પાસે બનાવવામાં આવશે. જેનું કામ એપ્રિલના અંત સુધીમાં શરૂ થશે. ગામડાઓમાં કૃષિ ક્રાંતિમાં 5G સેવાનો ઉપયોગ કરવામાં આવશે. આ મોડેલ ગામમાં 5G સેવા નવી કૃષિ ક્રાંતિને જન્મ આપશે. જેના કારણે કૃષિ સિંચાઈ સંપૂર્ણપણે સ્વચાલિત થઈ જશે. જ્યારે પ૨ દેશના ખેડૂતો માટે વરદાન સાબિત થશે, તો તે શિક્ષણના ક્ષેત્રમાં પણ ઘણી મદદ કરશે. બાળકો ડીજીટલ બોર્ડ અને ડીજીટલ ટેક્નોલોજીથી પજી ટેકનોલોજીથી અભ્યાસ કરશે. ત્યારે બાળકો માત્ર પ૨ની મદદથી ભારત અને વિદેશના શિક્ષકો પાસેથી અભ્યાસ કરી શકશે. સ્વાસ્થ્ય સેવાઓમાં પણ 5G મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. એમ્બ્યુલન્સ અને 5G સાથે જોડાયેલ અન્ય સુવિધાઓ ગામના આરોગ્ય કેન્દ્રમાં ઉપલબ્ધ રહેશે. 5Gના આ મિશનને પૂર્ણ કરવા માટે સરકારે ટેલિકોમ કંપનીઓ સાથે વાતચીત કરી હતી. પ્રથમ પ૨ મોડલ વિલેજ પર કામ એપ્રિલના અંત સુધીમાં શરૂ થઈ શકે છે.

# અમેરિકાના ઓહાયોના ક્લીવલેન્ડ વિસ્તારમાં ભારતીય મૂળના વિદ્યાર્થીનું મોત

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।




અમેરિકામાં ભારતીય મૂળના વિદ્યાર્થીઓ પર અત્યાચાર દિવસેને દિવસે વધી રહ્યો છે. આ વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં એટલે કે લગભગ ૩ મહિનામાં લગભગ ૧૦ વિદ્યાર્થીઓના મોત થયા છે. તાજેતરમાં, ન્યૂયોર્કમાં ભારતીય વાણિજ્ય દૂતાવાસે ક્લીવલેન્ડ, ઓહિયોમાં એક ભારતીય વિદ્યાર્થીના મૃત્યુની માહિતી આપી હતી. અમેરિકાના ઓહાયો રાજ્યમાં એક ભારતીય વિદ્યાર્થીનું મોત થયું છે, જોકે મોતનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી, કારણ જાણવા માટે તપાસ ચાલી રહી છે.

વિદ્યાર્થીની ઓળખ શ્રી ઉમા સત્ય સાંઈ ગડ્ડે તરીકે થઈ છે, જે ઓહાયોમાં અભ્યાસ માટે રહેતી હતી. ન્યૂયોર્કમાં ભારતીય કોન્સ્યુલેટે ૫ એપ્રિલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને આ માહિતી આપી હતી. ન્યૂયોર્કમાં ભારતીય કોન્સ્યુલેટે પોસ્ટમાં લખ્યું છે કે ક્લેવલેન્ડ, ઓહિયોમાં ભારતીય વિદ્યાર્થી શ્રી ઉમા સત્ય સાંઈ ગડ્ડેના કમનસીબ નિધનથી તે ખૂબ જ દુઃખી છે. આ મામલે પોલીસ તપાસ ચાલી રહી છે. શ્રી ઉમા ગડ્ડેના પરિવાર સાથે સતત સંપર્ક જાળવવામાં આવી રહ્યો છે અને તેમના મૃતદેહને શક્ય તેટલી વહેલી તકે ભારત પરત લાવવાની સાથે તમામ શક્ય મદદ પૂરી પાડવામાં આવી રહી છે. તમને જણાવી દઈએ કે પહેલા મહિનામાં એટલે કે માર્ચમાં પણ આ વિસ્તારમાં રહેતા એક ભારતીય વિદ્યાર્થીના ગુમ થવાના સમાચાર આવ્યા હતા.

તે વિદ્યાર્થીનું નામ મોહમ્મદ અબ્દુલ અરાફાત હતું, જે તદ્દન રહસ્યમય રીતે ગુમ થયો હતો. તે ગુમ થયાના થોડા સમય બાદ તેને છોડાવવા માટે ખંડણીનો કોલ આવ્યો હતો. આ કિસ્સાઓ ઉપરાંત, વર્ષ ૨૦૨૪ ની શરૂઆતમાં, હૈદરાબાદના એક વિદ્યાર્થી સૈયદ મઝહિર અલી પર શિકાગોમાં ક્રૂર હુમલો કરવામાં આવ્યો હતો, જેના કારણે તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. ભારતીય વિદ્યાર્થીઓ માટે આ સ્થિતિ ખૂબ જ ચિંતાજનક છે.

# ઈરાન આવતા અઠવાડિયે અનેક સ્થળોએ ઈઝરાયેલના ટાર્ગેટ પર હુમલો કરશે : અમેરિકા

। (એજન્સી) વોશિંગ્ટન/ઈરાન, તા.૭ ।



ઈઝરાયલ અને હમાસ વચ્ચેનું યુદ્ધ માત્ર બે દેશો પૂરતું જ સીમિત નથી, પરંતુ અન્ય ઘણા દેશો પણ તેનો શિકાર થઈ રહ્યા છે. ખાસ કરીને મધ્ય પૂર્વ. હવે ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે મોટા યુદ્ધની શક્યતાઓ છે. હાલમાં જ એક ગુપ્તચર અહેવાલ શેર કરતા અમેરિકાની ગુપ્તચર એજન્સી CIAએ ઈઝરાયેલને ચેતવણી આપી હતી કે ઈરાન ટૂંક સમયમાં તેના પર મોટો હુમલો કરી શકે છે. હવે અમેરિકન એજન્સીએ ઈરાનને ફરી ચેતવણી આપી છે. યુએસ જાસૂસી એજન્સીઓએ ફરીથી ઈનપુટ્સ શેર કર્યા છે કે ઈરાન આવતા અઠવાડિયે અનેક સ્થળોએ ઈઝરાયેલના લક્ષ્યો પર હુમલો કરશે. આ હુમલાઓ ડ્રોન અને મિસાઈલ વડે કરી શકાય છે.

એજન્સીઓનું માનવું છે કે ઈરાન આવતા અઠવાડિયે ડ્રોન અથવા ક્રુઝ મિસાઈલ વડે ઈઝરાયેલ અથવા તે દેશની બહાર ઈઝરાયેલના લક્ષ્યાંકો પર હુમલો કરવાની યોજના બનાવી રહ્યું છે. સીઆઈએ એ પણ માને છે કે ઈરાન મધ્ય પૂર્વ અથવા અન્ય પ્રદેશોમાં ઈઝરાયેલના દૂતાવાસ અથવા કોન્સ્યુલેટને નિશાન બનાવી શકે છે. અમેરિકાની ચેતવણી બાદ ઈઝરાયેલ એલર્ટ મોડમાં આવી ગયું છે. જે જવાનોને રજા આપવામાં આવી હતી તેમની રજા રદ કરીને તેમને પાછા બોલાવવામાં આવ્યા છે. તેણે વિશ્વભરમાં ઈઝરાયેલના દૂતાવાસના અધિકારીઓને પણ સતર્ક રહેવા ચેતવણી આપી છે. અમેરિકન એજન્સીએ કહ્યું કે ઈરાન રાજદ્વારીઓને પણ નિશાન બનાવી શકે છે. ગુરુવાર, ૪ માર્ચે યુએસ પ્રમુખ જો બિડેને પણ ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ સાથે ફોન પર વાત કરી હતી. બંને વચ્ચેની આ વાતચીતમાં ઈરાની હુમલા અંગે ખાસ ચર્ચા થઈ હતી. તપાસ એજન્સીનું કહેવું છે કે ઈરાન ક્યારે અને કેવી રીતે હુમલો કરશે તે હજુ સુધી જાણી શકાયું નથી. તેમજ કોઈ નિશ્ચિત તારીખ પણ જાણીતી નથી. CIAના જણાવ્યા અનુસાર, આગામી થોડા દિવસોમાં ઈરાનથી હુમલો થઈ શકે છે. તમને જણાવી દઈએ કે ઈઝરાયેલે સીરિયામાં ઈરાન સમર્થિત ટાર્ગેટ પર અનેક હુમલા કર્યા છે. લેબનોનમાં શક્તિશાળી ઈરાની પ્રોક્સી, હિઝબોલ્લાહને શસ્ત્રોની શિપમેન્ટને ઘણીવાર નિશાન બનાવવામાં આવે છે.

# NIA પાસે કઈ સત્તા છે? શું તેમની પાસે રાત્રિ દરોડા પાડવા માટે પોલીસની પરવાનગી હતી? : મમતા બેનર્જી

। (એજન્સી) નવીદિલ્હી, તા.૭ ।



પશ્ચિમ બંગાળના મેદિનીપુરના ભૂપતિનગરમાં NIA ટીમ પર થયેલા હુમલા બાદ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીનું નિવેદન સામે આવ્યું છે. તેમણે સવાલો ઉઠાવ્યા કે NIAના અધિકારીઓ રાત્રે દરોડા પાડવા કેમ ગયા? જ્યારે મમતાને આ ઘટના વિશે પૂછવામાં આવ્યું તો તેણે કહ્યું કે દરોડો અડધી રાત્રે કેમ પાડવામાં આવ્યો? શું તેની પાસે પોલીસની પરવાનગી હતી? મમતાએ વધુમાં જણાવ્યું હતું કે, સ્થાનિક લોકોએ એવી જ રીતે પ્રતિક્રિયા આપી હતી જે રીતે તેઓ જો અડધી રાત્રે તે જગ્યાએ કોઈ અન્ય અજાણી વ્યક્તિ આવી હોત તો તેઓ હોત. તેઓ ચૂંટણી પહેલા લોકોની ધરપકડ કેમ કરી રહ્યા છે? ભાજપને શું લાગે છે કે તેઓ દરેક બૂથ એજન્ટની ધરપકડ કરશે? NIA પાસે કયા અધિકારો છે? તેઓ ભાજપને સમર્થન આપવા માટે આ બધું કરી રહ્યા છે. અમે ભાજપની આ ગંદી રાજનીતિની વિરુદ્ધ છીએ. આ ઘટના બાદ નેશનલ ઈન્વેસ્ટિ-ગેશન એજન્સીએ એફઆઈઆર નોંધી છે. તમને જણાવી દઈએ કે ભૂપતિનગર બ્લાસ્ટ કેસની તપાસ માટે જ્યારે NIAની ટીમ ત્યાં પહોંચી ત્યારે ટોળાએ NIA અધિકારીઓ પર ઈંટો અને પથ્થરોથી હુમલો કર્યો હતો. વાહનમાં તોડફોડ પણ કરી હતી. આ ઘટનામાં એક અધિકારી ઘાયલ થયો હતો. આ બ્લાસ્ટ કેસમાં તપાસ એજન્સીએ બે આરોપીઓની ધરપકડ કરી હતી.

# આતંકવાદી ગતિવિધિઓને અંજામ આપનારાઓને બક્ષવામાં આવશે નહીં : રાજનાથ સિંહ

। (એજન્સી) નવીદિલ્હી, તા.૭ ।



આતંકવાદને ખતમ કરવામાં ભારત હંમેશા આગળ રહ્યું છે. ભારતે માત્ર દેશમાં જ નહીં વિદેશમાં પણ આતંકવાદનો ખુલ્લેઆમ વિરોધ કર્યો છે. તાજેતરમાં જ ભારતે ફરી એકવાર આતં-કવાદના મુદ્દે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. એક ઈન્ટરવ્યુ દરમિયાન આતંકવાદ પર બોલતા રક્ષા મંત્રી રાજનાથ સિંહે સ્પષ્ટ કર્યું હતું કે ભારતમાં આતંકવાદી ગતિવિધિઓને અંજામ આપવાનો પ્રયાસ કરનારાઓને કોઈપણ કિંમતે બક્ષવામાં આવશે નહીં. ભલે તેઓ પાકિસ્તાનમાં છુપાયેલા હોય. રક્ષા મંત્રીએ કહ્યું કે દેશમાં આતંક ફેલાવીને સરહદ પાર કરીને ભાગી જનાર વ્યક્તિને મારવા માટે ભારત પણ પાકિસ્તાનમાં પ્રવેશ કરશે. ખરેખર, બ્રિટિશ અખબાર ધ ગાર્ડિયને એક અહેવાલ પ્રકાશિત કર્યો છે. જેના કારણે એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે વિદેશી ધરતી પર રહેતા આતંકવાદીઓને ખતમ કરવાની મોટી યોજનાના ભાગરૂપે વર્ષ ૨૦૨૦થી ભારતે પાકિસ્તાનમાં ૨૦ આતંકીઓને ઠાર કર્યા છે.

# PMની મુલાકાત પછી લક્ષદ્વીપના પર્યટન પર મોટી અસર પડી : પ્રવાસન અધિકારી ઈમ્થિયાસ

। (એજન્સી) નવીદિલ્હી, તા.૭ ।



આ વર્ષે જાન્યુઆરીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લક્ષદ્વીપની મુલા-કાત લીધી હતી. જે પછી લક્ષદ્વીપની લોકપ્રિયતા ઘણી વધી ગઈ. લક્ષદ્વીપ પર્યટન અધિકારી ઈમ્થિયાસ મોહમ્મદ ટીબીએ જણાવ્યું હતું કે ટાપુની મુલાકાત કેવી રીતે લેવી તે અંગે પૂછપરછમાં વધારો થયો છે. જ્યારે પીએમ મોદીની મુલાકાતની અસર વિશે પૂછવામાં આવ્યું ત્યારે ઈમ્થિયાસે કહ્યું કે પીએમની મુલાકાત પછી લક્ષદ્વીપના પ્રવાસન પર મોટી અસર થઈ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે લક્ષદ્વીપ આવવા માટે માત્ર રાષ્ટ્રીય જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય પ્રવાસનમાંથી પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. પ્રવાસન વિભાગની ભાવિ પહેલ વિશે વાત કરતાં તેમણે કહ્યું કે લક્ષદ્વીપ વધુ ક્રુઝ શિપ કંપનીઓને પ્રોત્સાહન આપવા માંગે છે. તેમણે એમ પણ કહ્યું કે તેમને આશા છે કે જ્યારે એર કનેક્ટિવિટી સુધરશે, ત્યારે તે પ્રવાસીઓના પ્રવાહને વેગ આપશે. મુંબઈના પ્રવાસી અમન સિંહે કહ્યું કે, અમે લાંબા સમયથી લક્ષદ્વીપ આવવા ઈચ્છતા હતા પરંતુ ટાપુ સાથે જોડાયેલી ઘણી માન્યતાઓ હતી પરંતુ પીએમ મોદીની મુલાકાતની એવી અસર થઈ કે લક્ષદ્વીપ આવવું શક્ય બન્યું. દિલ્હીના રહેવાસી સુમિત આનંદ નામના અન્ય પ્રવાસીએ કહ્યું કે તેઓ હંમેશા લક્ષદ્વીપ ટાપુની મુલાકાત લેવા માંગતા હતા, પરંતુ પીએમ મોદીની તસવીરો અને વીડિયો જોયા બાદ જ તેમણે દ્વીપ સમૂહને પોતાનું આગલું સ્થળ બનાવ્યું. અગાઉ ૪ જાન્યુઆરીએ વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લક્ષદ્વીપની મુલાકાતે સમગ્ર વિશ્વનું ધ્યાન આ દ્વીપસમૂહ અને તેની વિશાળ પ્રવાસન ક્ષમતા તરફ ખેંચ્યું છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે, લક્ષદ્વીપની મુલાકાત લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પર્યટનની અપાર સંભાવનાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. દેશમાં લોકસભા ચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે, આ દરમિયાન લક્ષદ્વીપ મતવિસ્તારમાં ૧૯ એપ્રિલે એક જ તબક્કામાં મતદાન થશે. લોકસભાની ૫૪૩ બેઠકો માટે સામાન્ય ચૂંટણી સાત તબક્કામાં યોજાશે, પ્રથમ તબક્કાનું મતદાન ૧૯ એપ્રિલે થશે, મતગણતરી ૪ જૂને થવાની છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે. નાણાકીય દ્દષ્ટિએ આજ નું દિવસ મિશ્ર રહેવાનું છે. આજે તમને ધન લાભ તો થશે પરંતુ તેના માટે તમને સખત મહેનત કરવા ની જરૂર હશે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સાચી સમજ છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે. તમારા સપનાં સાકાર થાય તે માટે તમારે તેમનો ઉત્સાહ વધારવો પડશે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે અણધાર્યો પ્રવાસ થકવી નાખનારો હોઈ શકે છે જે તમને અસ્તવ્યસ્ત કરી મુકશે. સ્નાયુઓને આરામ આપવા તમારા શરીરની તેલથી માલિશ કરો. તમારું ધન તમારા કામ માં ત્યારેજ આવી શકે છે જયારે તમે પોતાની ફિજૂલખર્ચી બંધ કરો. આ વાત તમને આજે સારી રીતે સમજ માં આવી શકે છે. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આજે ટૅન્શનમુક્ત અને શાંત રહો. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? તબિયત સારી ન હોય એવા સંબંધીની મુલાકાત લેજો. એકતરફી આકર્ષણ તમારી માટે માથાનો દુખાવો જ લાવશે. ઉદ્યોગપતિઓ આજે ધંધા કરતાં તેમના પરિવાર ના સભ્યો સાથે વધુ સમય વિતાવવા માંગશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે આજે તમે જે કેટલાક ભોતિક ફેરફારો કરશો તે ચોક્કસ જ તમારા દેખાવનો ઓર નીખારશે. પ્રૉપર્ટીને લગતા સોદા સાકાર થશે તથા અકલ્પ્ય લાભ લાવશે. ઘરના લોકો સાથે તમારે કશુંક ઉત્સાહજનક તથા અલગ કરવું જોઈએ. પ્રવાસને કારણે રૉમેન્ટિક સંબંધોને વંગ મળશે. આધ્યાત્મિક ગુરૂ અથવા કોઈક વડીલ તમને માર્ગદર્શન પૂરું પાડશે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે વધુ પડતું ખાવું તથા ઉચ્ચ કૅલૅરી ધરાવતો ખોરાક ટાળવો. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. પરિવારના સભ્યો સહકાર આપશે પણ તેમની માગો પણ વધુ હશે. તમે જેને સૌથી વધુ ચાહો છો તે વ્યક્તિ પ્રત્યેનો તમારો ખરાબ અભિગમ તમારા સંબંધમાં અસંગતતા લાવી શકે છે. તમે ખાલી સમય માં મૂવી જોઈ શકો છો, તમને આ ફિલ્મ ગમશે નહીં અને તમને લાગશે કે તમે તમારો કિંમતી સમય નો બગાડ કર્યો છે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે અસુરક્ષિતતા/દિશાહિનતાની ભાવના અસ્થિરતા સર્જી શકે છે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં- કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. પત્નીના કામોમાં હસ્તક્ષેપ તેને ક્રોધાવેશમાં લાવી શકે છે. સામસામે ગુસ્સો કરવાથી દૂર રહેવા માટે તેની પરવાનગી લો. તમે આસાનીથી સમસ્યાઓ ઉકેલી શકશો.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારા જીવનસાથીની તબિયત તાણ તથા બેચેનીનું કારણ બની શકે છે. આજે શક્યતા છે કે તમને ધન સંબંધી કોઈ મુશ્કેલી હોય પરંતુ તમે પોતાની સમજદારી થી ખોટ ને નફા માં બદલી દેશો? કેટલાક લોકો પોતે કરી શકે તેનાથી વધુ કામરી બડાઈ ફૂંકશે-જેઓ માત્ર વાતો જ કરે છે અને કોઈ પરિણામ આપતા નથી એવા લોકો વિશે ભૂલી જવામાં જ સાર છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશે? મિત્રો તથા જીવનસાથી આરામ તથા ખુશીઓ લાવશે, એ સિવાય નિસ્તેજ અને દોડધામભર્યો દિવસ. તમારો સનાતન પ્રેમ તમારા પ્રિયપાત્ર માટે નદી સમાન છો.



**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. મિત્રો તથા પરિવારના સભ્યો તમારો મોટાભાગનો સમય લેશે. કેટલાક માટે નવો રૉમાન્સ ચોક્કસ જણાય છે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે લાગણીની દ્દષ્ટિએ તમે આજે સ્થિર નહીં હો- આથી અન્યોની સામે તમે કઈ રીતે વર્તો છો તથા શું બોલો છો તે અંગે સાવચેત રહેજો. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શક્યતા છે. પારિવારિક મેળાવડામાં તમે કેન્દ્રસ્થાને રહેશો. તમારૂં ધૂંધળું જીવન તમારા જીવનસાથીને ટૅન્શન આપશે. આજે તમારે અચાનક થોડી અનિચ્છનીય યાત્રા કરવી પડી શકે છે જેના કારણે પરિવાર સાથે સમય વિતાવવા ની તમારી યોજના બગડી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. તમારા દિવસનું આયોજન સંભાળપૂર્વક કરજો- મદદ લેવા માટે જેમના પર તમે વિશ્વાસ મુકી શકતા હો એવા લોકો સાથે વાત કરો. એકતરફી આકર્ષણ તમારી માટે માથાનો દુખાવો જ લાવશે. જો તમે તમારા ઘર ની બહાર રહો છો અને અભ્યાસ કરો છો અથવા નોકરી કરો છો.

# પીગળી રહ્યો છે દુનિયાનો સૌથી મોટો બરફનો પહાડ

**એન્ટાર્કટિકામાં હાલ પરિસ્થિતિ બદલાઈ ગઈ છે, હાલ ત્યાં બરફનો દરિયો ધ્રૂજી રહ્યો છે**



એન્ટાર્કટિકામાં હાલ પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. હાલ ત્યાં બરફનો દરિયો ધ્રૂજી રહ્યો છે. દરરોજ તે અહીં અને ત્યાં થોડો ફરે છે. એક નવા અભ્યાસમાં આ વાત સામે આવી છે. રોસ આઈસ શેલ્ફ એ એન્ટાર્કટિકામાં સૌથી મોટો આઈસ શેલ્ફ છે. તાજેતરના સંશોધન મુજબ, આ ખડક ળાન્સના કદમાં દરરોજ એક કે બે વાર ૬ થી ૮ સેન્ટિમીટર ખસે છે. આ ખડકનું નામ બ્રિટિશ સંશોધક સર જેમ્સ ક્લાર્ક રોસના નામ પરથી રાખવામાં આવ્યું છે. રોસે ૧૯મી સદીમાં આ ખડકની શોધ કરી હતી. જીઓફિઝિકલ રિસર્ચ લેટર્સમાં પ્રકાશિત થયેલા એક અભ્યાસ અનુસાર, રોસ આઈસ શેલ્ફના દરરોજ લપસી જવાનું કારણ બફીલા પ્રવાહ છે. અભ્યાસના મુખ્ય લેખક ડોગ વિન્સના જણાવ્યા મુજબ, આ પ્રવાહ સીધો ખડકમાં વહે છે. બફીલા પ્રવાહો અને બફીલા ખડકો વચ્ચેની આવી ઘટનાઓથી વૈજ્ઞાનિકો આશ્ચર્યચકિત થઈ ગયા છે. એન્ટાર્કટિકામાં હાજર ઘણા બફીલા ખડકો ગ્લોબલ વોર્મિંગને કારણે જોખમમાં છે. વૈજ્ઞાનિકો ચિંતિત છે કે બફીલા ખડકો પરના દબાણને કારણે મોટો ભૂકંપ આવી શકે છે. એન્ટાર્કટિકામાં બરફની જાડી ચાદર છે. આમાંથી બરફની ઘણી નદીઓ નીકળે છે. તેઓ સમય સમય પર ભરે છે અને વહે છે. બફીલા ખડકોનું કાર્ય હિમનદીઓ અને બફીલી નદીઓના માર્ગમાં અવરોધો બનાવવાનું છે. આ તેમને દરિયામાં ઓગળતા અટકાવે છે. જો ત્યાં બફીલા ખડકો ન હોત, તો એન્ટાર્કટિકામાં આટલો બધો બરફ ક્યારેય એકઠો થયો ન હોત.સામાન્ય રીતે, બરફીલી નદીમાં લવચીક તરંગો 'સ્લિપ ઈવેન્ટ'થી શરૂ થાય છે. આ પ્રક્રિયા પૃથ્વી પરના ધરતીકંપ જેવી છે. સિસ્મોગ્રાફની મદદથી, વૈજ્ઞાનિકો આ બફીલા પ્રવાહોમાં અચાનક હલનચલન શોધવામાં સક્ષમ છે. છેલ્લા ૫૦ વર્ષોમાં થયેલા સંશોધનમાં જાણવા મળ્યું છે કે કેટલાક બરફના પ્રવાહો ઝડપી થઈ રહ્યા છે અને કેટલીક ધીમી થઈ રહી છે. રોસ આઈસ શેલ્ફ પર ઘણા સિસ્મોગ્રાફ્સ અને જીપીએસ ઈન્સ્ટોલ કરવામાં આવ્યા છે. તેમાં વહેતા પ્રવાહોમાંથી એક વિલન્સ આઈસ સ્ટ્રીમ છે. વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર, વિલન્સ આઈસ સ્ટ્રીમમાં લવચીક તરંગોની ઝડપ ૧૦ હજાર કિલોમીટર પ્રતિ કલાકથી વધુ છે.

# વિદેશમાં મોંઘવારીથી ત્રાહિમામ પોકારી ગયા ભારતીય વિદ્યાર્થીઓ

**વિદેશમાં સૌથી મોટી મુશ્કેલી ભાડાની છે સ્થિતિ એવી છે કે એક બેડ પર એકથી વધુ વ્યક્તિએ રહેવું પડે છે**

ભારતમાંથી વિદેશ ભણવા જવાનો ક્રેઝ વધી ગયો છે. અમેરિકા અને કેનેડા જેવા દેશોમાં દર વર્ષે જેટલી પણ સ્ટુડન્ટ વિઝા અરજી આવતી હોય છે તેમાંથી મોટા ભાગની ભારતમાંથી આવતી હોય છે. જોકે, હવે વિદેશમાં મોંઘવારી વધી રહી છે જેના કારણે ત્યાં રહેવા-જમવાનો ખર્ચ પણ વધી રહ્યો છે. વિદેશમાં ભણતા ભારતીય વિદ્યાર્થીઓ માટે મોંઘા શિક્ષણની સાથે સાથે જીવન નિર્વાહ પણ મોંઘો બની રહ્યો છે. ખાસ કરીને તાજેતરના વર્ષોમાં ભાડા ડબલ થઈ ગયા છે. કોવિડ પછી આમાં વધુ વધારો થયો છે. કેનેડા, ઓસ્ટ્રેલિયા, યુકે, અમેરિકા સહિતના કેટલાક યુરોપિયન દેશોમાં વિદ્યાર્થીઓ માટે પોસાય તેવા આવાસ મેળવવું લગભગ અશક્ય બની રહ્યું છે. વિદ્યાર્થીઓનું કહેવું છે કે અભ્યાસ માટે સ્કોલરશિપ મળે તો પણ ભાડું, ખાવા-પીવાનો ખર્ચ એટલો વધી ગયો છે કે પરિવારોએ આ માટે પણ મોટી લોન લેવી પડે છે. પરિસ્થિતિ એવી ઊભી થઈ છે કે એક રૂમમાં પણ વિદ્યાર્થીઓએ બેડ શેર કરવા પડી રહ્યા છે. ગયા વર્ષે ૭૫ હજાર ભારતીય વિદ્યાર્થીઓ ઓસ્ટ્રેલિયા ગયા હતા અને આ સંખ્યા ઝડપથી વધી રહી છે. ૨૦૨૨માં ૨.૧૫ લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ કેનેડા ગયા હતા. જોકે, છેલ્લા કેટલાક વર્ષોમાં કેનેડામાં ફક્ત ભારતીય જ નહીં પરંતુ ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સની સંખ્યા એટલી બધી વધી ગઈ છે કે ત્યાં હાઉસિંગ કટોકટી ઊભી થઈ છે. જેના કારણે હવે કેનેડા વિદ્યાર્થીઓની સંખ્યા પર નિયંત્રણ મેળવવા માટે પરમિટમાં ઘટાડો કરી રહ્યું છે. આ સિવાય ઓસ્ટ્રેલિયામાં છેલ્લા કેટલાક વર્ષોમાં માંગ અને પુરવઠાનો ગુણોત્તર બગડવા લાગ્યો છે અને તેના કારણે વિદ્યાર્થીઓ માટે ત્યાં રહેવું મોંઘુ બની રહ્યું છે. ઓસ્ટ્રેલિયન યુનિવર્સિટીઓ ખાસ કરીને એશિયાના વિદ્યાર્થીઓને ટાર્ગેટ કરે છે. છેલ્લા એક-બે વર્ષમાં કેટલીક યુનિવર્સિટીઓમાં રજિસ્ટ્રેશન ૪૦ ટકાથી વધુ વધી છે.

સિડનીમાં માર્કેટિંગની વિદ્યાર્થીની રાશિ રસ્તોગી કહે છે કે અહીં માત્ર ભણવું જ મોંઘું નથી, અહીં રહેવાનું પણ મોંઘું થઈ રહ્યું છે. હું પોતે બે રૂમના ફ્લેટમાં રહું છું જેને અમે ચાર વિદ્યાર્થીઓ શેર કરીએ છીએ. હું ભાડ પેટે



**વિદેશમાં અભ્યાસનો ખર્ચ સતત વધી રહ્યો છે**

૧૨૦૦ ડોલર ચૂકવી રહી છું. બે વર્ષ પહેલાં મારું ભાડું લગભગ ૭૦૦ ડોલર હતું. નવા વિદ્યાર્થીઓ માટે સસ્તો રૂમ મેળવવો એ એક મોટો પડકાર છે. અહીં દર અઠવાડિયે ૩૦૦થી ૫૦૦ ડોલર નિશ્ચિત છે. દરેક રાજ્યમાં આ જ સ્થિતિ છે. ખાનગી મકાનો વધુને વધુ મોંઘા થઈ રહ્યા છે. વિદ્યાર્થીઓ ક્યાંકને ક્યાંક નોકરી કરીને પોતાના જીવન નિર્વાહ માટે મોંઘો ખર્ચ મેનેજ કરી રહ્યા છે. જેમની પાસે કામ નથી અને જેમના પરિવાર આર્થિક રીતે મજબૂત નથી તેમના માટે પરિસ્થિતિ વધારેને વધારે કપરી બની રહી છે.

કેનેડામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ મોંઘા મકાનોની સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. કેનેડામાં હાઉસિંગની સમસ્યા સતત વકરી રહી છે અને સરકાર પર તેને પહોંચી વળવા માટે દબાણ વધી રહ્યું છે. તેથી સરકાર અન્ય દેશોમાંથી આવતા વિદ્યાર્થીઓની સંખ્યા ઘટાડવાનું વિચારી રહી છે અને તે માટે પ્રયાસો પણ શરૂ કરી દીધા છે. મોન્ટ્રીયલ, એડમન્ટન અને ટોરન્ટો શહેરોમાં આ સમસ્યા વધુ છે. દિલ્હીના પંજાબી બાગમાં રહેતા આરકે સાહનીનો પુત્ર કેનેડામાં મ્મ્છ કરી રહ્યા છે. તેઓ કહે છે કે, ગયા વર્ષે મારો દીકરો ટોરન્ટો ગયો હતો. જીવન ખર્ચ એક વર્ષમાં લગભગ ૨૦%-૩૦% વધ્યો છે. તે ત્રણ લોકો સાથે શેરિંગમાં રહે છે, ભાડું દર મહિને ૩૦૦ ડોલર છે. મારા મિત્રની પુત્રી તો બેના શેરિંગ માટે ૭૦૦ ડોલર ચૂકવે છે. સમસ્યા એ છે કે વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે સાથે કામ કરવાની વધુ તક મળતી નથી. પરિસ્થિતિ એવી છે કે ત્યાંના વિદ્યાર્થીઓ રૂમમેટ નહીં પણ બેડમેટ શોધે છે જેથી ખર્ચ વધુ ઘટાડી શકાય. યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા યુદ્ધની અસર ભારતીય વિદ્યાર્થીઓ પર પણ પડી છે. મેડિકલ વિદ્યાર્થીઓને યુક્રેનથી તેના પડોશી યુરોપિયન દેશોમાં શિફ્ટ થવું પડ્યું છે. દિલ્હીની સ્ટુડન્ટ પ્રેરણા માટે પોલેન્ડમાં મેડિકલનો અભ્યાસ પૂરો કરવો ઘણો મોંઘો છે. તેણે જણાવ્યું હતું કે, મારા પિતાએ લોન લીધી છે. જોકે અહીં રહેવું મોંઘું છે. ફીમાં ઘણી છૂટ આપવામાં આવી છે. પરંતુ રહેવાનો ખર્ચો ઘણો મોંઘો છે તેથી ઘણા વિદ્યાર્થીઓ ઉઝબેકિસ્તાન અને કિર્ગિસ્તાન જેવા દેશોમાં જાય છે.

# આજે તે જ મિઠાઈવાળાનો છોકરો બની ગયો ૨૮,૦૦૦ કરોડની બેંકનો માલિક

**અબજો રૂપિયાની સંપતિ ધરાવતા ચંદ્રશેખર ઘોષ એક સમયે એક એક રૂપિયા માટે ભટકતા હતા**

ચંદ્રશેખરના જીવનમાં એક સમય એવો હતો, જ્યારે તેઓ પોતાનું ગુજરાન ચલાવવા માટે દૂધ વેચતા હતા. અને આજે તેઓ બંધન બેંકના માલિક છે, જેની માર્કેટ વેલ્યૂ ૨૮૯૯૭ કરોડ રૂપિયા છે. તેમનું કહેવું છે કે પોતાની મહેનત અને કૌશલ્યથી કોઈપણ વ્યક્તિ દુનિયામાં કોઈ પણ સ્થાન હાંસલ કરી શકે છે. તેમણે ક્યારેય કોઈ કામ નાનું નથી સમજ્યું. અભ્યાસ બાદ તેમણે એક દ્રર્દ્યમાં ઓછા પગારે પણ કામ કર્યુ હતું.મીઠાઈની દુકાન ચલાવતા હતા પિતા- વર્ષ ૧૯૬૦માં ત્રિપુરાના અગરતલામાં જન્મેલા ચંદ્રશેખર ઘોષના પિતાની મીઠાઈની નાની દુકાન હતી. તેમનો પરિવાર મૂળ બાંગ્લાદેશનો છે અને આઝાદી સમયે તેઓ શરણાથી તરીકે ભારતમાં ત્રિપુરામાં આવીને વસ્યા હતા. આ દુકાનની આવક પર નવ સભ્યોનો પરિવાર માંડ માંડ પોતાનું ગુજરાન ચલાવી શકતો હતો. ઘોષનું બાળપણ આર્થિક તંગીમાં પસાર થયું હતું. તે તેના પિતાને દુકાનમાં મદદ પણ કરતા હતા. તેઓ ઘરે-ઘરે જઈને દૂધ પણ વેચતા હતા. નોકરી કરતી સમયે પણ તેઓએ અભ્યાસ છોડ્યો ન હતો. ચંદ્રશેખરે ગ્રેટર ત્રિપુરાની એક સરકારી શાળામાં ૧૨મા સુધી અભ્યાસ કર્યો હતો. જે બાદ તે ગ્રેજ્યુએશન કરવા બાંગ્લાદેશ ગયા હતા. ટ્યુશન કરાવીને ઉપાડ્યો ભણતરનો ખર્ચ- તેમણે ૧૯૭૮માં ઢાકા યુનિવસીટીમાંથી સ્ટેટેસ્ટિક્સમાંથી ગ્રેજ્યુએશન પૂરું કર્યુ હતું. તેમના પરિવારજનો યુનિવસીટીના ભણતર અને ત્યાં રહેવાનો ખર્ચ નહોતા ઉપાડી શકતા, જેથી તેઓ પોતાનો ખર્ચ ઉપાડવા માટે બાળકોને ટ્યુશન ભણાવતા હતા. તેઓ ઢાકામાં બ્રોજોનંદ સરસ્વતીના આશ્રમમાં રહેતા હતા. દ્રર્દ્યની નોકરીથી બદલાયા વિચાર- વર્ષ ૧૯૮૫ તેમના જીવનનું ટર્નિંગ પોઈન્ટ સાબિત થયું હતું. માસ્ટર્સ પૂર્ણ કર્યા બાદ તેમને ઢાકાના એક ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ નોન પ્રોફિટ ઓર્ગનાઈઝેશન માં નોકરી મળી. જયાં તેમણે જોયું કે ગામડાની મહિલાઓ નાની આર્થિક સહાયતાથી કામ શરુ કરીને પોતાનું જીવન સ્તર સુધારી રહી છે. આ જોઈને તેઓ પ્રભાવિત થયા અને તેમને એક આઈડિયા આવ્યો કે ભારતમાં આવું કામ કરીને મહિલાઓની સહાય કરવાની સાથે એક સારો બિઝનેસ પણ શરુ કરી શકાય છે.

# ટ્રાફિકમાં ફૂડ ડિલિવરી બોયે કર્યું આવું કામ, વીડિયો જોયા બાદ લોકોએ કર્યા સલામ

'જ્યારે તમારા દિલમાં કંઈક કરવાનો ઝનૂન હોય છે, ત્યારે કોઈ મંઝિલ દૂર નથી હોતીપ' આ વાયરલ વીડિયોમાં દેખાતો છોકરો આ વાતને સાચી સાબિત કરી રહ્યો છે. સોશિયલ મીડિયા સાઈટ પર ઝોમેટોના ડિલિવરી બોયનો વીડિયો જોવા મળી રહ્યો છે. તે તેની બાઈક સાથે ટ્રાફિકમાં ઉભો જોવા મળે છે, પરંતુ આનાથી નેટીઝન્સ પ્રભાવિત થયા નથી. બલ્કે તેના મોબાઈલમાં ચાલતા વીડિયોએ સૌનું ધ્યાન ખેંચ્યું છે.ઝોમેટો એજન્ટ ફૂડ ડિલિવરી દરમિયાન યુનિયન પબ્લિક સર્વિસ કમિશનની તૈયારી પરનું લેક્ચર જોઈ રહ્યો હતો. આ વિડિયો જોયા પછી મને 'જીગર મુરાદાબાદી'ની પંક્તિ યાદ આવી રહી છે, 'જો તુફાનો મે પલતે જા રહે હૌ, વોહ દુનિયા બદલતે જા રહે હૈ.'સોશિયલ મીડિયાપર વીડિયો શેર કરતી વખતે આયુષ સાંઘી નામના યુઝરે કેપ્શનમાં લખ્યું, 'આ વીડિયો જોયા પછી મને નથી લાગતું કે તમને સખત અભ્યાસ કરવા માટે અન્ય કોઈ પ્રેરણાની



જરૂર પડશે.' ડિલિવરી બોય તમામ વાહનો વચ્ચે ટ્રાફિક સિગ્નલની રાહ જોતો જોવા મળે છે. પરંતુ સમય બગાડ્યા વિના તે બાઈકના હેન્ડલ પર મૂકેલા તેના મોબાઈલ ફોન પર યુનિયન પબ્લિક સર્વિસ કમિશન સંબંધિત વીડિયો જોઈ રહ્યો છે.આ વીડિયો ૨૯ માર્ચે સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યો હતો. પોસ્ટ કર્યા પછી તેને હજારો વ્યુઝ, લાઈક્સ અને કોમેન્ટ્સ મળી છે.

# પાણી ગરમ કરવાની ઈલેક્ટ્રિક રોડથી બનાવી ચા

શિયાળામાં દરેક વ્યક્તિને સ્ટ્રોંગ ટી પીવી ગમે છે. લોકો દિવસમાં ઘણા કપ ચા પીવે છે. દુનિયાભરમાં ચા અલગ-અલગ રીતે બનાવવામાં આવે છે, પરંતુ ચા બનાવવાનો એક વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જે એકદમ રમૂજી છે. આ વીડિયોમાં અનોખી રીતે ચા બનાવવામાં આવી રહી છે, જેને જોઈને તમે પણ ચોંકી જશો. વીડિયો જોયા બાદ લોકો તેના પર ફની કોમેન્ટ કરી રહ્યા છે. આ વીડિયોને ઈન્સ્ટાગ્રામ પર **Mera_vidisha** નામના એકાઉન્ટથી શેર કરવામાં આવ્યો છે. આ વીડિયોમાં પાણી ગરમ કરવા માટે ઈલેક્ટ્રીક રોડની મદદથી ચા બનાવવામાં આવી રહી છે. વીડિયોના કેપ્શનમાં લખ્યું છે કે, 'આ ટ્રિક વિદિશાની બહાર ન જવી જોઈએ. વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે ચાની તપેલીમાં પાણી ગરમ કરવા માટે એક સળિયો લગાવવામાં આવ્યો છે. વાસણમાં ચાની પત્તી અને દૂધ છે, જે ઈલેક્ટ્રીક રોડ નાખવાને કારણે ઉકળી રહ્યું છે. અત્યાર સુધીમાં આ વાયરલ વીડિયોને



લગભગ ૪ લાખ લોકોએ જોયો છે અને ૯ હજારથી વધુ લોકોએ આ વીડિયોને લાઈક કર્યો છે. આ વીડિયો પર ઘણા લોકો ફની કોમેન્ટ કરી રહ્યા છે. એક યુઝરે કોમેન્ટ કરી કે, 'આપણા ભારતમાં કેટલા ટેલેન્ટેડ લોકો છે.' અન્ય યુઝરે લખ્યું, 'આ ટ્રીક ટ્રેનમાં વાપરવી સારી છે.' અન્ય એક યુઝરે લખ્યું, 'જો તમને વીજ કરંટ લાગશે તો વિદિશા છોડી દો, તમે દુનિયાથી દૂર થઈ જશો.' કોમેન્ટ કરતા ચોથા યુઝરે લખ્યું કે, 'અમે કોલેજ દરમિયાન આ રીતે મેગી બનાવતા હતા.

# સોનાની બોડી, ચાંદીની છત, હાથીના દાંતનું સ્ટીયરિંગ

**ભારતના રાજાઓ અને સમ્રાટોની માલિકીની તમામ મોટરોમાં સૌથી અદ્ભુત અલવરના મહારાજાની લંકાસ્ટર મોટર હતી**



આઝાદી સમયે ભારતમાં ૫૫૦થી વધારે દેશી રજવાડાઓ હતાં. બધાંની પાસે રાજા, મહારાજા, નવાબ અને નિઝામ હતાં. તેમના શોખ પણ અનોખા હતાં. હાથી, ઘોડા, પાલકી અને બગીથી મુસાફરી કરતા હતાં. ૧૮મી સદીનો અંતિમ દાયકો આવતા સુધીમાં મોટર ગાડીઓનું આગમન થયું. વર્ષ ૧૮૯૨માં પટિયાલાના મહારાજાએ ભારતમાં પહેલી મોટર મંગાવી, જે ફ્રાંસીસી મોટર ડિ ડિયાન બૂતો હતી. ઈતિહાસકારો ડોમિનિક લાપિયર અને લેરી કોલિન્સે તેમના પુસ્તક 'ફ્રીડમ એટ મિડનાઈટ'માં રાજાઓ અને સમ્રાટોની કાર વિશે વિગતવાર લખ્યું છે. તે લખે છે કે પટિયાલાના મહારાજાની કારનો નંબર '0' હતો. આ ભારતની પ્રથમ મોટર કાર હતી અને જ્યારે પણ મહારાજા તેની સાથે ક્યાંક જતા ત્યારે તેને અર્પણ કરવા લોકોની કતાર લાગી જતી. ભારતના રાજાઓ અને સમ્રાટોને રોલ્સ રોયસ સૌથી વધુ પસંદ હતી અને તેઓ વિદેશથી વિવિધ આકાર અને કદની કાર મંગાવતા હતા. કેટલાક રાજાની કારની છત બંધ હોય છે, જ્યારે અન્યમાં ખુલ્લી છત હોય છે. કેટલાકે સ્ટેશન વેગન અને ટ્રક પણ મંગાવ્યા. સૌથી અનોખી રોલ્સ રોયસ મોટર મહારાજા ભરતપુરની હતી. તે ખુલ્લી છતવાળી હતી. આ મોટરની બોડી ચાંદીની બનેલી હતી. એવું કહેવાય છે કે તે કારના સિલ્વર સ્ટ્રક્ચરમાંથી રહસ્યમય તરંગો નીકળી રહ્યા હતા. મહારાજા પોતાના સમુદાયના અન્ય રાજાઓ અને સમ્રાટોને લગ્ન પ્રસંગે તેમની ખાસ મોટર ઉધાર આપતા હતા. મહારાજા ભરતપુરને શિકાર માટે ખાસ તૈયાર કરેલી રોલ્સ રોયસ પણ મળી હતી. ડોમિનિક લેપિયર અને લેરી કોલિન્સ લખે છે કે જ્યારે યુવાન એ.ડી.સી. લોર્ડ લુઈસ માઉન્ટબેટન ભારત આવ્યા ત્યારે એક વખત ભરતપુરના મહારાજા તેમને એ જ મોટરકારમાં ચિતલનો શિકાર કરવા લઈ ગયા હતા. ભારતના ભાવિ વાઈસરોયે તે રાત્રે તેમની ડાયરીમાં લખ્યું હતું, "મોટર ખુલ્લા જંગલ વિસ્તારમાંથી આગળ વધી રહી હતી અને મોટા-મોટા પથ્થરો પર કૂદતી-ઉછળતી ચાલી રહી હતી, જેમ સમુદ્રી તોફાની લહેરો પર કોઈ નાવડી જઈ રહી હોય. ભારતના રાજાઓ અને સમ્રાટોની માલિકીની તમામ મોટરોમાં સૌથી અદ્ભુત અલવરના મહારાજાની લંકાસ્ટર મોટર હતી.

# સાપની આંખો પર ટોર્ચની રોશની પાડો તો ત્યાં ઉભો રહી જશે

સાપ વિશે તમે જાતજાતની વાતો સાંભળી હશે. પરંતુ આજે અમે તમને એક એવી જાણકારી આપીશું જે બહુ ઓછા લોકો જાણતા હશે. ગરમીની શરૂઆત થઈ ગઈ છે ત્યાં સાપની વાતો વધારે સાંભળવા મળશે. એવામાં અમે તમને એક સાપ વિશેની નવી જાણકારી આપીશું. આ વાત સાંભળીને તમે પણ બે મિનિટ માટે વિચારમાં પડી જશો. સાપ વિશે તમે અનેક વાર એવું સાંભળ્યુ હશે કે સાપને તમે છછેડતા નથી તો એ તમને કંઈ નહીં કરે. તો જાણો સાપ વિશેની એવી વાત જે તમે જાણીને વિચારમાં પડી જશો. આમ,



તમને જણાવી દઈએ કે યુપી, બિહાર, એમપી, રાજસ્થાન, ઝારખંડ અને પ્રશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં લોકોના ઘરમાં સાપ મળતા હોય છે. આ લોકો કોઈ રેસ્ક્યુ ટીમને બોલાવતા હોતા નથી. જો કે જ્યાં સુધી એ લોકો આવે છે ત્યાં સુધીમાં તો કોઈ કાંડ થઈ ગયો હોય. આ સમયે સાપમાંથી બચવા માટે લોકો અનેક પ્રયત્નો કરતા હોય છે. અલગ-અલગ રાજ્યોમાં સાપને લઈને અનેક ધાર્મિક માન્યતાઓ રહેલી હોય છે. જ્યારે ઘરમાં સાપ નીકળે છે ત્યારે કહેવાય છે કે નાગ-નાગિનની ગુફા હોય છે. સાપને મારો નહીં, લોકો સાપને કંઈ કરતા નથી અને અનેક રસ્તાઓ શોધી લેતા હોય છે, પરંતુ કેટલાક રાજ્યોમાં આવું હોતુ નથી. સાપનો ઈતિહાસ સમજશો તો તમને એ વાતની જાણ થશે કે દુનિયામાં સાપની અનેક પ્રજાતિઓ હોય છે. ભારતમાં સાપની લગભગ ૩૦૦ પ્રજાતિઓ મળી આવે છે. આ પ્રજાતિઓમાં લગભગ ૫૦ પ્રજાતની સાપ ખૂબ ઝેરી હોય છે. રાત્રે સાપ મળે કે દિવસે આનાથી બચવું ખૂબ જરૂરી છે. આમ, તમને જણાવી દઈએ કે સાપ ગમે તેટલો ઝેરી હોય અને તમે એની આંખો પર ટોર્ચની રોશની પાડો છો તો સાપ ત્યાં ઉભો રહી જશે. આ ટાઈમે તમને એટલો સમય મળી જશે કે તમે કોઈ બીજો રસ્તો શોધી લો. આ માટે યુપી બિહારમાં લોકો રાત્રે નીકળે ત્યારે ટોર્ચ લઈને જાય છે અને ઊંઘતી વખતે તકિયા પાસે રાખે છે જેથી કરીને સમયે એનો ઉપયોગ કરી શકે.

## ન્યૂઝ બ્રિફ

### ૯ એપ્રિલે કમલમ ઘેરવાની કરણી સેનાના રાજ શેખાવતની ચીમકી

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

પુરુષોત્તમ રૂપાલાને રાજકોટની બેઠક પરથી હટાવવા હવે ક્ષત્રિયો માટે વટનો સવાલ બની ગયો છે. વિવાદમાં આગ હવે ગુજરાતના ગામેગામ પહોંચી છે. ત્યારે હવે આ આગ ભાજપ કાર્યાલય કમલમ સુધી પહોંચવાની છે. કરણી સેનાના અધ્યક્ષ રાજ શેખાવતે કમલમના ઘેરાવની ચીમકી આપી છે. રાજ શેખાવતે ૯ એપ્રિલે ગાંધીનગરમાં કમલમને ઘેરવાની ચીમકી આપી છે. કરણી સેના ક્ષત્રિયો કેસરિયા ઝંડા સાથે કમલમનો ઘેરાવ કરશે. જય માતાજી, સર ફરોસી કી તમન્ના અબ હમારે દિલ મેં હૈં. સમય આવી ગયો છે સ્વાભિમાન માટે, માન સન્માન માટે ક્ષત્રિયોએ ઈતિહાસ રચ્યા છે. લોકતંત્રમા રાજકીય વ્યક્તિ જાણી જોઈને ટિપ્પણી આપણા સમાજ અને મહાપુરુષો અને માતૃશક્તિ માટે કહી રહ્યા છે.

### છોટાઉદેપુરમાંથી ફરી એક વાર બસમાં જોખમી સવારીના દ્રશ્યો સામે આવ્યા

। (એજન્સી) છોટાઉદેપુર, તા.૭ ।

રાજ્યમાં અવારનવાર જોખમી સવારીના વીડિયો વાયરલ થતા હોય છે. ત્યારે છોટાઉદેપુરમાંથી ફરી એક વાર બસમાં જોખમી સવારીના દ્રશ્યો સામે આવ્યા છે. મધ્યપ્રદેશ તરફ જતી બસમાં ક્ષમતા કરતા વધુ મુસાફરો બેસાડ્યા હોવાનું સામે આવ્યુ છે. બસ અંદર અને બહારથી ખીચોખીચ ભરી હોવાનું સામે આવ્યું છે.સ્લીપીંગ કોચમાં ઘેટા-બકરાની જેમ મુસાફરોને ભર્યા હતા. બસની છત પર પણ અઢળક સામાન અને મુસાફરોને બેસાડ્યાના દ્રશ્યો સામે આવ્યા છે. ગુજરાત બોર્ડરની ચેકપોસ્ટ પરથી આ બસ પસાર થઈ હોવાનું પણ સામે આવી રહ્યુ છે. જો જોખમી સવારી કરતા સમયે દુર્ઘટના થાય તો તેના જવાબદાર કોણ ? આવા દ્રશ્યો જોયા પછી અનેક પ્રશ્નો ઉદભવે છે.

### અમદાવાદ-મોરબી હાઇવે પર ટ્રક-કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

રાજ્યમાં અકસ્માતની ઘટનાઓ દિવસે દિવસે વધી રહી છે. ત્યારે વધુ એક અકસ્માતની ઘટના સામે આવી છે. અમદાવાદ-મોરબી હાઈવે પર ટ્રક અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માતની ઘટના બની છે. આ અકસ્માતમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે. જ્યારે અન્ય ત્રણ મહિલા સહિત ૪ વ્યક્તિને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ધ્રાંગધ્રા પાસે હાઈવે પર વસાડવા ચોકડી પાસે અકસ્માતની ઘટના બની હતી. અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી હતી. આ અકસ્માતની ઘટનામાં તુલસીભાઈ વાઘેલા, ઉમર વર્ષ ૫૦નું મોત નિપજ્યું હતું. ચાર વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થતા પ્રથમ ધાંગધ્રા અને ત્યારબાદ વધુ સારવાર માટે સુરેન્દ્રનગર રીફર કરવામાં આવ્યા હતા.

### યુવાનોને તેમની જ રસપ્રદ શૈલીમાં મતદાન પર્વમાં સહભાગી થવા પ્રેરિત કરાયા

# અમદાવાદમાં લો ગાર્ડનની હેપી સ્ટ્રીટ ખાતે યુવાનોએ લીધા અચૂક મતદાનના શપથ

### રંગોળીથી લઈને રંગારંગ કાર્યક્રમ થકી યુવાનો અને નાગરિકોમાં મતદાન માટે જુસ્સો જગાડવાનો પ્રયાસ



। અમદાવાદ, તા.૭ ।

યુવાનોમાં મતદાન અંગે જાગૃતિ લાવવા તથા પ્રથમ વાર મતદાન કરનાર યુવા મતદારો અચૂક મતદાન માટે પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશથી અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સ્વીપ એક્ટિવિટી અંતર્ગત અનેક જગ્યાએ 'મતદાન જાગૃતિ' અંગેના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ અભિયાન અંતર્ગત અમદાવાદ શહેરના હાર્દસમા વિસ્તાર લો ગાર્ડન પાસેની હેપી સ્ટ્રીટ ખાતે 'મતદાન જાગૃતિ' અભિયાન અંતર્ગત વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

રવિવારે સવારના સમયે હેપી સ્ટ્રીટ ખાતે ખૂબ મોટી સંખ્યામાં યુવાઓ એકઠા થતા હોય છે અને અવનવી પ્રવૃત્તિઓમાં ભાગ લેતા હોય છે ત્યારે અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા યુવાઓને મતદાન પર્વમાં સહભાગી થવા પ્રેરિત કરવા અનોખા કાર્યક્રમનું આયોજન કરાયું હતું. યુવાનોને તેમની જ રસપ્રદ શૈલીમાં દેશહિત માટે મતદાનના મહત્ત્વ વિશેની સમજ આપી હતી. આ પ્રસંગે ફર્સ્ટ ટાઈમ વોટ કરનારા યુવાનોએ અચૂક મતદાનના શપથ લીધા હતા. વધુમાં આ યુવાનો દ્વારા સિગ્નેચર કેમ્પેઈન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં યુવાનોએ મતદાન





જાગૃતિ અંગેના વિવિધ બેનરો અને પોસ્ટર્સ જેવા કે, 'દસ મિનિટ દેશ માટે', 'વોટ ફોર સ્યોર', 'ચુનાવ કા પર્વ, દેશ કા ગર્વ' જેવાં વિવિધ સૂત્રો દ્વારા લોકોને માહિતગાર કર્યા હતા.

આ પ્રસંગે યુવાનોએ રોડ પર 'મતદાન જાગૃતિ'નો સંદેશ આપતી વિવિધ સુંદર રંગોળી કંડારી હતી, જે આકર્ષણનું કેન્દ્ર બની હતી. યુવાનોએ સંગીતના તાલ પર નૃત્ય પણ કર્યું હતું. જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આ પ્રકારના અવનવા કાર્યક્રમો થકી યુવાઓને લોકશાહીના મહાપર્વના સહભાગી થવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. આગામી દિવસોમાં શહેરના અનેક આઈકોનિક સ્થળ ખાતે 'મતદાન જાગૃતિ'ના કાર્યક્રમોનું આયોજન કરી યુવાઓને લોકશાહીના મહાપર્વના સહભાગી થવા પ્રોત્સાહિત કરવામાં આવશે, એવું સ્વીપ એક્ટિવિટીના નોડલ અધિકારી શ્રી યોગેશ પારેખ દ્વારા જણાવવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ શહેર તથા જિલ્લામાં મહત્તમ લોકો મતદાન કરે તે દિશામાં અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર સતત કાર્યરત છે.

### ચૈત્ર મહિનાની પરિક્રમા એટલે નાની પરિક્રમા

# નર્મદાની ઉત્તરવાહીની પરિક્રમા સોમવારથી શરૂ

### નર્મદાની ઉત્તરવાહીની પરિક્રમા તા.૮મી એપ્રિલ, સોમવારથી શરૂ થઈ ૮મી મે, ૨૦૨૪ સુધી ચાલશે

। (એજન્સી) નર્મદા, તા.૭ ।

ચૈત્ર નવરાત્રિ શરૂ થતી હોઈ ગુજરાતની પવિત્ર નદી મા નર્મદાની ફરી એકવાર પરિક્રમા કરવાનો સમય આવી ગયો છે. આ માટે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસબોર્ડ દ્વારા સરસ સુવિધા ઉપલબ્ધ કરાઈ છે. માં નર્મદા પરિક્રમાનો રૂટ યથાવત રહેશે, આ પરિક્રમા ૮મી એપ્રિલથી ૮મી મે, ૨૦૨૪ સુધી એક મહિનો ચાલશે. પરિક્રમાવાસીઓ શાંતિપૂર્ણ માહોલમાં પરિક્રમા પ્રારંભ કરે અને પૂર્ણ કરે તેવી અપીલ કરાઈ છે. આ માટે નર્મદા પરિક્રમા સંદર્ભે જિલ્લા કલેક્ટર શ્વેતા તેવતિયાની અધ્યક્ષતામાં સંયુક્ત વહીવટી તંત્ર ટીમ દ્વારા રામપુરા-શહેરાવ-રેંગણઘાટ પર કામગીરીનું નિરિક્ષણ કરી જરૂરી સૂચનો કર્યા હતા. નાવડી સંચાલન, પાર્કિંગ, આરોગ્ય, સલામતી અને પરિક્રમાવાસીઓને છાંયડો, પીવાના પાણીની વ્યવસ્થા તેમજ બેબી ફિડીંગ રૂમ, કન્ટ્રોલરૂમ અને પગપાળા પરિક્રમાવાસીઓને ચાલવાના રૂટનું રૂબરુ નિરિક્ષણ કર્યું હતુ. માં નર્મદાની ઉત્તરવાહીની પરિક્રમા તા.૮મી એપ્રિલ, સોમવારથી શરૂ થઈ ૮મી મે, ૨૦૨૪ સુધી ચાલશે. પરિક્રમા અર્થે આવતા શ્રદ્ધાળુઓને કોઈ મુશ્કેલી ન પડે તેને ધ્યાનમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પુરતી કાળજી સાથે વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. નર્મદા પરિક્રમાનો રૂટ પણ યથાવત રહેશે. પરિક્રમા શરૂ થવાના પૂર્વે જિલ્લા કલેક્ટર શ્વેતા તેવતિયા દ્વારા શનિવારે સાંજે સ્થળ પર જઈ રામપુરા ઘાટ અને શહેરાવ ઘાટ ખાતે નાવડીઓની કરાયેલી સુવિધાઓ, શ્રદ્ધાળુઓ માટે વિસામો, પરિક્રમા પથ સહિત સુરક્ષા વ્યવસ્થા અંગેની ઝીણવટભરી સમીક્ષા કરી હતી. તેમજ નાવડી સંચાલકો અને શ્રદ્ધાળુઓ માટે સુવિધાની કામગીરી કરી રહેલી એજન્સીના પ્રતિનિધિઓ સાથે જરૂરી ચર્ચા કરી કેટલાંક સૂચનો કર્યા હતા.

નર્મદા જિલ્લા કલેક્ટર શ્વેતા તેવતિયાએ પરિક્રમા અર્થે આવતા ભાવિક ભક્તોને અપીલ કરતા જણાવ્યું હતું કે, આ પરિક્રમા ૮મી એપ્રિલથી શરૂ થવાની છે ત્યારે અહીં આવતા શ્રદ્ધાળુઓ શાંતિપૂર્ણમાહોલમાંપરિક્રમાશરૂ કરે અને શાંતિપૂર્ણ માહોલમાં પરિક્રમા પૂર્ણ કરીને જાય. વહીવટી તંત્ર દ્વારા પુરતી માત્રામાં નાવડીઓની સુવિધા કરવામાં આવી છે. શ્રદ્ધાળુઓ માટે નાવડી સંચાલન, પાર્કિંગ, આરોગ્ય, સલામતી, છાંયડો, પીવાના પાણીની વ્યવસ્થા તેમજ બેબી ફિડીંગ રૂમ, કન્ટ્રોલરૂમ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ભાવિકો પણ વહીવટી તંત્રને પુરતો સહયોગ આપશે તેમ પણ જણાવ્યું હતું. સમગ્ર વિશ્વમાં નર્મદા નદી એવી છે કે જેની પરિક્રમા કરવામાં આવે છે. કહેવાય છે કે ગંગા સ્નાને, યમુના પાને અને નર્મદા દર્શન માત્રથી પવિત્ર કરે છે. ત્યારે જ્યાંથી માં નર્મદા ઉત્તરવાહિની થાય છે, એટલે કે નાંદોદ તાલુકાના રામપુરા કીડીમકોડી ઘાટની ચૈત્ર માસની એકમથી ચૈત્ર માસની અમાસ સુધી એટલે કે ૩૦ દિવસ આ પરિક્રમા કરવામાં આવે છે. જેને નર્મદા નદીની નાની પરિક્રમા કહેવામાં આવે છે. આ પરિક્રમાની શરૂઆત ૮ એપ્રિલથી થશે. મોટી સંખ્યામાં લોકો મા રેવાની પરિક્રમા માટે નીકળી પડે છે.

### નમાઝ પઢવાના મામલે ગયા મહિને ધમાલ થઈ હતી

# ગુજરાત યુનિવર્સિટીમાં ૭ અફઘાન સ્ટુડન્ટને હોસ્ટેલ ખાલી કરવા હુકમ

### આ વિદ્યાર્થીઓનું ભણતર પૂરું થઈ ગયું હતું તેથી નિયમો પ્રમાણે તેમણે હોસ્ટેલમાં રહેવાની જરૂર નથી : મેનેજમેન્ટ

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

ગુજરાત યુનિવર્સિટીમાં ગયા મહિને ધમાલ મચી ગઈ હતી જેમાં નમાઝ પઢી રહેલા વિદેશી સ્ટુડન્ટ્સ પર કેટલાક લોકોએ હુમલો કર્યો હતો. આ વિવાદ પછી યુનિવર્સિટીના મેનેજમેન્ટે ૭ અફઘાન સ્ટુડન્ટને યુનિવર્સિટીની હોસ્ટેલ ખાલી કરવા આદેશ આપ્યો છે. આ સ્ટુડન્ટનું ભણતર પૂરું થઈ ગયું હતું છતાં તેમણે હોસ્ટેલ ખાલી નહોતી કરી તેથી તેમને હોસ્ટેલ છોડવા જણાવાયું છે તેવું કારણ અપાય છે.

હવે યુનિવર્સિટીની ઓથોરિટીએ ૭ અફઘાન સ્ટુડન્ટને હોસ્ટેલ છોડી જવા કહ્યું છે જેમાંથી પાંચ સ્ટુડન્ટે આ સૂચના માની પણ લીધી છે. હોસ્ટેલમાં ખુલ્લામાં નમાઝ પઢવાના કારણે ગયા મહિને એક ટક્કર થઈ હતી જેની વિશ્વ સ્તરે નોંધ લેવાઈ હતી અને વિદેશ મંત્રાલયે પણ આ મામલે હસ્તક્ષેપ કરવો પડ્યો હતો. યુનિવર્સિટીએ કહ્યું છે કે જેમનો અભ્યાસ પૂરો થઈ ગયો હતો તેમને હોસ્ટેલ ખાલી કરવા જણાવાયું છે. અધિકારીઓએ કહ્યું કે તેમણે સ્ટુડન્ટ્સને સત્તાવાર નોટિસ



આપી છે અને પાંચ સ્ટુડન્ટે તેનો અમલ પણ કરી દીધો છે.

ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલમાં વિદેશી વિદ્યાર્થીઓ જ્યાં રહે છે તે બ્લોકમાં ગયા મહિને અથડામણ થઈ હતી. જાહેરમાં નમાઝ પઢવાના મામલે સ્થાનિક સંગઠનો અને વિદ્યાર્થીઓ વચ્ચે મારામારી થઈ હતી. તેના કારણે અફઘાન કોન્સ્યુલેટના એક ડેલિગેશને પણ યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી.

ગુજરાત યુનિવર્સિટીના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે આ વિદ્યાર્થીઓએ પોતાનો અભ્યાસ પૂરો કરી દીધો છે, અથવા માત્ર ઔપચારિકતા બાકી છે. તેમણે માત્ર ટ્રાન્સક્રીપ્ટ અથવા સર્ટિફિકેટ લેવાના બાકી છે. તેના માટે યુનિવર્સિટીના કેમ્પસમાં રહેવાની કોઈ જરૂર નથી.

### પીજી સિવાયના લોકો કરે છે એન્ટ્રી

# અમદાવાદના આનંદનગર વિસ્તારમાં PGને લઈ વિવાદ

### અમદાવાદની એક સોસાયટીના ૧૭૪ ફ્લેટ્સમાંથી 74 PG, રહીશોએ નવો નિયમ બનાવતા થઈ બબાલ

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

અમદાવાદમાં પીજી એકવાર ફરી ચર્ચામા આવ્યા છે. શહેરના આનંદનગર વિસ્તારમાં PG ને લઈ વિવાદ ઉઠ્યો છે. એલીગન્સ સોસાયટીમાં PGને લઈ અન્ય લોકોની અવરજવરને કારણે સોસાયટીના રહીશોની નારાજગી સામે આવી છે. આ અંગે સોસાયટીના લોકોએ ત્રણ મહિનાના પાસ ઈશ્યુ રવાનો નિર્ણય કર્યો છે. જેમાં માત્ર PGમાં રહેતા લોકોને પ્રવેશ મળે તે માટે પાસ ઈશ્યુનો નિર્ણય લેવાયો છે. જો કે સોસાયટીના નિર્ણય સામે PG માં રહેતા છોકરા છોકરીઓ દ્વારા વિરોધ કરાયો છે.

આનંદ નગર વિસ્તારની નીલકંઠ એલીગન્સ સોસાયટીમાં વિવાદ સામે આવ્યો છે. રહીશોએ PG માં રહેતા યુવક યુવતીઓ સામે પોલીસ ફરિયાદ કરી છે. રહીશોનું કહેવું છે કે PG માં રહેતા યુવક યુવતીઓ અછાજતું વર્તન જાહેરમાં કરે છે. સાથે જ તેઓ દારૂનું પણ સેવન કરે છે. રાતના સમયે સોસાયટીમાં પ્રવેશ લેનારાઓની સંખ્યા ૭૦૦-૮૦૦ સુધી પહોંચી જાય છે. PG ના રહીશો સિવાય પણ અન્ય લોકોની અવરજવરને કારણે રહીશોમાં નારાજગી જોવા મળી. અગાઉ સોસાયટીના લોકોએ ત્રણ મહિના માટે પાસ ઈશ્યુ કરવાનો નિર્ણય લીધો છે. જેમાં માત્ર PG માં રહેતા લોકોને જ પ્રવેશ મળે તેવુ રહીશોનું કહેવું છે. તો બીજી તરફ, PG માં રહેતા મોટાભાગના યુવક યુવતીઓએ પાસ લેવાની ના પાડી છે.

રહીશોનું કહેવું છે કે નીલકંઠ એલીગન્સમાં ૧૭૪ ફ્લેટ્સમાંથી ૭૪ માં PG ચાલે છે. અહીં લોકો ગેરકાયદે પેટાભાડુઆત રાખ્યા છે. એક વ્યક્તિએ ૨૫ ફ્લેટ્સ PG માટે આપ્યા છે. PG માં રહેવા માટે આપવા પડતા ડોક્યુમેન્ટ્સ પણ જમા કરાવ્યા નથી. આ સિવાય સોસાયટીનું મેઈન્ટેન્સન પણ સમયે ચૂકવામાં આવતું નથી.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨